અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૫, બુધવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, મહા સુદ ૧૫ | અંક : ૨૨૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

દિલ્હીની આર્થિક સ્થિતિ વિરુદ્ધ બીજેપીના વચનો | યમુનાની સફાઈ, કચરાના પહાડો અને મફતના ઢગલા દિલ્હીમાં સત્તા મેળવવા જઈ રહેલી ભાજપ સામે ૧૦ સૌથી મુશ્કેલ પડકારો

# દિલ્હીમાં સત્તા મેળવવા જઈ રહેલી ભાજપ સામે ૧૦ સૌથી મુશ્કેલ પડકારો

| (એજન્સી) નવીદિલ્હી, તા.૧૧ |

દિલ્હીમાં ઐતિહાસિક જીત બાદ, ભાજપ સામે સૌથી મોટો પડકાર રાજ્યની આર્થિક સ્થિતિને સંતુલિત કરવાની સાથે તેના વિશાળ ચૂંટણી વચનો પૂરા કરવાનો છે. ભાજપે દિલ્હીની ચૂંટણી આમ આદમી પાર્ટી અને અરવિંદ કેજરીવાલના યમુનાની સફાઈ, રસ્તાનું પાણી, કચરાના પહાડો અને સ્વચ્છતાના મુદ્દે અધૂરા વચનો પર લડી હતી. દિલ્હીની ચૂંટણી માટેના તેના ઢંઢેરામાં, ભગવા પાર્ટીએ કેજરીવાલના અધૂરા વચનો જનતાને પૂરા કરવાનું વચન આપ્યું હતું અને AAP કરતા આગળ કેટલીક મફતની જાહેરાત પણ કરી હતી. હવે જ્યારે દિલ્હીની જનતાએ ભાજપનો ૨૭ વર્ષનો વનવાસ ખતમ કરી દીધો છે, ત્યારે પાર્ટીની સામે તેના ઢંઢેરામાં આપેલા વચનો પૂરા કરવાનો પડકાર છે.

## દિલ્હી માટે બીજેપીના ૧૦ મોટા ચૂંટણી વચનો

૧. ત્રણ વર્ષમાં યમુનાની સફાઈ અને રિવરફ્રન્ટનું નિર્માણ.
૨. ત્રણ વર્ષમાં કચરાનો પહાડ ઓછો કરવો.
૩. ગરીબ પરિવારની દરેક મહિલાને ૫૦૦ રૂપિયામાં એલપીજી સિલિન્ડર, હોળી-દિવાળી પર એક-એક ગેસ સિલિન્ડર મફત.
૪. દરેક ગરીબ મહિલાને દર મહિને ૨૫૦૦ રૂપિયાની આર્થિક સહાય.
૫. દરેક સગર્ભા સ્ત્રીને ૨૧૦૦૦ રૂપિયાની નાણાકીય સહાય અને ૬ પોષણ કીટ.
૬. પ્રથમ કેબિનેટમાં આયુષ્માન ભારત યોજના લાગુ કરવામાં આવશે, ૧૦ લાખ રૂપિયા સુધીની મફત સારવારની સુવિધા મળશે.
૭. વરિષ્ઠ નાગરિકોનું અટકેલું પેન્શન શરૂ થશે. ૬૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને દર મહિને ૨૫૦૦ રૂપિયા અને ૭૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને ૩૦૦૦ રૂપિયા પ્રતિ માસ મળશે.
૮. કલ્યાણકારી યોજનાઓ જેમ કે ૨૦૦ યુનિટ સુધીની મફત વીજળી, ૨૦ હજાર લિટર મફત પાણી, મહિલાઓ માટે મફત બસ મુસાફરી ચાલુ રહેશે. આ યોજનાઓને વધુ અસરકારક અને ભ્રષ્ટાચાર મુક્ત બનાવવામાં આવશે.
૯. દિલ્હીને પ્રદૂષણ મુક્ત બનાવવા માટે ૧૩૦૦૦ નવી ઇલેક્ટ્રિક બસો ઉપલબ્ધ થશે. દિલ્હીને ૧૦૦% ઈ-બસ શહેર બનાવશે. અમે ૨૦ હજાર કરોડ રૂપિયા ખર્ચીને છેલ્લા માઈલની કનેક્ટિવિટી સુનિશ્ચિત કરીશું.
૧૦. ઓટો-ટેક્સી ડ્રાઇવરો, ઇ-રિક્ષા ડ્રાઇવરો, ઘરેલું સહાયક અને ગીગ કામદારો માટે રૂ. ૧૦ લાખ સુધીનું જીવન વીમા અને રૂ. ૫ લાખ સુધીનું અકસ્માત વીમા કવરેજ પ્રદાન કરશે.

ભાજપના મુખ્ય વચનોમાં ગરીબ મહિલાઓ અને વરિષ્ઠ નાગરિકો માટે દર મહિને રૂ. ૨,૫૦૦ની નાણાકીય સહાય (૭૦ વર્ષથી ઉપરના લોકો માટે રૂ. ૩,૦૦૦ સુધી), તમામ સગર્ભા સ્ત્રીઓ માટે રૂ. ૨૧,૦૦૦ અને ગરીબ પરિવારમાંથી આવતા વિદ્યાર્થીઓ માટે કિન્ડરગાર્ટનથી પોસ્ટ ગ્રેજ્યુએશન સુધી મફત શિક્ષણનો સમાવેશ થાય છે. આ વચનો પૂરા કરવા માટે જરૂરી બજેટ અને દિલ્હીની આર્થિક સ્થિતિ વચ્ચે મોટો વિરોધાભાસ છે. જો કે ભાજપ માટે રાહતની વાત છે કે કેન્દ્રમાં પણ તેની સરકાર છે. તેથી, તેમણે દિલ્હીમાં તેમના વચનો પૂરા કરવા માટે નાણાકીય તંગીનો સામનો કરવો ન પડે. તેમ છતાં, કેટલાક વચનો એવા છે જે બજેટ ઉપલબ્ધ હોવા છતાં પૂરા કરવા એટલા સરળ નથી. દિલ્હી સરકારના ડેટા અનુસાર, ૨૦૨૪-૨૫ માટે રાજ્યની અંદાજિત કર આવક રૂ. ૫૮,૭૫૦ કરોડ છે, જ્યારે કુલ બજેટ રૂ. ૭૬,૦૦૦ કરોડ છે. દિલ્હીનું શિક્ષણ બજેટ રૂ. ૧૬,૩૯૬ કરોડ (કુલ બજેટના ૨૨%) છે, ત્યારબાદ આવાસ, શહેરી વિકાસ, આરોગ્ય સંભાળ, પરિવહન અને સામાજિક કલ્યાણ કાર્યક્રમો અને યોજનાઓ પર ખર્ચ થાય છે. દિલ્હીના નાણા વિભાગે પહેલેથી જ સંભવિત ખાધ અંગે ચિંતા વ્યક્ત કરી છે, જેમાં પગાર, પેન્શન અને વહીવટી કાર્ય માટે બજેટના બે તૃતીયાંશ કરતાં વધુ ફાળવવામાં આવ્યા છે. આ નાણાકીય વર્ષના અંત સુધીમાં દિલ્હી સરકારને કરવેરા અને અન્ય સ્રોતોમાંથી મળેલી આવક રૂ. ૬૪,૧૪૨ કરોડથી ઘટીને રૂ. ૬૨,૪૧૫ કરોડ થવાનો અંદાજ છે. જો આપણે ભાજપના ચૂંટણી વચનો પર નજર કરીએ તો, મહિલાઓને દર મહિને રૂ. ૨,૫૦૦ ની નાણાકીય સહાયની યોજના પર લગભગ ૧૧,૦૦૦ કરોડ રૂપિયા વાર્ષિક ખર્ચ થવાની ધારણા છે. અંદાજ મુજબ, દિલ્હીમાં લગભગ ૨૪.૪ લાખ વરિષ્ઠ નાગરિકો છે. તેમને દર મહિને રૂ. ૨૫૦૦ (૭૦ વર્ષથી વધુ વયના લોકો માટે રૂ. ૩૦૦૦ પ્રતિ માસ) પેન્શન આપવા માટે વાર્ષિક રૂ. ૪,૧૦૦ કરોડની વધારાની જરૂર પડશે.

એ જ રીતે, છેલ્લા કેટલાક વર્ષોમાં એકલા યમુનાની સફાઈમાં લગભગ રૂ. ૮,૦૦૦ કરોડનો ખર્ચ થયો છે અને તેમ છતાં આ નદી દિલ્હીમાં ગટર બનીને રહી ગઈ છે. દિલ્હીની સરકારી હોસ્પિટલોને અપગ્રેડ કરવા માટે અંદાજિત રૂ. ૧૦,૨૦૦ કરોડની જરૂર છે. દિલ્હી મેટ્રોના વિસ્તરણ હેઠળ ત્રીજા તબક્કાને પૂર્ણ કરવા અને ચોથા તબક્કાના વિકાસ માટે રૂ. ૨,૭૦૦ કરોડની જરૂર પડશે. દિલ્હીની આર્થિક સ્થિતિ અને બજેટના કદને ધ્યાનમાં રાખીને ભાજપની રાજ્ય સરકારે ઉપરોક્ત કામો માટે કેન્દ્ર સરકાર પાસેથી નાણાકીય સહાય લેવી પડશે. દિલ્હી બીજેપી ચીફ વીરેન્દ્ર સચદેવા પહેલા જ કહી ચુક્યા છે કે કેન્દ્ર સરકાર આર્થિક મદદ આપવા માટે તૈયાર છે. એક અખબાર સાથે વાત કરતા વીરેન્દ્ર સચદેવાએ કહ્યું, 'કેન્દ્રએ અગાઉ દિલ્હી સરકારને આયુષ્માન ભારત યોજના જેવી પહેલો લાગુ કરવા માટે નાણાકીય મદદની ઓફર કરી હતી, પરંતુ AAPએ દિલ્હીના લોકોને આ લાભ આપવાનો ઈનકાર કર્યો હતો. હવે જ્યારે ભાજપ જીતી ગયું છે, અમે અમારા વચનો પૂરા કરવા, લિકેજ પ્લગ કરવા અને ભ્રષ્ટાચારનો અંત લાવવા માટે ભંડોળની વ્યવસ્થા કરીશું.

અયોધ્યા-કાશીમાં શાળાઓ બંધ

## UPના ૧૭ જિલ્લામાં કડક દિશા-નિર્દેશઃ મહાકુંભમાં ક્રાઉડ મેનેજમેન્ટનો નવો પ્લાન

**લોકોને જામની સમસ્યામાંથી રાહત મળી શકે. તેમજ અયોધ્યા-કાશીમાં ૧૧ થી ૧૪ ફેબ્રુઆરી સુધી શાળાઓ બંધ રાખવાની સૂચના આપવામાં આવી છે**

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ |

પ્રયાગરાજમાં ચાલી રહેલા મહાકુંભમાં લોકો મહાજામનો સામનો કરી રહ્યા છે. કાશી અને અયોધ્યા તરફ જતા માર્ગો પર કેટલાક કિલોમીટર સુધી મહત્તમ ટ્રાફિક જામ છે. જામને જોતા સીએમ યોગી આદિત્યનાથે સોમવારે મોડી રાત્રે અધિકારીઓની બેઠક યોજી હતી. યુપીના ૨૮ પીસીએસ અધિકારીઓને તાત્કાલિક અસરથી મહાકુંભની વિશેષ ફરજ પર પ્રયાગરાજ મોકલવામાં આવ્યા છે, જેથી લોકોને જામની સમસ્યામાંથી રાહત મળી શકે. તેમજ અયોધ્યા-કાશીમાં ૧૧ થી ૧૪ ફેબ્રુઆરી સુધી શાળાઓ બંધ રાખવાની સૂચના આપવામાં આવી છે.

મહાકુંભમાં પાંચમુ માઘી પૂર્ણિમા સ્નાન (માઘ પૂર્ણિમા સ્નાન) ૧૨ ફેબ્રુઆરીએ થશે. આવી સ્થિતિમાં સીએમ યોગી આદિત્યનાથે ટ્રાફિક અને ભીડ વ્યવસ્થાપન યોજના લાગુ કરવા સૂચના આપી છે. છેલ્લા ત્રણ દિવસથી માર્ગો પર ભારે ટ્રાફિક જામ છે. લોકો કલાકો સુધી રસ્તા પર ફસાયેલા રહે છે. આમ છતાં મહાકુંભ નગરમાં લોકોના પહોંચવાની પ્રક્રિયા ચાલુ જ છે. મહાકુંભમાં દરરોજ સરેરાશ ૧.૪૪ કરોડ લોકો સ્નાન કરે છે. સીએમ યોગી આદિત્યનાથે ભારે ભીડને લઈને મોટી બેઠક યોજી છે. આ બેઠકમાં મહાકુંભમાં શ્રદ્ધાળુઓની સુરક્ષા અને વ્યવસ્થા અંગે ચર્ચા કરવામાં આવી હતી. સીએમ યોગીએ અધિકારીઓને સૂચના આપી છે કે મહાકુંભ દરમિયાન શ્રદ્ધાળુઓને કોઈ અસુવિધા ન થવી જોઈએ. ભક્તોની સુરક્ષા અને વ્યવસ્થાને લઈને કોઈ બેદરકારી ન રાખવી. યુપીના ૨૮ પીસીએસ અધિકારીઓને તાત્કાલિક અસરથી મહાકુંભ માટે વિશેષ ફરજ પર પ્રયાગરાજ મોકલવામાં આવ્યા છે. સોમવારે મોડી રાત્રે, મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વરિષ્ઠ સરકારી સ્તરના અધિકારીઓની હાજરીમાં, પ્રયાગરાજ, કૌશામ્બી, કાનપુર, સુલતાનપુર, અમેઠી, વારાણસી, અયોધ્યા, મિર્ઝાપુર, જૌનપુર, ચિત્રકૂટ, બાંદા, પ્રતાપગઢ, ભદોહી, રાયબરેલી, ગોરખપુર, મહોબા અને લખનઉ વગેરે જેવા જિલ્લાઓ, ઝોન અને રેન્જોમાં તૈનાત વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને વિભાગીય કમિશનરો સાથે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા એક ખાસ બેઠક યોજવામાં આવી હતી અને મહાકુંભની વ્યવસ્થાઓની સમીક્ષા કરી હતી અને જરૂરી દિશાનિર્દેશો આપ્યા હતા. એક સત્તાવાર નિવેદન અનુસાર, પ્રયાગરાજ સ્ટેશનની બહાર ભારે ભીડને કારણે સ્ટેશનની બહાર આવતા શ્રદ્ધાળુઓને થઈ રહેલી અસુવિધાને કારણે, ઉત્તર રેલવે લખનઉ ડિવિઝનના પ્રયાગરાજ સંગમ સ્ટેશનને ૯મી ફેબ્રુઆરીના રોજ બપોરે ૧:૩૦ વાગ્યાથી ૧૪મી ફેબ્રુઆરીના રોજ સવારે ૧૨:૦૦ વાગ્યા સુધી મુસાફરોની અવરજવર માટે અસ્થાયી રૂપે બંધ કરી દેવામાં આવ્યું છે. જો કે, મહાકુંભ વિસ્તારમાં આવતા અન્ય ૮ સ્ટેશનો પરથી નિયમિત અને વિશેષ ટ્રેનો સામાન્ય રીતે ચાલે છે.

ન્યૂઝ બ્રિફ

### ભારતથી ૧૫ વર્ષ આગળ નીકળી જશે પાકિસ્તાન

| પાકિસ્તાન, તા.૧૧ |

પાકિસ્તાની એરફોર્સ ચીન પાસેથી ૪૦ અત્યાધુનિક J-35A ફાઈટર એરક્રાફ્ટ ખરીદી શકે છે. આ ફાઈટર એરક્રાફ્ટથી પાકિસ્તાની એરફોર્સની તાકાતમાં ખૂબ જ વધારો થઈ જશે અને તેનાથી ક્ષેત્રીય શક્તિ સંતુલન બગડી શકે છે. પાકિસ્તાનના નિવૃત્ત એર કોમોડોર જીયા ઉલ હક શમશીનું કહેવું છે કે, 'પાંચમી પેઢીના J-35 એરક્રાફ્ટ પાકિસ્તાની એરફોર્સની તાકાતમાં ઘણો વધારો કરશે. ભવિષ્યમાં લગભગ ૧૫ વર્ષ સુધી ભારતીય એરફોર્સ પાસે આવું એક પણ એરક્રાફ્ટ હશે નહી.' ડિફેન્સ સિક્યુરીટી એશિયાની રીપોર્ટ અનુસાર, પાકિસ્તાનને ચીનના આ ખતરનાક એરક્રાફ્ટ મળી જવાથી દક્ષિણ એશિયા ક્ષેત્રમાં શક્તિ સંતુલન બદલી શકે છે. પાકિસ્તાની એરફોર્સે ગત વર્ષે J-35A સ્ટીલ્થ ફાઈટર એરક્રાફ્ટ ખરીદવાના સંકેત આપ્યા હતા. ચીનના શેનયાંગ એરક્રાફ્ટ કોર્પોરેશને આ અત્યાધુનિક જેટને બનાવ્યું છે.

### ભાજપમાંથી બળવો કરીને ચૂંટણી લડનારા ૭ કાર્યકરો સસ્પેન્ડ

| જામનગર, તા.૧૧ |

જામનગર જિલ્લાની ધ્રોલ, જામજોધપુર અને કાલાવડ નગરપાલિકાની ચૂંટણીઓમાં ભાજપની સામે ઉમેદવારી કરનાર પક્ષના ૭ કાર્યકરો વિરૂદ્ધ જિલ્લા ભાજપ દ્વારા આકરા પગલાં લેવામાં આવ્યા છે. આ તમામને છ વર્ષ માટે પાર્ટીના પ્રાથમિક સભ્યેથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આગામી યોજાનારી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં જામનગર જિલ્લામાં જામ જોધપુર, કાલાવડ અને ધ્રોલ નગર પાલિકાઓની સામાન્ય ચૂંટણી યોજાવાની છે.

પાકિસ્તાન સાથે વાતચીત મુશ્કેલ

## મોદી સરકારના સમર્થનમાં આવ્યા દિગ્ગજ કોંગ્રેસી નેતા

**પાકિસ્તાન સાથે હવે કોઈપણ અવરોધ વિના વાતચીત શક્ય નથી તેમણે કહ્યું કે ૨૬/૧૧ના મુંબઈ હુમલા જેવા ઘા ભૂલી શકાય તેમ નથી**

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ |

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને તિરુવનંતપુરમના સાંસદ શશિ થરૂરે કહ્યું છે કે પાકિસ્તાન સાથે હવે કોઈપણ અવરોધ વિના વાતચીત શક્ય નથી. તેમણે કહ્યું કે ૨૬/૧૧ના મુંબઈ હુમલા જેવા ઘા ભૂલી શકાય તેમ નથી. હવે એવું કામ કરવું ખૂબ જ મુશ્કેલ છે જાણે કશું જ થયું નથી. સરકારે પાકિસ્તાન સાથે વાત કરવાનો નિર્ણય લીધો હતો ત્યારે પણ મુંબઈમાં આતંકવાદી હુમલો થયો હતો. આવી સ્થિતિમાં વિદેશ મંત્રી એસ જયશંકરે સાચું કહ્યું હતું કે પાકિસ્તાન સાથે હવે સામાન્ય રીતે વાતચીત થઈ શકે નહીં. શશિ થરૂરે એમ પણ કહ્યું કે પાકિસ્તાનના લોકો સાથે લોકો વચ્ચેનો સંપર્ક વધારવો જોઈએ. પાકિસ્તાનીઓને વધુમાં વધુ વિઝા આપવા જોઈએ. થરૂરે કહ્યું કે જે પણ



પાકિસ્તાનથી ભારત આવે છે, તે આપણા દેશને પ્રેમ કરે છે. ફોરેન કોરોસ્પોન્ડન્ટ્સ ક્લબમાં એક પુસ્તકના વિમોચન પ્રસંગે શશિ થરૂરે કહ્યું કે વાતચીત બંધ કરવી એ પણ નીતિ નથી. પઠાણકોટ અને મુંબઈમાં પાકિસ્તાને કરેલા હુમલા ક્યારેય ભૂલી શકાય તેમ નથી.સંસદીય સમિતિના જૂના અહેવાલને ટાંકીને તેમણે કહ્યું કે જો તમે પાકિસ્તાનમાં ભારતની છબી સુધારવા માંગો છો, તો તમારે વધુ લોકોને વિઝા આપવા પડશે. અમે પોતે કહ્યું હતું કે વ્યૂહાત્મક સ્તરે પાકિસ્તાન પર ભરોસો ન કરી શકાય પરંતુ લોકો વચ્ચેના સંબંધો મજબૂત કરવા જરૂરી છે. જો ભારત આમ કરશે તો પાકિસ્તાનમાં પણ ભારતને સમર્થન વધશે અને ત્યાંના લોકો શાંતિની માંગણી સાથે આગળ આવશે. શશિ થરૂરે કહ્યું કે એવો કોઈ પાકિસ્તાની નથી જે ભારતમાં આવ્યો હોય અને તેને આપણા દેશ સાથે પ્રેમ ન થયો હોય. પ્રવાસીઓ, ગાયકો, સંગીતકારો અને ખેલૈયાઓ પણ કહે છે કે તેઓ ભારત આવવા માંગે છે. તેમણે કહ્યું કે વર્તમાન સરકાર પણ કહે છે કે આતંકવાદ અને મંત્રણા સાથે ન ચાલી શકે. વિદેશ મંત્રી એસ જયશંકરે પણ કહ્યું હતું કે પાકિસ્તાન સાથે અવિરત વાતચીતનો સમય પૂરો થઈ ગયો છે.

### જમ્મુ કાશ્મીરમાં LoC નજીક IED બ્લાસ્ટ

| જમ્મુ કાશ્મીર, તા.૧૧ |

જમ્મુ કાશ્મીરમાં LoC નજીક IED બ્લાસ્ટમાં ભારતીય સેનાના બે જવાન શહીદ થયા છે. જ્યારે એક જવાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે, જેની સારવાર ચાલી રહી છે. મળતી માહિતી અનુસાર, મંગળવાર બપોરે અંદાજિત ૩:૩૦ વાગ્યે જમ્મુ જિલ્લાના ખૌર વિસ્તારના બટ્ટલમાં LoC નજીક IED બ્લાસ્ટ થયો. જેમાં ત્રણ જવાન ઈજાગ્રસ્ત થઈ ગયા, જેમને સેના હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. જ્યાં સારવાર દરમિયાન બે જવાનના મોત થયા, જ્યારે એકની હાલત ગંભીર છે.

## ભારત એનર્જી ક્ષેત્રે ૨૦૩૦ પહેલાં જ તમામ લક્ષ્યાંકો હાંસલ કરી લેશે

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ |

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈન્ડિયા એનર્જી વીક ૨૦૨૫ કાર્યક્રમને સંબોધિત કરતાં કહ્યું કે, 'ભારત દરેક સેક્ટરમાં ઝડપથી વિકસી રહ્યો છે. આગામી બે દાયકા ભારત માટે મહત્ત્વના છે. છેલ્લા ૧૦ વર્ષમાં ભારતનો જે ગ્રોથ જોવા મળ્યો છે, તેને ધ્યાનમાં રાખતાં વિશ્વાસ છે કે, આપણે એનર્જી સેક્ટરમાં ગ્રોથ માટે મૂકેલા લક્ષ્યાંક પહેલાં જ હાંસલ કરી લઈશું. 'દિલ્હીમાં ઈન્ડિયા એનર્જી વીક ૨૦૨૫ની શરૂઆત કરતાં વડાપ્રધાને કહ્યું કે, 'વિશ્વના દરેક એક્સપર્ટ કહી રહ્યા છે કે, ૨૧મી સદી ભારતની સદી છે. ભારત પોતાનો જ નહીં, પણ વિશ્વના ગ્રોથને પણ વેગ આપી રહ્યો છે. જેમાં આપણા એનર્જી સેક્ટરની ભૂમિકા મહત્ત્વની રહી છે. ભારતની એનર્જી મહત્ત્વાકાંક્ષાઓ પાંચ પિલર પર નિર્ભર છે. પ્રથમ આપણી પાસે રિસોર્સ છે, જે આપણને વેગ આપે છે. બીજું આપણે બ્રિલિયન્ટ માઈન્ડને ઈનોવેશન માટે પ્રોત્સાહન આપી રહ્યા છીએ. ત્રીજું આપણી પાસે આર્થિક અને રાજકીય સ્થિરતા છે, અને ચોથુ ભારત પાસે જિઓગ્રાફિક સ્થિતિ છે. જે એનર્જી ટ્રેડને વધુ આકર્ષક અને સરળ બનાવે છે. પાંચમું ભારત ગ્લોબલ સસ્ટેનેબિલિટી માટે પ્રતિબદ્ધ છે.

## મહાકુંભમાં ચક્કાજામ બાદ સીએમ યોગીની તાબડતોબ બેઠક

| (એજન્સી) પ્રયાગરાજ, તા.૧૧ |

પ્રયાગરાજ મહાકુંભમાં શ્રદ્ધાળુઓના ધસારાને ધ્યાનમાં રાખીને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મોડી રાત્રે પોલીસ અને વહીવટી અધિકારીઓ સાથે બેઠક યોજી હતી. આ બેઠકમાં મુખ્યમંત્રીએ માઘ પૂર્ણિમાના અવસરે યોજાનાર અમૃત સ્નાન માટેની વ્યવસ્થાઓની સમીક્ષા કરી. મહાકુંભનું પાંચમું માઘ પૂર્ણિમા સ્નાન ૧૨મી ફેબ્રુઆરીએ થશે. ત્યાર મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે વધુ સારી ટ્રાફિક અને ભીડ વ્યવસ્થાપન યોજના લાગુ કરવા સૂચનાઓ આપી છે.સોમવારે મોડી રાત્રે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા યોજાયેલી બેઠક દરમિયાન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે તૈયારીઓની સમીક્ષા કરી હતી. જેમાં સરકારી સ્તરના વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં, પ્રયાગરાજ, કૌશાંબી, કાનપુર, સુલતાનપુર, અમેઠી, વારાણસી, અયોધ્યા, મિર્ઝાપુર, જૌનપુર, ચિત્રકૂટ, બાંદા, પ્રતાપગઢ, ભદોહી, રાયબરેલી, ગોરખપુર, મહોબા અને લખનઉ જેવા જિલ્લાઓ/ઝોન/રેન્જમાં તૈનાત વરિષ્ઠ પોલીસ અધિકારીઓ અને વિભાગીય કમિશનરો અને જિલ્લા વહીવટી અધિકારીઓને કાર્યક્રમનું સુચારુ સંચાલન સુનિશ્ચિત કરવા માટે અનેક માર્ગદર્શિકા જારી કરવામાં આવી છે.

અરવિંદ કેજરીવાલની સ્પષ્ટતા

## પંજાબમાં નહીં થાય નેતૃત્વ પરિવર્તન, બેઠક બાદ કેજરીવાલનું મોટું નિવેદન

| (એજન્સી) નવીદિલ્હી, તા.૧૧ |

પંજાબમાં મુખ્યમંત્રી બદલવાના નથી, આ અંગે આપના વડા અરવિંદ કેજરીવાલે સંકેત આપ્યા છે. આપના ધારાસભ્યો સાથે મુલાકાત બાદ તેમણે જણાવ્યું હતું કે, 'પંજાબમાં એ જ નેતૃત્વ રહેશે અને એ જ કાર્ય ચાલુ રહેશે.' હવે આ નિવેદન મહત્ત્વનું છે કારણ કે દિલ્હીમાં ચૂંટણી હાર પછી, એવી અટકળો ચાલી રહી હતી કે અરવિંદ કેજરીવાલ હવે પંજાબ તરફ વળશે. દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે સ્પષ્ટ કર્યું છે કે, પંજાબમાં કોઈ નેતૃત્વ પરિવર્તન થવાનું નથી. આનો સ્પષ્ટ અર્થ એ છે કે ભગવંત માન પંજાબમાં આમ આદમી પાર્ટીની સરકાર ચલાવતા રહેશે. જોકે, આ પહેલા સીએમ ભગવંત માને મીડિયા સાથે વાત કરતા કહ્યું હતું કે, 'પંજાબને આપેલા તમામ વચનો પૂરા કરવામાં આવશે, દરેક ગેરંટી પૂરી કરવામાં આવશે.' પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને જણાવ્યું હતું કે, પંજાબના અમારા બધાં કેબિનેટ મંત્રીઓ અને ધારાસભ્યો બેઠકમાં આવ્યા હતા.

ગયા મહિને પણ સર્જાય હતી દુર્ઘટના

## લિબિયાના દરિયાકાંઠે નાવ પલટી જતાં ૬૫ લોકો ડૂબ્યાં

| (એજન્સી) ત્રિપોલી, તા.૧૧ |

લિબિયાના સમુદ્રતટ પર ૬૫ મુસાફરોને લઈ જતી એક બોટ પલટી ગઈ હતી. બોટમાં સવાર મોટાભાગના મુસાફરો પાકિસ્તાની હતા. પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે દુર્ઘટનાની માહિતી આપી છે. વિદેશ કાર્યાલયના નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે "ત્રિપોલીમાં અમારા દૂતાવાસે જાણ કરી છે કે લિબિયાના ઝાવિયા શહેરની ઉત્તરપશ્ચિમમાં માર્સા ડેલા બંદર નજીક લગભગ ૬૫ મુસાફરોને લઈ જતી એક નાવ પલટી ગઈ છે".મોટાભાગના નાગરિકો પાકિસ્તાની હોવાના અહેવાલ બાદ ત્રિપોલીમાં પાકિસ્તાન દૂતાવાસે તાત્કાલિક એક ટીમને ઝાવિયા હોસ્પિટલમાં મોકલી હતી જેથી સ્થાનિક અધિકારીઓને મૃતકોની ઓળખ કરવામાં મદદ મળી શકે. એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "દૂતાવાસ પાકિસ્તાની પીડિતો વિશે વિગતવાર માહિતી મેળવવાનો પ્રયાસ કરી રહ્યું છે."હાલ આ દુર્ઘટનામાં સૌથી વધુ નાગરિકો પાકિસ્તાનના હોવાના અહેવાલો મળી રહ્યા છે. જો કે વિદેશ કાર્યાલયે ૬૫ મુસાફરોમાંથી કેટલા પાકિસ્તાની નાગરિકો હતા તેની કુલ સંખ્યાની પુષ્ટિ કરી નથી. વિદેશ કાર્યાલયે કહ્યું કે તે મુસાફરોની ઓળખ નક્કી કરવા માટે લિબિયાના અધિકારીઓ સાથે કામ કરી રહ્યું છે.

AC કોચના કાચ તોડી ટ્રેનમાં ઘૂસ્યા મુસાફરો

## પ્રયાગરાજ જઇ રહેલી સ્વતંત્રતા સેનાની એક્સપ્રેસ ટ્રેન પર પથ્થરમારો

| (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ |

માઘ પૂર્ણિમા સ્નાન માટે પ્રયાગરાજ જઇ રહેલા શ્રદ્ધાળુઓએ બિહારના સમસ્તીપુરમાં ૧૨૫૬૧ સ્વતંત્રતા સેનાની એક્સપ્રેસ પર પથ્થરમારો કર્યો હતો. ભીડ એટલી વધુ હતી કે શ્રદ્ધાળુ એસી કોચના કાચ તોડીને અંદર ઘૂસ્યા. આ ઘટના મધુબનીથી દરભંગા વચ્ચે શરૂ બની હતી. ક્રોધે ભરાયેલા શ્રધાળુઓએ ટ્રેનના સ૧થી લઈને મ્પ કોચ પર હુમલો કરી કાચ તોડ્યા એટલે કે ૬ કોચના કાચ તોડ્યા હતા. આ ઘટના બાદ એસી કોચમાં બેસેલા મુસાફરો ભયભીત જોવા મળ્યા હતા. ટ્રેનમાં થયેલી તોડફોડના કારણે ઘણા મુસાફરોને ઈજા પહોંચી હતી. ઘટનાની જાણકારી મળતાં જ સમસ્તીપુર રેલવે હોસ્પિટલની મેડિકલ ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી, પરંતુ ભારે ભીડના કારણે તેમને પરત ફરવું પડ્યું હતું. રેલવે પોલીસ પણ શ્રદ્ધાળુઓની ભીડ સામે લાચાર જોવા મળી હતી. તમને જણાવી દઈએ કે મહાકુંભમાં સ્નાન માટે આવનાર શ્રદ્ધાળુઓનું પૂર દરેક જગ્યાએ જોવા મળી રહ્યું છે.

## ૪ વિસ્તારમાં ભૂવા પડતાં રોકવા મેઇન ગટર લાઇનને ૧૧૪ કરોડના ખર્ચે સુધારાશે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

શહેરના ઉત્તર પશ્ચિમ ઝોનના ૧૩૨ ફૂટ રિંગરોડ સહિત અનેક વિસ્તારમાં વર્ષો જૂની ગટર લાઈનોના કારણે અવારનવાર ભૂવા પડવાની સમસ્યા સર્જાય છે, જેના ઉકેલ માટે મ્યુનિ.એ ૧૩૨ ફૂટ રિંગરોડ સહિત ચાર વિસ્તારની મેઈન ગટર લાઈન ૧૧૪ કરોડના ખર્ચે અંદરથી રિહેબ કરાવવાનો નિર્ણય લીધો છે. શહેરના મોટાભાગના જૂના વિસ્તારોમાં ગટરના પાણીનો નિકાલ કરવા માટે મોટી મોટી ગટર લાઈનો નાખવામાં આવી હતી અને આ લાઈનો રોડથી ઘણી ઉંડે નાખવામાં આવી છે. શહેરી ગટરના ગંદા પાણીમાં જે ગેસ ઉત્પન્ન થાય છે તેના નિકાલ માટે ઠેર ઠેર વેન્ટીલેશન કોલમ હોવી જોઈએ, જે કાઢી નાખવામાં આવી હોવાથી ગેસથી ગટર લાઈનના ઉપરનો ભાગ ધીમે ધીમે ખવાઈ જાય છે અને એક ટાઈમ એવો આવે છે કે તે ખવાઈ ગયેલો ભાગ તૂટી પડે છે. તેના કારણે ગટર લાઈન ડ્રેનેજ પ્રોજેક્ટ વિભાગના સૂત્રોએ કહ્યું કે, મોટી મોટી ગટર લાઈન રોડથી ખાસી નીચે ઉંડી હોવાથી તેને બદલવી શક્ય નથી, પરંતુ છેલ્લા કેટલાક સમયથી આવી ગટર લાઈન અંદરથી રિપેર કરવાની નવી ટેકનોલોજી આવી છે તેનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ ટેકનોલોજી નવી હોવાથી ખર્ચાળ છે, પરંતુ તેના ઉપયોગ બાદ ગટર લાઈનનુ આયુષ્ય વધી જાય છે અને ગટરના પાણી સડસડાટ આગળ વધી જાય છે. આથી દર વર્ષે જુદા જુદા વિસ્તારની ભૂવા પડે તેવી જોખમી ગટર લાઈનો પસંદ કરીને અંદરથી રિહેબ કરાવવામાં આવી રહી છે. તેના ભાગરૂપે ઉત્તર પશ્ચિમ ઝોનમાં ૧૩૨ ફૂટના રિંગ રોડ ઉપર તો વર્ષો પહેલાં ઔડાએ નાખેલી લાઈનો છે, જેની ઉપર હવે ભૂવા પડવાના બનાવ વધવા માંડ્યા છે. તેથી ૧૩૨ ફૂટના રિંગરોડ ઉપર શિવરંજની ચાર રસ્તાથી અંધજન મંડળ સુધી અને અંધજન મંડળથી પલ્લવ ચાર રસ્તા સુધીની મેઈન ટ્રંક લાઈનને ૭૭ કરોડના જંગી ખર્ચે અંદરથી રિહેબ કરાવવામાં આવશે.તેવી જ રીતે પશ્ચિમ ઝોનમાં રાણીપ વિસ્તારમાં મગનપુરા સર્કલથી રાધાસ્વામી રોડ નીચેની મોટી ગટર લાઈનને ૧૬.૬૦ કરોડના ખર્ચે રિહેબ કરાવવામાં આવશે. તદઉપરાંત મધ્ય ઝોનના અસારવા વિસ્તારમાં પણ ૧૭.૮૮ કરોડના ખર્ચે રિહેબ કરાવવામાં આવશે. જ્યારે ઓઢવ વિસ્તારમાં ગણેશ સર્કલથી અંબિકાનગર પમ્પિંગ સ્ટેશન તથા જૂના ડ્રેનેજ પમ્પિંગ સુધી જતી મેઈન ગટર લાઈનને પણ ૩.૮૫ કરોડના ખર્ચે રિહેબ કરાવવામાં આવશે.મ્યુનિ.ઈજનેર ખાતા દ્વારા મોટાભાગના પ્રોજેક્ટ ઉપર ચાંપતી નજર રાખવામાં આવતી નથી તેવુ વધુ એક વાર પૂરવાર થયુ છે.

### પાંચ દિવસની સારવાર દરમિયાન યુવકનું મોત નીપજ્યું

# વ્યાજખોરોના ત્રાસથી ઝેરી દવા ગટગટાવી જનાર સડલાના યુવાને દમ તોડયો

### ત્રણ વ્યાજખોરોના ત્રાસથી યુવકે ઝેરી દવા પીધી હતી : દોષિત સામે કડક કાર્યવાહીની માગ

। (એજન્સી) સુરેન્દ્રનગર, તા.૧૧ ।

મુળી તાલુકાના સડલાના યુવકે પાંચ દિવસ પહેલા ત્રણ વ્યાજખોરોના ત્રાસથી ઝેરી દવા પીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. જ્યાં સારવાર દરમિયાન યુવકે હોસ્પિટલમાં દમ તોડયો હતો.

યુવકના મોતથી પરિવાર પર આભ તુટી પડયું હતું. પરિવારે દોષિત સામે કડક કાર્યવાહીની માગ કરી હતી. આ અંગે પોલીસને જાણ કરતા પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી. મુળીના સડલા ગામે રહેતા યુવક મહેશ રણછોડભાઈ કાનેટીયા (પટેલ,ઉ.વ.૩૨)એ બેથી ત્રણ મહિના પહેલા ગામમાં જ રહેતા પ્રતિક ઉર્ફે ગની ઘનશ્યામભાઈ, પ્રભુભાઈ નાનજીભાઈ અને દિનેશભાઈ ગણેશભાઈ પટેલ પાસેથી અલગ-અલગ રકમ મળી કુલ રૂા.૫૦ હજાર બે થી ત્રણ ટકાના વ્યાજે લીધા હતા.

જે રકમ પેટે યુવકે મુળ મુદ્દલ અને વ્યાજ સહિત અંદાજે રૂા.૭૦ હજારથી વધુ ચુકવી દીધી હતી તેમ છતાંય ત્રણેય શખ્સો એકસંપ થઈ વધુ રૂપિયાની માંગ કરી યુવકને હેરાન પરેશાન કરી પઠાણી ઉઘરાણી કરતા હતા. ગત ૫મી ફેબ્રુઆરીએ મહેશ કાનેટીયા કુંતલપુર ગામની સીમમાં આવેલ મામાની વાડીની ઓરડીમાં હાજર હતો તે દરમ્યાન ત્રણેય વ્યાજખોર શખ્સોએ આવી પઠાણી ઉઘરાણી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

આથી યુવકે કંટાળી ઓરડીમાં રહેલ ઝેરી દવાની બોટલ પી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. જ્યારે ભોગ બનનાર યુવકને સારવાર અર્થે સુરેન્દ્રનગરની હોસ્પીટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો અને ભોગ બનનાર યુવકે તે સમયે ત્રણેય વ્યાજખોરો સામે મુળી પોલીસ મથકે ફરિયાદ પણ નોંધાવી હતી ત્યારે પાંચ દિવસની સારવાર દરમ્યાન યુવકનું મોત નીપજતા પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ જવા પામી હતી અને ફરિયાદમાં નોંધાયેલ ત્રણેય વ્યાજખોર શખ્સોને ઝડપી પાડી કડક સજા આપવામાં આવે તેવી માંગ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે સુરેન્દ્રનગર જિલ્લામાં વ્યાજખોરીનું દુષણ નાબુદ કરવા છેલ્લા ઘણા સમયથી પોલીસ વિભાગ દ્વારા લોકદરબારનું આયોજન કરવામાં આવે છે પરંતુ તેમ છતાંય વ્યાજખોરીના બનાવો બનતા રહે છે ત્યારે જીલ્લામાં વધુ એક યુવકને વ્યાજખોરોના ત્રાસથી જીવ ગુમાવવાનો વારો આવ્યો છે ત્યારે પોલીસ તંત્ર વ્યાજખોરો સામે કેવી અને ક્યારે કાર્યવાહી કરે છે તેના પર સૌની મીટ મંડાઈ છે.

### કરોડો રોપાનું વાવેતર અને ગ્રીન ગુજરાતના દાવા સામે વાસ્તવિકતા

# ગુજરાતમાં અન્ય રાજ્યો કરતા વન આવરણમાં નજીવો વધારો

### ગુજરાતમાં દરેક ચોમાસામાં કરોડો રોપાનું વાવેતર કરાતું હોય છે પરંતુ પૂરતી માવજતના અભાવે તેમાંથી મોટાભાગના કરમાઇ જતા હોય છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૧ ।

ગુજરાતમાં દર ચોમાસા પૂર્વે કરોડો રૂપિયાના ખર્ચે લાખો-કરોડો રોપાનું વાવેતર જંગલ સહિતના વિસ્તારોમાં કરાતુ હોવા છતાં દેશભરના રાજ્યોની સરખામણીમાં રાજ્યમાં જંગલ જમીન અને વૃક્ષારોપણના વિસ્તારમાં મામૂલી વધારો થવા પામ્યો છે. વર્ષ ૨૦૨૧ની સરખામણીમાં ૨૦૨૩માં વન અને વૃક્ષારોપણમાં વૃદ્ધિ થવા પામી છે તેમાં ગુજરાત કરતા અનેક રાજ્યમાં મોટો વધારો થયો છે. ગુજરાતમાં વન અને વૃક્ષ આચ્છાદિત વિસ્તારમાં ફક્ત ૧૬૪.૦૮ કિલોમીટરનો જ વધારો થવા પામ્યો છે. ગુજરાતમાં દરેક ચોમાસામાં કરોડો રોપાનુ વાવેતર કરાતું હોય છે પરંતુ પૂરતી માવજતના અભાવે તેમાંથી મોટાભાગના કરમાઈ જતા હોય છે. સામાજિક વનીકરણ સહિતની વિવિધ ઝુંબેશના નામથી વાવેતર કરાય છે પરંતુ થોડા સમય પછી તેમાંથી અનેક ટ્રી ગાર્ડ ખાલી જોવા મળે છે. ખરેખર કેટલા રોપામાંથી મોટા વૃક્ષ થાય છે તેનો ઘટસ્ફોટ ભારત વન સ્થિતિ રિપોર્ટ-૨૦૨૩માં થવા પામ્યો છે. તે મુજબ સમગ્ર દેશમાં વર્ષ ૨૦૨૧ની તુલનામાં ૧૪૪૫.૮૧ ચોરસ કિલોમીટર વિસ્તારની વૃદ્ધિ થવા પામી છે. તેમાં ગુજરાતમાં ૧૬૪.૦૮ ચોરસ કિલોમીટરનો વધારો દર્શાવાયો છે. આશ્ચર્યની વાત એ છે કે અનેક રાજ્ય એવા છે જેમાં ગુજરાત કરતા વધુ મોટી સંખ્યામાં આ વધારો નોંધાયો છે એટલું જ નહીં કુલ વન વિસ્તાર પણ વિપુલ પ્રમાણમાં છે. ગુજરાતમાં વન પર્યાવરણ વિભાગ દ્વારા વૃક્ષારોપણની ઝુંબેશ દરમિયાન અનેક દાવા કરવામાં આવતા હોય છે પરંતુ વાસ્તવિક સ્થિતિ અલગ છે.

### સ્વયંભૂ જગ્યા ખુલ્લી કરતા ધંધાર્થીઓ

# મહાપ્રભુજીની બેઠક પાસે ૪૫ જેટલી ગેરકાયદે દુકાનોને ખાલી કરવાની નોટિસની અસર

। (એજન્સી) જામનગર,તા.૧૧ ।

જામનગરમાં મહાપ્રભુજી બેઠક માર્ગે મહાનગરપાલિકાની માલિકીની જગ્યામાં ૪૫ દુકાનો ગેરકાયદે ખડકી દેવામાં આવી છે. આ દુકાનોને મહાનગરપાલિકા દ્વારા નોટીસો આપવામાં આવી હતી, જેની વ્યાપક અસર જોવા મળી રહી છે, અને નોટીસ સમય પૂર્ણ થાય તે પહેલા જ ધંધાર્થીઓ દ્વારા સ્વયંભૂ જગ્યા ખુલી કરવા માટેની કાર્યવાહી હાથ ધરી લેવામાં આવી છે.જામનગરમાં મહાપ્રભુજી બેઠક માર્ગે જમીનનો એક પ્લોટ જે બાગબગીચા માટે રીઝર્વ રખાયો હતો. તેમાં વર્ષોથી ગેરકાયદે દુકાનોનું બાંધકામ કરી નાખવામાં આવ્યું છે. મહાનગરપાલિકા દ્વારા આવી તમામ દુકાનદારોને તા.૮-૨-૨૦૨૫ સુધીમાં સ્વેચ્છાએ બાંધકામ દૂર કરવા માટે નોટીસો આપવામાં આવી હતી. અન્યથા નોટીસની સમય મર્યાદા પૂર્ણ થયા પછી મહાનગરપાલિકા દ્વારા આવી દુકાનો તોડી પાડવાની કાર્યવાહી કરવામાં આવશે, એવી આખરી મહેતલ અપાઈ હતી, પરંતુ તે પહેલા જ મોટાભાગના ધંધાર્થીઓ દ્વારા પોતાની જગ્યા માંથી ઉપયોગમાં લઈ શકાય તેવો શટર તથા અન્ય માલ સામાન કાઢી લઈ, સ્વયંભૂ જગ્યા ખાલી કરી નાખી મહાનગર પાલિકાની જગ્યાને ખુલી કરવા માટેની કાર્યવાહી હાથ ધરી લીધી છે. માત્ર પાંચથી છ દુકાનદારોના શટર વગેરે કાઢવાનું બાકી રહ્યું છે, જે સિવાય બાકીના તમામ ધંધાર્થીઓએ પોતાનો ઉપયોગમાં લઈ શકાય તેવો તમામ જરૂરી માલ સામાન કાઢી લીધો છે, અને માત્ર ખાલી દુકાનોનો કાટમાળ ઉભો રહ્યો છે. જેના પર ટૂંક સમયમાં મહાનગરપાલિકાની ટિમ દ્વારા બુલડોઝર ફેરવી દેવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે, અને જમીન ખુલી કરાવાશે.

### કાવડાના મુવાડા ગામે એક અનોખું અને આકર્ષક દ્રશ્ય જોવા મળ્યું

# સંજેલીના કાવડાના મુવાડા ગામે JCB પર વરરાજાની જાન નીકળતાં કુતુહલ

### લગભગ ત્રણથી ચાર કિમી અંતર કાપીને ૧૮ જેટલી ગાડીઓ લઇ જાનયોઓ લઈને પરણવા માટે જાન લઈને પરણવા જતા નવાઈ લાગી હતી

। (એજન્સી) દાહોદ, તા.૧૧ ।

દાહોદ જિલ્લાના સંજેલી તાલુકાના કાવડાના મુવાડા ગામે એક અનોખું અને આકર્ષક દ્રશ્ય જોવા મળ્યું હતું. જેમા વરરાજા પરણવા માટે કાર કે ઘોડા નહીં,પણ ત્રઝ્ર માં જાંન લઈને જતાં કુતુહલ સર્જાયો હતો.'' દાહોદ જિલ્લા સહિત તાલુકામાં હાલ લગ્નની પુર ઝડપે સીઝન ચાલી રહી છે. લોકો અવનવી સિસ્ટમો અપનાવીને ધૂમધામથી લગ્ન કરી રહ્યા છે. જેમા વરરાજાઓ બગી, કાર લઈને પરણવા જતા હોય છે પરંતુ આ એક નવી ટેક્નિક અપનાવી સંજેલીના કાવડના મુવાડા ગામનો આ યુવક જીસીબી લઈને પરણવા જતા લોકોમાં આકર્ષણ કેન્દ્ર બન્યું હતું.આ જીસીબી લઈને જાન લઈને જતા આ દ્રશ્ય નવાઈ લાગશે પરંતુ આ હકીકત છે.કાવડાના મુવાડા ગામ થી મેથાણ ગામે લગભગ ત્રણથી ચાર કિમી અંતર કાપીને ૧૮ જેટલી ગાડીઓ લઈ જાનયોઓ લઈને પરણવા માટે જાન લઈને પરણવા જતા નવાઈ લાગી હતી.

વરરાજાના મિત્રએ સતત ૨ દિવસ રાત દિવસ એક કરી દ્રષ્ઠ્ઢ ફીટીંગ કરી સેટિંગ કરવામાં આવ્યું હતું . આ જીસીબી ફૂલોથી શણગારીને વરરાજા માટે તૈયાર કરવામાં આવી અને વરરાજા ને જાન લઈને પરણવા ગયા આ એક નવી ટેકનીક થી જેસીબી શણગારીને લગ્નમાં જાન પ હોંચી હતી. અત્રે ઉલ્લેખની છે આજની નવી પેઢી કઈક નવી શૈલીમાં લગ્ન કરી રહી છે.

### સર્વરમાં સમસ્યા, લોકો પરેશાન

# જામનગરમાં આધાર કાર્ડ કઢાવવા ૬-૬ મહિનાથી લોકોને હેરાનગતિ

### જામનગર શહેરમાં આધારકાર્ડ કઢાવવાની કામગીરીના ધાંધિયાથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે

। (એજન્સી) જામનગર, તા.૧૧ ।

આધાર કાર્ડ.... એક એવો દસ્તાવેજ છે, જે હાલ કોઈપણ સરકારી કામગીરી કરવા માટે સૌથી પહેલાં માગવામાં આવે છે. લોકો પણ બાળકોના જન્મ બાદ તરત જ આધારકાર્ડ કઢાવવા માટે દોડાદોડી કરવા લાગતા હોય છે. ત્યારે જામનગર શહેરમાં આધારકાર્ડ કઢાવવાની કામગીરીના ધાંધિયાથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. જામનગર મહાનગર પાલિકાનીં ઝ્રૐઝ્ર શાખા દ્વારા નવજાત બાળકથી લઈ ૫ વર્ષ સુધીના બાળકોના આધારકાર્ડ કાઢવાની કામગીરી કરવામાં આવે છે. ત્યારે જામનગરના જોલી બંગલો પાસે આવેલા આધાર કાર્ડ સેન્ટર સહિત અનેક સેન્ટરો પર આધારકાર્ડ કઢાવવામાં ધાંધિયા થઈ રહ્યા છે. લોકો પોતાનો કામ ધંધો છોડીને આધારકાર્ડ સેન્ટરો પર પહોંચે છે, પરંતુ આધારકાર્ડ નીકળી નથી રહ્યા. જામનગર શહેરના આધાર કાર્ડ સેન્ટરો પરથી છેલ્લા ૬-૬ મહિનાથી બાળકોના આધારકાર્ડ નથી નીકળી રહ્યા. માતા-પિતા પોતાના વ્હાલસોયા બાળકોના આધારકાર્ડ કઢાવવા માટે આવે છે, તો અમુક વાલીઓ પોતાના બાળકોના આધારકાર્ડ કઢાવવા માટે શાળાએથી રજાઓ લઈને આધારકાર્ડ સેન્ટરો પર પહોંચે છે. પરંતુ ટેક્નિકલ એરરના કારણે દરવખતે વાલીઓને ધરમ ધક્કો જ ખાવાનો વારો આવે છે. બાળકોના આધારકાર્ડ કઢાવવાની કામગીરીમાં કેમ સમસ્યા આવી રહી છે. અમારી પ્રાથમિક તપાસમાં એક ચોંકાવનારો ખુલાસો થયો કે સરકારના જ એક નિયમના કારણે બાળકોના આધારકાર્ડ નીકળી રહ્યા હતા. જોલી બંગલો પાસેના આધારકાર્ડ સેન્ટરના કોમ્પ્યુટર ઓપરેટરે દાવો કર્યો કે તેઓ આધારકાર્ડની એન્ટ્રી માટે તેઓ પહેલાં જે રીતે બાળકોના નામ લખતા હતા.

### કારના આગળના ભાગનો પણ કચ્ચરઘાણ વળી ગયો હતો

# ડભોઈ-બોડેલી રોડ ઉપર કારચાલકે એક્ટિવાને અડફેટે લીધું

। (એજન્સી) વડોદરા, તા.૧૧ ।

વડોદરા જિલ્લાના ડભોઈ-બોડેલી રોડ ઉપર આવેલા અકોટાદર ગામ પાસે કાર અને એક્ટિવા વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ ઘટનામાં એક્ટિવા ઉપર પસાર થઈ રહેલા બંને યુવાનના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. અકસ્માત એટલો ભયંકર હતો કે, એક્ટિવાના ટુકડેટુકડા થઈ ગયા હતા. આ સાથે કારના આગળના ભાગનો પણ કચ્ચરઘાણ વળી ગયો હતો.

આ અકસ્માત સર્જી ચાલક કાર સ્થળે મુકીને ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં ડભોઈ પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.મળેલી માહિતી પ્રમાણે, સીમડીયા ગામનો રાહુલ અર્જુનભાઈ તડવી (ઉં.વ.૨૫) અને નસવાડી વાંકીખાખેર ગામનો અતીશ રમેશભાઈ તડવી (ઉં.વ.૨૨) ૯ ફેબ્રુઆરીની મોડી રાત્રે એક્ટિવા ઉપર ખેતીવાડી માટે ડિઝલ લેવા માટે નિકળ્યા હતા. દરમિયાન ડભોઈ-બોડેલી રોડ ઉપર આવેલા અકોટાદર ગામ પાસે પૂરપાટ પસાર થઈ રહેલી કારે એક્ટિવાને અડફેટે લેતાં એક્ટિવા સવાર બંને રોડ ઉપર પટકાયા હતા. જેમાં બન્નેને ગંભીર ઈજા પહોંચતાં ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યા મોત નિપજ્યાં હતા.પૂરપાટ પસાર થઈ રહેલી કારની અડફેટે આવી ગયેલા એક્ટિવાના પણ ટુકડે-ટુકડા થઈ ગયા હતા. તો કારના બોનેટનો પણ કચ્ચરઘાણ વળી ગયો હતો. જોકે, અકસ્માત સર્જાતાજ લોકો સ્થળ ઉપર આવી પહોચે તે પહેલાં કારચાલક કાર સ્થળ ઉપર મૂકી ફરાર થઈ ગયો હતો.આ દરમિયાન ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો દોડી આવ્યા હતા અને બનાવ અંગેની જાણ ડભોઈ પોલીસને કરતાં પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી.

પોલીસે મોતને ભેટેલા બંને યુવાનો હરીશકુમાર તડવી અને અતીશ તડવીના મૃતદેહોનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે ડભોઈ સરકારી હોસ્પિટલ ખાતે મોકલી આપી કાર્યવાહી હાથ ધરી હતી. તે સાથે ફરાર થઈ ગયેલા કારચાલકની કારના નંબરના આધારે શોધખોળ હાથ ધરી છે. બીજી બાજુ આ બનાવવાની જાણ પરિવારજનોને થતાં તેઓ હોસ્પિટલમાં દોડી આવ્યા હતા, જ્યાં પરિવારજનોના હૈયાફાટ રુદને સન્નાટો પાથરી દીધો હતો. પંથકમાં ગમગીની ફેલાવી દેનારા આ બનાવ અંગે ડભોઈ પોલીસે અકસ્માતનો ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે.

## વિશેષ

### સ્વચ્છતા દરેક ગામ અને શહેરના વિકાસમાં મહત્વનો ભાગ ભજવે છે : પ્રત્યેક વ્યક્તિ કચરો નહીં કરવાનો સંકલ્પ કરે

# હિંમતનગરના ગઢોડા ગામે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીનું સ્વચ્છતા અભિયાન

### પ્રત્યેક પરિવાર સ્વચ્છતાનો સંકલ્પ લે, શુભ દિવસોની ઉજવણી એક વૃક્ષ વાવીને કરે તો સમાજમાં મોટું યોગદાન થશે : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી









। (માહિતી) ગાંધીનગર ।

સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર તાલુકાના ગઢોડા ગામે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ હિંમતનગરના ધારાસભ્ય શ્રી વિનેન્દ્રસિંહ ઝાલા, હિંમતનગર તાલુકા પંચાયતના અધ્યક્ષા ભૂમિકાબેન પટેલ, કલેક્ટર શ્રી લલિતનારાયણસિંહ સંધુ, સાબરકાંઠા જિલ્લા વિકાસ અધિકારી શ્રી હર્ષદ વોરા, પ્રાયોજના વહીવટદારશ્રી કે. પી. પાટીદાર અને ગઢોડા ગ્રામ પંચાયતના સરપંચ શ્રી અશ્વિનભાઈ પટેલ સાથે પ્રતિકાત્મક સફાઈ કરી હતી. અન્ય પદાધિકારીઓ, અધિકારીઓ સહિત ગ્રામજનો પણ સ્વચ્છતા અભિયાનમાં જોડાયા હતા. સફાઈ અભિયાન પછી ગઢોળાના ગ્રામજનો સાથે સંવાદ કરતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, ભારતની સંસ્કૃતિ ગામડાની સંસ્કૃતિ છે. આપણી પ્રાચીન વ્યવસ્થાઓ ગામથી જ ચાલતી આવી છે. ગ્રામીણ સંસ્કૃતિ સમૃદ્ધની સાથે ઉન્નત છે. ગામડાઓ શહેરી વિસ્તારો કરતાં પાછળ ન રહે તે માટે ગામોમાં સ્વચ્છતા, પાણી, શાળા, હોસ્પિટલ અને. પશુઓની ઉત્તમ જાતો વિકસે, દૂધ ક્ષમતામાં વધારા સાથે ખેડૂતોની આવક વધે તે માટે માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ગામમાં રહેતા બાળકો વ્યસનમુક્ત રહી સંસ્કારવાન અને શિક્ષિત બની આગળ વધે તે દિશામાં પ્રયાસો થઈ રહ્યા છે. સ્વચ્છતા દરેક ગામ અને શહેરી વિસ્તારના વિકાસમાં અગત્યનો ભાગ ભજવે છે. ગામમાં જો ગંદકી હશે તો મચ્છર-માખીના ઉપદ્રવ સાથે રોગચાળો વધશે અને ગામનું ધન દવાઓમાં ખર્ચાઈ જશે. જેનો ઉકેલ સ્વચ્છતા છે, એમ કહીને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, દરેક ગામવાસીએ સંકલ્પ કરવો જોઈએ કે, ગંદકી નહીં ફેલાવીએ અને જે કોઈ ગંદકી ફેલાવશે તો તેને સાફ કરી દઈશું..' આ સંકલ્પ થકી બાળકો પણ વડીલોના રસ્તે ચાલશે. સ્વચ્છતાની સાથે વૃક્ષારોપણ અને પ્રાકૃતિક ખેતી તરફ પણ આગળ વધવું જોઈએ. દરેક ગામવાસી પોતાના પરિવારના શુભ દિવસની ઉજવણીમાં વૃક્ષ વાવવાનો સંકલ્પ કરે તો પર્યાવરણની જાળવણીમાં મોટું યોગદાન આપી શકાશે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### ટ્રમ્પના આદેશથી અદાણી જૂથને રાહત । આ કાયદા હેઠળ અમેરિકામાં બિઝનેસ માટે વિદેશી અધિકારીઓને લાંચ આપવી ગુનો છે

# રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફોરેન કરપ્ટ પ્રેક્ટિસ એક્ટ નાબૂદ કરી દીધો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અમેરિકા પ્રવાસ પહેલાં જ રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફોરેન કરપ્ટ પ્રેક્ટિસ એક્ટ નાબૂદ કરી દીધો છે. આ નિર્ણય દૂર થતાં ગૌતમ અદાણી વિરૂદ્ધ અમેરિકામાં મૂકાયેલા આરોપો દૂર થવાની આશા વધી છે. આ કાયદા હેઠળ અમેરિકામાં બિઝનેસ માટે વિદેશી અધિકારીઓને લાંચ આપવી ગુનો છે. ટ્રમ્પે એફસીપીએને નાબૂદ કરતાં આદેશ પર હસ્તાક્ષર કરતી વખતે જણાવ્યું હતું કે, આ કાયદો કંપનીઓ માટે વૈશ્વિક સ્તરે નુકસાનકારક છે. તેમજ તેમણે એટર્ની જનરલને એફસીપીએ અંતર્ગત કાર્યવાહીઓ તાત્કાલિક ધોરણે બંધ કરવા નિર્દેશ આપ્યો છે. ડોનાલ્ડ ટ્રમ્પના આ નિર્ણયથી અદાણી ગ્રૂપના શેરોમાં તેજી આવી છે. અદાણી ગ્રૂપના શેર ૫ ટકા સુધી ઉછળ્યા હતાં. ઉલ્લેખનીય છે, ગૌતમ અદાણીની અદાણી ગ્રીન એનર્જી અમેરિકામાં એફસીપીએ હેઠળ કાર્યવાહીનો સામનો કરી રહી છે. જેમાં આરોપ મૂકાયો છે કે, તેમણે નવા પ્રોજેક્ટ મેળવવા માટે ભારતના અધિકારીઓને ૨૧૦૦ કરોડની લાંચ આપી હતી. જો કે, આ આરોપોને અદાણી ગ્રૂપ અને ગૌતમ અદાણી સતત નકારી રહ્યા છે. ફોરેન કરપ્ટ પ્રેક્ટિસિસ એક્ટ અંતર્ગત અમેરિકામાં કાર્યરત કંપની કે બિઝનેસમેન દ્વારા વિદેશોમાં બિઝનેસ હાંસલ કરવા માટે વિદેશી અધિકારીઓને લાંચ કે ભેટ આપવી ગુનો બને છે. ટ્રમ્પે પોતાના પ્રથમ કાર્યકાળમાં જ આ કાયદો દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો. ટ્રમ્પે જણાવ્યું હતું કે, 'આ કાયદાના લીધે કોઈપણ વેપારી કે બિઝનેસમેન અમેરિકા સાથે બિઝનેસ કરવા માગતો નથી. જે અમેરિકાના અર્થતંત્ર માટે નુકસાનકારક છે.' ફેક્ટ શીટ અનુસાર, અમેરિકાની રાષ્ટ્રીય સુરક્ષા અમેરિકા અને તેની કંપનીઓ દ્વારા વિશ્વમાંથી મેળવવામાં આવતાં વ્યૂહાત્મક વાણિજ્ય લાભો પર નિર્ભર છે. પરંતુ રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના મતે એફસીપીએનો અમલ અમેરિકાની કંપનીઓની પ્રતિસ્પર્ધા ઘટાડે છે. અમેરિકાના SEC અને ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસે ૨૦ નવેમ્બર, ૨૦૨૪ના રોજ ભારતના અબજોપતિ બિઝનેસમેન ગૌતમ અદાણી, તેમના ભત્રીજા સાગર અદાણી, બિઝનેસ એસોસિએટ એઝ્યોર પાવર ગ્લોબલ લિ. અને અન્ય વરિષ્ઠ એક્ઝિક્યુટીવ્સ પર ૨૫૦ મિલિયન ડોલર (રૂ. ૨૧૦૦ કરોડ)ની લાંચ આપવાના આરોપસર એફસીપીએ હેઠળ તપાસ કાર્યવાહી હાથછ ધરવાની જાહેરાત કરી હતી. તેમણે આરોપ મૂક્યો હતો કે, અદાણી ગ્રૂપની ગ્રીન એનર્જીએ અમેરિકાના રોકાણકારોને ભારતથી નવા પ્રોજેક્ટ મળવાના હોવાનું ખોટું વચન આપી ૧૭૫ મિલિયન ડોલરનું ફંડ ઉઘરાવ્યું હતું. તેમજ તેમણે ભારતના અમુક અધિકારીઓને રૂ. ૨૧૦૦ કરોડની લાંચ આપી હતી. આ કાયદા હેઠળ અદાણી અને તેમના ભત્રીજાની ધરપકડ માટે વોરંટ પણ જારી કર્યા હતાં. આ કાયદો નાબૂદ થવાથી અદાણી ગ્રૂપ પર ચાલી રહેલી કાર્યવાહી બંધ થાય તેવી શક્યતાઓ છે.

### ન્યૂઝ બ્રિફ

## હજમાં બાળકોનો પ્રવેશ બંધ કરી દેવામાં આવ્યો છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

સાઉદી અરેબિયાએ હજને લઈને મોટો નિર્ણય લીધો છે. હવે હજમાં બાળકોનો પ્રવેશ બંધ કરી દેવામાં આવ્યો છે. સાઉદી અરેબિયાના હજ અને ઉમરાહ મંત્રાલયે કહ્યું છે કે હજ દરમિયાન દર વર્ષે વધતી ભીડને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. ત્યારે સરકારે બાળકોની સુરક્ષા માટે આ નિર્ણય લીધો છે. સાઉદી સરકારે જણાવ્યું કે વર્ષ ૨૦૨૫માં તે લોકોને જ પ્રાથમિકતા આપવામાં આવશે જેઓ પહેલીવાર હજ કરવા આવ્યા છે. તમને જણાવી દઈએ કે હજ ૨૦૨૫ માટે રજીસ્ટ્રેશન શરૂ થઈ ગયું છે. સાઉદી નાગરિકો અને રહવાસીઓ હવે નુસુક એપ અથવા સત્તાવાર વેબસાઈટ દ્વારા ૨૦૨૫ હજ સીઝન માટે ઔપચારિક રીતે અરજી કરી શકે છે. નવા નિયમો મુજબ, અરજદારોએ તેમની વિગતોની ચકાસણી કરવી પડશે અને તેમના પ્રવાસી સાથીઓની નોંધણી કરવી પડશે. ૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ થી, ભારત સહિત ૧૪ દેશોના વ્યક્તિઓ માત્ર સિંગલ-એન્ટ્રી વિઝા માટે પાત્ર બનશે. આ પગલાનો હેતુ મલ્ટિપલ -એન્ટ્રી વિઝાનો દુરુપયોગ અટકાવવાનો છે, જેનો ઉપયોગ કેટલાક યાત્રાળુઓ સત્તાવાર નોંધણી વિના હજ કરવા માટે કરે છે.

## બ્રિટનના પ્રખ્યાત ટ્રાવેલ રાઇટર્સ ૨૫-૨૬ ફેબ્રુઆરીએ પ્રયાગરાજની મુલાકાતે



। (એજન્સી) પ્રયાગરાજ, તા.૧૧ ।

કુંભ મેળા ૨૦૨૫ની ભવ્યતા અને દિવ્યતા માત્ર દેશભરના યાત્રાળુઓને જ આકર્ષિત કરી રહી નથી, પરંતુ વિદેશી પ્રવાસીઓ અને મુસાફરી લેખકોનું પણ ધ્યાન આકર્ષિત કરી રહી છે. આ સંદર્ભમાં બ્રિટનના પ્રસિદ્ધ પ્રવાસી લેખકોનું એક જૂથ ૨૫થી ૨૬ ફેબ્રુઆરીનાં રોજ પ્રયાગરાજમાં આયોજિત મહાકુંભની મુલાકાત લેશે. આ યાત્રા દરમિયાન આ ગ્રુપ માત્ર કુંભ મેળા જ નહીં પરંતુ અન્ય ધાર્મિક, ઐતિહાસિક અને સાંસ્કૃતિક સ્થળો પણ નિહાળશે. ઉત્તરપ્રદેશનાં પ્રવાસન મંત્રી શ્રી જયવીર સિંહે ઉલ્લેખ કર્યો હતો કે, ઉત્તરપ્રદેશમાં પ્રવાસનની પ્રચૂર શક્યતાઓ છે, પણ વિદેશી પ્રવાસીઓમાં તેને પ્રોત્સાહન આપવાની જરૂર છે. આ માટે આંતરરાષ્ટ્રીય કક્ષાના ટ્રાવેલ રાઈટર્સ અને પત્રકારોને રાજ્યના પ્રવાસન સ્થળોને વૈશ્વિક ફલક પર રજૂ કરવા માટે આમંત્રણ આપવામાં આવી રહ્યું છે. બ્રિટિશ પ્રવાસ લેખકોની મુલાકાત આ પ્રયાસનો એક ભાગ છે, જેનો હેતુ વૈશ્વિક પર્યટન નકશા પર ઉત્તર પ્રદેશનો સાંસ્કૃતિક અને ધાર્મિક વારસો નિશ્ચિતપણે સ્થાપિત કરવાનો છે. પ્રવાસન અને સંસ્કૃતિ વિભાગ દ્વારા મહાકુંભ દરમિયાન વિદેશી પ્રવાસીઓ માટે ખાસ આયોજનો તૈયાર કરવામાં આવ્યા છે. જેથી તેઓ આ અનોખી ઘટનાનો અનુભવ કરી શકે. વિદેશી પ્રવાસીઓને ભારતીય સંસ્કૃતિ અને પરંપરાઓ સાથે જોડાવાની તક મળે તે માટે સરકાર રહેવાની સુવિધા, માર્ગદર્શન સેવાઓ, ડિજિટલ માહિતી કેન્દ્રો પ્રદાન કરી રહી છે.

### કુલ ૧૧૬૫ નિવેદનો કે ભાષણોને રિસર્ચમાં આવરી લેવાયા હતાં

# ભારતમાં હેટ સ્પીચમાં ૭૪ ટકાનો ઉછાળો, PM મોદીનું ભાષણ પણ સામેલઃ અમેરિકન રિપોર્ટ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

અમેરિકા સ્થિત રિસર્ચ ગ્રુપ દ્વારા ભારતમાં અપાતા ઉશ્કેરણીજનક ભાષણો પર એક રિસર્ચ કરવામાં આવ્યું હતું, જેમાં દાવો કરાયો છે કે વર્ષ ૨૦૨૪માં ભારતમાં લઘુમતીઓ વિરુદ્ધ નફરતી ભાષણોમાં ૭૪ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો. ગત વર્ષે લોકસભાની ચૂંટણી યોજાઈ હતી જે સમયે પણ આવા ભાષણો અપાતા હોવાની નોંધ આ રિસર્ચમાં લેવાઈ છે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા નફરતભર્યા ભાષણ અંગે જે વ્યાખ્યા અપાઈ છે તેને ધ્યાનમાં રાખીને આ રિપોર્ટ તૈયાર કરાયો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. દ્વારા કુલ ૧૧૬૫ નિવેદનો કે ભાષણોને રિસર્ચમાં આવરી લેવાયા હતાં, જે વર્ષ ૨૦૨૪માં અપાયા હતાં. આ ભાષણો ઉશ્કેરણીજનક કે નફરતભર્યા હોવાનું કહીને ગ્રુપે તેની સરખામણી વર્ષ




૨૦૨૩માં અપાયેલા આવા જ ભાષણ સાથે કરી હતી. વર્ષ ૨૦૨૩માં ઉશ્કેરણીજનક ભાષણની સંખ્યા ૬૬૮ હતી. એટલે કે એક જ વર્ષમાં ૭૪ ટકાનો વધારો થયો હતો. ગ્રુપ દ્વારા રજૂ કરવામાં આવેલાં રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે, ગત વર્ષે લોકસભાની ચૂંટણી દરમિયાન સૌથી વધુ ઉશ્કેરણીજનક ભાષણો અપાયા છે જેમાં મુસ્લિમ સહિતના લઘુમતીઓને ટાર્ગેટ બનાવવામાં આવ્યા હતા. આ રિપોર્ટ એવા સમયે સામે આવી રહ્યો છે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકા જઈને રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને મળવાના છે. અમેરિકન ગ્રુપે નફરતી ભાષણોમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા અપાયેલા એક ભાષણનો પણ સમાવેશ કર્યો હતો અને દાવો કરાયો છે કે, નરેન્દ્ર મોદીએ મુસ્લિમોને ઘુસણખોરો કહ્યા હતાં. સાથે જ દાવો કરાયો છે કે, આ તમામ ઉશ્કેરણીજનક ભાષણોમાં ૮૦ ટકા ભાજપ કે તેના સાથી પક્ષો દ્વારા શાસિત રાજ્યોમાંથી અપાયા હતાં. નોંધનીય છે કે, આ રિપોર્ટને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા કરાયેલી હેટ સ્પીચ અંગેની વ્યાખ્યાને ધ્યાનમાં રાખીને તૈયાર કર્યો છે. આ વ્યાખ્યા મુજબ હેટ સ્પીચ એટેલ, 'એવું ભાષણ જેમાં ધર્મ, જાતિ, વંશના આધારે ભેદભાવભર્યા શબ્દોનો પ્રયોગ કરાતો હોય તેને ઉશ્કેરણી કે નફરતભર્યું ભાષણ માનવામાં આવે છે'.

### અમેરિકા બાદ હવે બ્રિટન પણ એક્શનમાં આવ્યુ

## ૧૯ હજાર પ્રવાસીઓને ઘરભેગા કરી દીધા, દેશભરમાં દરોડા પાડ્યા

। (એજન્સી) બ્રિટન, તા.૧૧ ।

અમેરિકાએ હાલમાં જ બ્રાઝિલ, ભારત, મેક્સિકો સહિત કેટલાય દેશોના ગેરકાયદેસર રીતે વસવાટ કરતા નાગરિકોને બહાર હાંકી કાઢ્યા છે. હવે દસ્તાવેજ વિના રહેતા પ્રવાસીઓ અને ગુનેગારો વિરુદ્ધ ટ્રમ્પ જેવી જ એક્શન બ્રિટનમાં શરુ થઈ ગઈ છે. બ્રિટનમાં લેબર પાર્ટી સત્તામાં આવ્યા બાદ લગભગ ૧૯૦૦૦ ગેરકાયદેસર પ્રવાસીઓને દેશવટો આપવામાં આવ્યો છે. આ લોકોને ડિપોર્ટ કરવાનો એક વીડિયો પણ બ્રિટિશ સરકાર તરફથી જાહેર કરવામાં આવ્યો છે. આખે દેશમાં ગેરકાયદેસર રીતે વસવાટ કરતા લોકો વિરુદ્ધ અભિયાન ચલાવામાં આવ્યું છે. જેમાં મોટી સંખ્યામાં ગેરકાયદેસર રીતે રહેતા લોકો ઝડપાયા હતા. આ લોકોને ડિપોર્ટ કરવામાં આવ્યા છે. આ અભિયાન અંતર્ગત ભારતીય રેસ્ટોરન્ટ, નેલ બાર, સ્ટોર અને કાર વોશમાં દરોડા પાડ્યા હતા. તેમાં મોટી સંખ્યામાં ગેરકાયદેસર પ્રવાસીઓ કામ કરતા હોવાની ફરિયાદો મળી હતી. બ્રિટિશ હોમ મિનિસ્ટર વેટે કૂપ રે તેમના વિભાગે જાન્યુઆરીમાં મોટા પાયે દરોડા પાડ્યા હતા. તેમણે કહ્યું કે, અમારી સરકાર આવ્યા બાદથી કૂલ ૧૯૦૦૦ લોકોને ડિપોર્ટ કર્યા છે.



જાન્યુઆરી મહિનામાં જ ૮૨૮ પરિસર પર રેડ પાડી અને ૬૦૯ લોકોની ધરપ કડ કરી છે. ગત વર્ષે જાન્યુઆરીની તુલનામાં તે ૭૩ ટકા વધારે હતા. ૭ લોકોને તો એકલા હંબરસાઈડ પર આવેલી ભારતીય રેસ્ટોરન્ટમાં દરોડા પાડીને અરેસ્ટ કર્યા છે. આ ઉપરાંત બ્રિટિશ સંસદમાં નવું બિલ પણ રજૂ કર્યું છે. આ બિલમાં સરહદી સુરક્ષા, શરણ અને ગેરકાયદેસર પ્રવાસીઓને બહાર કરવાનો પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે. બ્રિટિશ સાંસદોનું કહેવું છે કે આ બિલ લાવવાથી મોટી સંખ્યામાં ગુનાહિત પ્રવૃતિઓ કરતી ગેંગને ખતમ કરવામાં મદદ મળશે. પીએમ કીર સ્ટારમરની સરકારનું કહેવું છે કે પૂર્વની સરકારોએ સીમા સુરક્ષા સાથે સમાધાન કર્યું હતું. હવે તેના પર એક્શન લેવામાં આવશે.

### મહારાષ્ટ્રના MLAનો વટ

## પુત્રને બેંગકોક જતો રોકવા વિમાનને મરાવ્યો યુ ટર્ન

। (એજન્સી) મહારાષ્ટ્ર, તા.૧૧ ।

શિવસેના નેતા તાનાજી સાવંતના કદ અને પ્રભાવથી તો અનેક લોકો વાકેફ છે. હાલમાં જ તાનાજીએ કંઈક એવું કર્યું, જેના કારણે સરકારી મશીનરીનો દુરુપયોગ કર્યો હોવાનો વિવાદ છંછેડાઈ ગયો છે. હકીકતમાં, મહારાષ્ટ્રના પરાંડા બેઠકથી વિજેતા શિવસેના (શિંદે જૂથ)ના ધારાસભ્ય તાનાજી સાવંત પર પોતાના દીકરા ઋષિરાજને તેના મિત્રો સાથે બેંગકોક જવાથી રોકવા માટે પોલીસ તંત્ર અને કથિત રીતે પોતાની શક્તિના દુરૂપયોગ કર્યાનો આરોપ લગાવવામાં આવી રહ્યો છે. શરૂઆતમાં સાવંતે દાવો કર્યો હતો કે, ઋષિરાજનું અપહરણ સોમવારે (૧૦ ફેબ્રુઆરી) બપોરે થયું હતું. બાદમાં તાનાજી સહકાર નગર પોલીસ સ્ટેશન પહોંચ્યા અને કથિત રીતે અપહરણની ફરિયાદ દાખલ કરવાનું દબાણ કર્યું. તેમણે પોલીસને જણાવ્યું કે, અપહરણકર્તા સાંજે આશરે ૪:૫૭ વાગ્યે નરહે વિસ્તારથી ઋષિરાજને ઉપાડી ગયા હતાં. શિવસેનાના નેતા તાનાજી સાવંત પર આરોપ લગાવવામાં આવી રહ્યો છે કે, તેમણે પોતાના અધિકારોનો દુરૂપયોગ કરતાં પોલીસને પોતાની ફરિયાદ પર કાર્યવાહી કરવા માટે મજબૂર કર્યા, જેથી પારિવારિક વિવાદના કારણે ઘરથી નીકળેલાં ઋષિરાજને રોકી શકાય. જ્યારે પુણે ક્રાઈમ બ્રાન્ચ અને સ્થાનિક પોલીસ હરકતમાં આવી અને એરપોર્ટ અધિકારીઓ સાથે સંપર્ક કર્યો, તો જાણવા મળ્યું કે, ઋષિરાજ પોતાના મિત્રો પ્રવીણ ઉપાધ્યાય અને સંદીપ વાસેકર સાથે બેંગકોક જવા ચાર્ટર્ડ પ્લેનથી રવાના થઈ ગયો છે. પુણે પોલીસે તુરંત કાર્યવાહી કરી અને વિમાનને સાંજે ૭:૩૦ વાગ્યે ચેન્નઈમાં ઈમરજન્સી લેન્ડિંગની વ્યવસ્થા કરાવી અને તેને પુણે પરત લાવવામાં આવ્યો. તાનાજી સાવંતે પોતાના પિતાને ઋષિરાજને બેંગકોક ન જવા દેવાનું વચન આપ્યું હતું, જે પૂરુ કરવા માટે તેમણે સીધો મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને કેન્દ્રીય ઉડ્ડયન રાજ્યમંત્રી મુરલીધર મોહોલને ફોન કર્યો. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, પહેલાં દીકરાની કારના ડ્રાઈવર સાથે વાત થઈ.

## રાષ્ટ્રપતિ ભવનમાં લગ્ન કરવાની પરમિશન મળી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

૧૨ ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રપતિ ભવનમાં એક લગ્ન થવા જઈ રહ્યા છે, જેને ભારતના સૌથી ઐતિહાસિક લગ્ન કહેવામાં આવી રહ્યા છે. આખરે, આ લગ્ન ઐતિહાસિક કેવી રીતે છે અને રાષ્ટ્રપતિ ભવનમાં લગ્ન કરવાની પરવાનગી કોને મળી? બધા પ્રશ્નોના જવાબ અહીં છે. સીઆરપીએફ ઓફિસર પૂનમ ગુપ્તા ૧૨ ફેબ્રુઆરીએ લગ્નગ્રંથિથી જોડાશે. તેમના લગ્ન સામાન્ય નહીં પણ ઐતિહાસિક બનવાના છે. તેમના લગ્ન રાષ્ટ્રપતિ ભવનમાં થશે. આ એ જ પૂનમ ગુપ્તા છે જેને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કમાન્ડો તરીકે વર્ણવવામાં આવ્યા હતા. પૂનમ ગુપ્તા પીએમ મોદી સાથે ચાલતા જોવા મળ્યા હતા, ત્યારબાદ ચર્ચાઓ શરૂ થઈ હતી કે તે પીએમ મોદીના મહિલા કમાન્ડો છે. પૂનમ ગુપ્તાના લગ્ન દેશના



રાષ્ટ્રપતિના સત્તાવાર નિવાસસ્થાન પર થવાના છે. આ પહેલી વાર છે કે કોઈના લગ્ન રાષ્ટ્રપતિ ભવનમાં થશે. આ લગ્નમાં ફક્ત નજીકના પરિવારના સભ્યો જ હાજરી આપશે. પૂનમ ગુપ્તા રાષ્ટ્રપતિ ભવનના સંકુલમાં સ્થિત મધર ટેરેસ કોમ્પ્લેક્સમાં લગ્ન કરશે. હવે આ પ્રશ્ન ઉભો થવો સ્વાભાવિક છે કે તેમને રાષ્ટ્રપતિ ભવનમાં લગ્ન કરવાની પરવાનગી કેવી રીતે મળી? વાત જાણે એમ છે કે પૂનમ ગુપ્તાએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સમક્ષ ભવનમાં લગ્ન કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી અને તેમને વિનંતી કરી હતી. દ્રૌપદી મુર્મુએ પૂનમ ગુપ્તાના પ્રોફેશલિઝમ, પ્રતિબદ્ધતા અને દેશની સેવા પ્રત્યેના સમર્પણને જોઈને તેમની વિનંતી સ્વીકારી. ભારતમાં આ પહેલી વાર બનશે જ્યારે કોઈના લગ્ન ત્યાં થશે. દુલ્હન બનવા જઈ રહેલી પૂનમ ગુપ્તા CRPFની સહાયક મહિલા કમાન્ડો છે અને હાલમાં રાષ્ટ્રપતિ ભવનમાં પર્સનલ સિક્યુરિટી ઓફિસર તરીકે તૈનાત છે. તેમણે ૭૪મા પ્રજાસત્તાક દિવસની પરેડમાં મહિલા દળનું નેતૃત્વ કર્યું હતું. પૂનમ ગુપ્તા મધ્યપ્રદેશના શિવપુરીની રહેવાસી છે. તેણી હંમેશા તેના શિક્ષણમાં ખૂબ જ સારી રહી છે અને તેની પાસે ગણિતમાં ડિગ્રી અને અંગ્રેજી સાહિત્યમાં માસ્ટર ડિગ્રી છે. તેમણે ગ્વાલિયરની જીવાજી યુનિવર્સિટીમાંથી બી.એડ કર્યું છે. ૨૦૧૮ માં, તેમણે UPSC CAPF માં ૮૧મો રેંક મેળવ્યો.

## પીએમ મોદીએ પેરિસના ગ્રાન્ડ પેલેસ ખાતે AI એક્શન સમિટને સંબોધિત કર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

પીએમ મોદીએ પેરિસના ગ્રાન્ડ પેલેસ ખાતે AI એક્શન સમિટને સંબોધિત કર્યું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે AI પહેલાથી જ આપણી અર્થવ્યવસ્થા, સુરક્ષા અને આપણા સમાજને ફરીથી આકાર આપી રહ્યું છે. આ સદીમાં AI માનવતા માટે કોડ લખી રહ્યું છે. પીએમ મોદીએ કહ્યું કે AI લાખો જીવન બદલી શકે છે. ભારતનું AI મિશન ખૂબ અસરકારક છે. પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું, "AI પહેલાથી જ આપણી અર્થવ્યવસ્થા, સુરક્ષા અને આપણા સમાજને ફરીથી આકાર આપી રહ્યું છે. AI આ સદીમાં માનવતા માટે કોડ લખી રહ્યું છે"AI સમિટને સંબોધતા પીએમ મોદીએ કહ્યું, AI એ સમયની જરૂરિયાત છે. આપણી પાસે દુનિયાની સૌથી મોટી પ્રતિભા છે. અમે ડેટા સુરક્ષિત રાખવાની વ્યવસ્થા કરી છે. AI નું ભવિષ્ય ખૂબ જ ઉજ્જવળ છે. કેટલાક લોકો મશીનોની વધતી તાકાતથી ચિંતિત છે પણ ચિંતા કરવાની કોઈ વાત નથી. પીએમ મોદીએ કહ્યું, "AI નવી નોકરીની તકો ઉભી કરશે. છૈં 'માનવતા માટેનો કોડ' લખી રહ્યું છે. AI લાખો લોકોના જીવનમાં પરિવર્તન લાવી રહ્યું છે. સમય સાથે, રોજગારનું સ્વરૂપ પણ બદલાઈ રહ્યું છે. આપણે AI દ્વારા સર્જાતા રોજગાર સંકટ પર ધ્યાન આપવું પડશે. ઈતિહાસ સાક્ષી છે કે ટેકનોલોજી નોકરીઓ છીનવી લેતી નથી". પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, "એઆઈ આપણા રાજકારણ, અર્થતંત્ર, સુરક્ષા અને સમાજને સકારાત્મક રીતે બદલી રહ્યું છે.

## વકફ સંબંધિત સમિતિનો અહેવાલ ટૂંક સમયમાં ગૃહના ટેબલ પર રજૂ કરાશે

। (એજન્સી) નવી દિલ્હી,તા.૧૧ ।

વકફ સંબંધિત સમિતિનો અહેવાલ ટૂંક સમયમાં ગૃહના ટેબલ પર રજૂ કરવામાં આવનાર છે. સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ વકફ સંબંધિત સંસદીય અહેવાલ બજેટ સત્રના અંતિમ દિવસે ૧૩ ફેબ્રુઆરીએ ગૃહમાં રજૂ કરવામાં આવશે. મહત્વનું છે કે થોડા દિવસ પહેલા જ સંસદીય સમિતિએ બહુમતી સાથે રિપોર્ટ સ્વીકારી લીધો હતો. આ અહેવાલમાં ભારતીય જનતા પાર્ટીના સભ્યો દ્વારા સૂચવવામાં આવેલા સુધારાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. વકફ સુધારા બિલની સમીક્ષા કરતી સંસદની સંયુક્ત સમિતિનો અહેવાલ લોકસભાના સ્પીકર ઓમ બિરલાને સુપરત કરવામાં આવ્યો છે. જેપીસીના અધ્યક્ષ જગદંબિકા પાલે સમિતિનો રિપોર્ટ લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને સોંપ્યો હતો. મહત્વનું છે કે વકફ સંશોધન બિલ ગયા વર્ષે ઓગસ્ટ મહિનામાં સંસદમાં રજૂ કરવામાં આવ્યું હતું. જોકે, વિપક્ષના હોબાળા વચ્ચે બિલને સંયુક્ત સંસદીય સમિતિને મોકલવામાંઆવ્યુંહતું. જેપીસીએ ૬૫૫ પાનાના વકફ રિપોર્ટને ૧૫-૧૧ની બહુમતી સાથે સ્વીકાર્યો હતો. તેમાં ભાજપના સભ્યોએ આપેલા સૂચનો છે. જો કે વિપક્ષી સભ્યોએ અહેવાલ સાથે અસહમતિ વ્યક્ત કરી છે.

## પ્રયાગરાજ મહાકુંભથી પરત ફરી રહેલા શ્રદ્ધાળુઓની બસને થયો ભયાનક અકસ્માત

। (એજન્સી) જબલપુર ,તા.૧૧ ।

મધ્યપ્રદેશના જબલપુર જિલ્લામાં મંગળવારે સવારે પ્રયાગરાજ મહાકુંભથી આંધ્રપ્રદેશ પરત ફરી રહેલા સાત શ્રદ્ધાળુઓ એક મિની બસ અને ટ્રક વચ્ચેની અથડામણમાં મૃત્યુ પામ્યા હતા. આ ઘટના જિલ્લા મુખ્યાલયથી ૬૫ કિમી દૂર સિહોરા શહેર નજીક સવારે ૮.૩૦ વાગ્યે બની હતી. તેમણે કહ્યું કે ટ્રક અને મિની બસ વચ્ચેની અથડામણમાં આંધ્રપ્રદેશના સાત લોકોના મોત થયા છે. આ તમામ લોકો મહાકુંભમાં સ્નાન કરીને પરત ફરી રહ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓએ દાવો કર્યો હતો કે ટ્રક ખોટી દિશામાંથી હાઈવે પર જઈ રહી હતી, જેના કારણે અકસ્માત થયો હતો. તેમણે કહ્યું કે સાત લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, જ્યારે અન્ય ઘણા લોકો મિની બસની અંદર ફસાયેલા હતા. અકસ્માત બાદ જબલપુરના કલેક્ટર અને પોલીસ અધિક્ષક અકસ્માત સ્થળ તરફ રવાના થયા હતા. મંગળવારે વહેલી સવારે અગર ઉજ્જૈન રોડ પર બીજો અકસ્માત થયો હતો. અહીં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર પાસે ટ્રક અને કાર સામસામે અથડાયા હતા. ટક્કર એટલી જોરદાર હતી કે બંને વાહનો રોડથી ૫૦૦ મીટર દૂર ખેતરમાં પડી ગયા હતા. આ અકસ્માતમાં બે લોકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા, જ્યારે બે ગંભીર રીતે ઘાયલ થયા હતા.

## તંત્રી લેખ...

# મહાકુંભની મહાભીડને કાબૂમાં કરશે યોગી સરકાર

પ્રયાગરાજ મહાકુંભમાં ઉમટેલી શ્રદ્ધાળુઓની ભીડને જોતા મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સોમવાર રાતે પોલીસ અને પ્રશાસનિક અધિકારીઓ સાથે બેઠક કરી હતી. આ બેઠકમાં સીએમ યોગીએ માઘી પૂર્ણિમાના અવસર પર થનારા અમૃત સન્ના માટે કરવામાં આવેલી વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. મહાકુભનું પાંચમં માઘી પૂર્ણિમાનું સ્નાન ૧ ૨ ફેબ્રુઆરીએ યોજાશે. ત્યારે આવા સમયે સીએમે ટ્રાફિક અને ક્રાઉડ મેનેજમેન્ટ પ્લાન લાગૂ કરવા નિર્દેશ આપ્યા છે. સરકારે એક નિવેદનમાં કહ્યું છે કે, સોમવાર મોડી રાતે વીડિયો કોન્ફ્રન્સિંગ દ્વારા થયેલી બેઠક દરમ્યાન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે તૈયારીઓની સમીક્ષા કરી હતી. શાસન સ્તરના વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં પ્રયાગરાજ, કૌશાંબી, કાનપુર, સુલ્તાનપુર, અમેઠી, વારાણસી, અયોધ્યા, મીરઝાપુર, જૌનપુર, ચિત્રકૂટ, બાંદા, પ્રતાપગઢ, ભદોહી, રાયબરેલી, ગોરખપુર, મહોબા અને લખનઉ વગેરે તાલુકા અને રેન્જમાં તૈનાત સિનિયર પોલીસ અધિકારીઓએ તથા જિલ્લા પ્રશાસનના અધિકારીઓના કાર્યક્રમના વ્યવસ્થિત સંચાલનની ખાતરી કરવા માટે કેટલાય દિશાનિર્દેશ જાહેર કર્યા છે. સીએમે કહ્યું છે કે છેલ્લા એક અઠવાડીયા દરમ્યાન પ્રયાગરાજમાં આવતા શ્રદ્ધાળુઓની સંખ્યા ખૂબ જ વધી ગઈ છે. સાર્વજનિક પરિવહન સાથે સાથે મોટી સંખ્યામાં ખાનગી વાહનો પણ આવી રહ્યા છે અને સ્નાન પર્વ પર આ સંખ્યા હજુ વધવાની આશંકા છે. તેને જોતા એક સારી રીતે ટ્રાફિક વ્યવસ્થા અને ભીડ મેનેજમેન્ટ લાગૂ કરવું જોઈએ. તેમણે અધિકારીઓને ભ્રામક અને ખોટી સૂચના ફેલાવનારા પર કાર્યવાહી કરવાના ઓર્ડર આપ્યા છે. બેઠકમાં અધિકારીઓને કહેવાયું છે કે, કોઈ પણ ભ્રમ અથવા ગભરાહટને રોકવા માટે જનતાને તરત સાચી જાણકારી આપવામાં આવે. મુખ્યમંત્રીએ એવું પણ કહ્યું છે કે, ૫ લાખથી વધારે વાહનોની હાજરી પાર્કિંગ ક્ષમતાનો પુરો ઉપયોગ થવો જોઈએ અને એ વાત પર ભાર આપ્યો કે નિયમોનું ઉલ્લંઘન કરી કોઈ પણ વાહન મેળા પરિસર વિસ્તારમાં એન્ટ્રી કરવા જોઈએ નહીં. બાળકો, મહિલાઓ અને વૃદ્ધોને મદદ કરો. જરુરિયાત અનુસાર શટલ બસોનો ઉપયોગ કરો. તેમની સંખ્યા વધારો, લોકોને પાર્કિંગની વ્યવસ્થાનું અનુપાલન કરવા પ્રેરણા આપો. શ્રદ્ધાળુઓ સાથે સહયોગ કરો.

## મહા કુંભ ૨૦૨૫માં ૪૫ કરોડ શ્રદ્ધાળુઓ

મહા કુંભ ૨૦૨૫ ઈતિહાસના સૌથી મોટા ધાર્મિક મેળાવડાઓમાંનો એક બની ગયો છે. જેમાં ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ સુધીમાં ૪૫૦ મિલિયનથી વધુ (૪૫ કરોડ) ભક્તોએ સ્નાન વિધિમાં ભાગ લીધો હતો. રાજ્ય સરકાર ૪૫ દિવસમાં શ્રદ્ધાળુઓની સંખ્યા ૪૫ કરોડ સુધી પહોંચવાની અપેક્ષા રાખી રહી હતી. પરંતુ આ સંખ્યા એક મહિનાની અંદર જ પહોંચી ચૂકી છે. મહા કુંભને પૂર્ણ થવામાં હજી ૧૫ દિવસ બાકી છે. આધ્યાત્મિક મહત્વ, ભવ્ય વિધિઓ અને અત્યાધુનિક ટેકનોલોજીના મિશ્રણ સાથે આ કુંભ મેળાએ ક્રાઉડ મેનેજમેન્ટ, સેનિટેશન અને ડિજિટલ સુવિધામાં નવા માપદંડો સ્થાપિત કર્યા છે. મુલાકાતીઓની સંખ્યા ૪૫ કરોડને વટાવી ગઈ છે, ત્યારે ક્રાઉડ મેનેજમેન્ટ પર મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. આગામી અમૃત સ્નાન ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ, માઘ પૂર્ણિમા સ્નાન છે. જે ગુરુ બૃહસ્પતિના પૂજન સાથેના તેના જોડાણ અને હિન્દુ દેવતા ગંધર્વ સ્વર્ગમાંથી પવિત્ર સંગમ તરફ ઉતરે છે. તેવી માન્યતા માટે પ્રખ્યાત છે. માઘ પૂર્ણિમા સ્નાન દરમિયાન ભીડનું સુચારુ વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવા માટે, રાજ્ય સરકારે મેળા વિસ્તારને ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૫ની સવારથી 'નો વ્હીકલ ઝોન' તરીકે ઘોષિત કર્યો છે. જેમાં ફક્ત આવશ્યક અને ઈમરજન્સી સેવાઓની મંજૂરી આપવામાં આવી છે. મહાકુંભ ૨૦૨૫ની ભીડનું સંચાલન કરવા માટે ભારતીય રેલ્વે પણ સંપૂર્ણ ક્ષમતા સાથે કાર્યરત છે. ૯ ફેબ્રુઆરીએ લગભગ ૩૩૦ ટ્રેનોએ ૧૨.૫ લાખ યાત્રાળુઓનું પરિવહન કર્યું હતું. જ્યારે ૧૦ ફેબ્રુઆરીએ બપોરે ૩ વાગ્યા સુધીમાં ૧૩૦ થી વધુ લોકો રવાના થયા હતા. ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ આગામી અમૃત સ્નાન માટેની તૈયારીઓની અધિકારીઓ અને કેન્દ્રીય મંત્રીઓ દ્વારા સમીક્ષા કરવામાં આવી હતી. પ્રયાગરાજ જંકશન સહિત તમામ આઠ સ્ટેશનો સંપૂર્ણપણે કાર્યરત છે. જ્યારે પ્રયાગરાજ સંગમ સ્ટેશન ભીડના વ્યવસ્થાપન માટે ન્હાવાની મોટી તારીખોની આસપાસ અસ્થાયી રૂપે બંધ છે. રાજ્ય સરકારે વિવિધ એજન્સીઓના સહયોગથી બહુસ્તરીય સુરક્ષા અને દેખરેખ વ્યવસ્થા અમલી બનાવી હતી. એઆઈ સંચાલિત સીસીટીવી કેમેરા, ડ્રોન સર્વેલન્સ અને રિયલ-ટાઈમ એનાલિટિક્સના નેટવર્કે નિર્ધારિત ક્ષેત્રોમાં યાત્રાળુઓની સલામત અવર-જવર સુનિશ્ચિત કરી હતી. વહીવટીતંત્રે ન્હાવાના ઘાટોની સુલભતાને સુવ્યવસ્થિત કરવા માટે ડિજિટલ ટોકન સિસ્ટમ પણ રજૂ કરી હતી. જેનાથી ગીચતામાં ઘટાડો થયો હતો. વરિષ્ઠ નાગરિકો અને દિવ્યાંગ ભક્તો માટે વિશેષ જોગવાઈઓ કરવામાં આવી હતી. જેથી કુંભ એક સર્વસમાવેશક આધ્યાત્મિક અનુભવ બની રહે. મહાકુંભ ૨૦૨૫ના ઐતિહાસિક મહત્વને ઉમેરતા, ભારતના આદરણીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મૂએ ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ ધાર્મિક ઉત્સવોમાં ભાગ લીધો હતો. તેમની આ મુલાકાતમાં ત્રિવેણી સંગમમાં પવિત્ર ડૂબકી સામેલ હતી. જે શાસનના સર્વોચ્ચ સ્તરે આ કાર્યક્રમના આધ્યાત્મિક મહત્વને પ્રતિપાદિત કરે છે. રાષ્ટ્રપતિએ મુખ્ય ધાર્મિક સ્થળોએ પણ શ્રદ્ધાંજલિ આપી હતી અને સંતો અને ભક્તો સાથે વાતચીત કરી હતી. રાષ્ટ્રપતિ મુર્મૂ ઉપરાંત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ સહિત અનેક કેન્દ્રીય મંત્રીઓ, મુખ્યમંત્રીઓ અને રાજ્યપાલોએ પણ સંગમમાં પવિત્ર ડૂબકી લગાવી છે. બોલિવૂડ અને ભારતીય રમતગમત સમુદાયની હસ્તીઓએ પણ તેમની હાજરી નોંધાવી છે. પૂજ્ય સંતો અને આધ્યાત્મિક નેતાઓની ભાગીદારીથી આ કાર્યક્રમની પવિત્રતા અને ભવ્યતામાં વધારો થયો છે. કલ્પવાસ, ઉપવાસ અને આધ્યાત્મિક શિસ્તનો સમયગાળો, મહા કુંભ દરમિયાન ખૂબ મહત્વ ધરાવે છે. આ વર્ષે, ૧૦ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ ત્રિવેણી સંગમમાં કલ્પવાસની ઉજવણી કરી હતી. જે માઘ પૂર્ણિમાના રોજ અંતિમ પવિત્ર ડૂબકી, પૂજન અને દાન સાથે સંપન્ન થશે. પરંપરા અનુસાર, કલ્પવાસી સત્યનારાયણ કથા, હવન પૂજા કરશે અને તેમના તીર્થ પુરોહિતોને દાન આપશે. કલ્પવાસની શરૂઆતમાં વાવવામાં આવેલ જવ ગંગામાં વિસર્જિત થાય છે અને તુલસીનો છોડ દિવ્ય આશીર્વાદ રૂપે ઘરે લઈ જવામાં આવે છે. બાર વર્ષનું કલ્પવાસ ચક્ર મહાકુંભમાં પૂર્ણ થાય છે અને ત્યાર બાદ તેમના ગામોમાં સામુદાયિક ભોજનું આયોજન કરવામાં આવે છે. ૭ લાખથી વધુ યાત્રાળુઓએ વિસ્તૃત આરોગ્ય સેવાઓ મારફતે તબીબી સારવાર મેળવી છે. આમાં ૨૩ એલોપેથિક હોસ્પિટલોમાં ૪.૫ લાખથી વધુ વ્યક્તિઓની સારવાર, ૩.૭૧ લાખથી વધુ લોકો પેથોલોજી ટેસ્ટ કરાવી છે અને ૩,૮૦૦ નાની અને ૧૨ મોટી સર્જરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે.

**જે કાર્ય કરો તે પ્રભુ માટે જ કરો, તપ કરવાથી પરમાત્માને દયા આવે છે, તપનું પહેલું અંગ જીભ ઉપર અંકુશ**

# ઈશ્વર નિત્ય આનંદરૂપ છે, ભાગવતનો સિદ્ધાંત સાચો છે, ઈશ્વર તૃપ્ત છે, પરંતુ પ્રેમના ભૂખ્યા છે, તેથી પ્રેમ જ્ઞાનથી શ્રેષ્ઠ છે...



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**સંગનો રંગ મનને જરૂર લાગે છે, તમારા કરતાં જ્ઞાનમાં, સદાચરણ માં ભક્તિમાં,વૈરાગ્યમાં આગળ હોય તેવા મહાપુરુષોનો આદર્શ દૃષ્ટિ સમક્ષ રાખજો, રોજ ઇચ્છા કરવાની કે ભગવાન શંકરા ચાર્ય જેવું જ્ઞાન,મહાપ્રભુજી જેવી ભક્તિ અને શુકદેવજી જેવો વૈરાગ્ય મને પ્રાપ્ત થાય, પ્રાતઃ સમયમાં ઋષિઓને યાદ કરવાથી તેમના ગુણો આપણામાં ઊતરી આવે છે, રોજ પૂર્વજોને વંદન કરો ને રટો કે મારે ઋષિ જેવું જીવન ગાળવું છે.**

મહાકુંભમાં પ્રયાગરાજ આજુ બાજુ ત્રણસો કી.મી.સુધી વાહનો ની લાંબી લાઈન લાગી જેવિશ્વનો સૌથી મોટો ટ્રાફિક જામ થયો છે જેની અસર અયોધ્યા રામલલ્લા દરબાર સુધી છે ત્યારે આજે માઘ પૂર્ણિમાના અમૃત સ્નાનમાં ગત અમાસ જેટલી ભીડ રહેશે તેવી પુરી શક્યતાન લીધે તંત્ર પહેલેથી જ સજજ બની ગયું છે ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ઈશ્વરને ભૂખ લાગતી નથી એવો ઉપનિષદનો સિદ્ધાંત છે.જીવન રૂપી પક્ષી વિષયરૂપી ફળ ખાય છે તેથી તે દુઃખી છે. ઉપનિષદનો સિદ્ધાંત ખોટો નથી. ઈશ્વર નિત્ય આનંદરૂપ છે. ભાગવતનો સિદ્ધાંત સાચો છે.ઈશ્વર તૃપ્ત છે,પરંતુ પ્રેમ ના ભૂખ્યા છે.તેથી પ્રેમ જ્ઞાનથી શ્રેષ્ઠ છે.પ્રેમમાં એવી શક્તિ છે કે, તે જડને ચેતન બનાવે છે, નિષ્કામ ને સકામ બનાવે છે, નિરાકારનેસાકાર બનાવે છે. જ્ઞાન માં વસ્તુનું પરિવર્તન કરવાની શક્તિ નથી. પ્રેમમાં વસ્તુનું પરિ વર્તન કરવાની શક્તિ છે.પતિ પત્ની વિચારમાં પડ્યા છે. ભગવાનનું સ્વાગત કઈરીતે કરવું? તેઓ તપસ્વી હતાં. કેવળ ભાજી ખાઈને રહેતાં. વિદુરજીને સંકોચ થાય છે. હું મારી ભાજી ભગવાનને કેમ અર્પણ કરું?ત્યાં તો દ્વારિકા નાથે હાથે ભાજી ચૂલા ઉપરથી ઉતારીને પ્રેમથી આરોગી. વસ્તુમાં મીઠાશ નથી પણ પ્રેમમાં મીઠાશ છે.શત્રુ મીઠાઈ આપે તો તે ઝેર જેવી લાગે છે. ભગવાનને દુર્યોધનના ઘરના મેવા ન ગમ્યા, પરંતુ વિદુરજીના ઘરની ભાજી આરોગી. તેથી તો આજ પણ ભક્તકવિ સૂરદાસજી ગાય છે કે, સબસે ઊંચી પ્રેમસગાઈ. શુકદેવજી કહે છે કે,રાજન, મનુષ્ય જન્મથી બગડેલો હોતો નથી. જન્મથી તો શુદ્ધ હોય છે, પણ મોટા થયા પછી જેવા સંગમાં આવે તેવો તે બને છે. સત્સંગથી જીવન સુધરે છે, કુસંગથી જીવન બગડે છે.બાળકનો જન્મ થયો ત્યારે તેને કોઈ વ્યસન ન હતું,તેને કોઈ કુટેવ ન હતી,કોઈ દોષ ન હતો પણ મોટો થયા પછી જેવા સંગમાં આવ્યો એવો એ બન્યો. મોટો થયો અને છીંકણી સૂંઘનાર સાથે રહેવા લાગ્યો ત્યારથી છીંકણી સૂંઘવા લાગ્યો. સંગથી જીવન સુધરે છે, સંગથી જીવન બગડે છે. આંબા ફરતાં બાવળ વાવશો તો આંબો ફળશે નહીં. મન ઉપર સંગ ની અસર થાય છે. વિલાસીનો સંગ હશે તો મનુષ્ય વિલાસી થશે. વિરક્તના સંગમાં રહેશો તો તે વિરક્ત બને. બીજું બધું બગડે તો બગડવા દેજો, પણ આ મન, બુદ્ધિને ન બગડવા દેજો. કાળજાને જો ડાઘો પડયો તો ત્રણ ચાર જન્મ લેશો પણ ડાઘો જશે નહીં. સંગનો રંગ મનને જરૂર લાગે છે. તમારા કરતાં જ્ઞાનમાં, સદાચરણ માં ભક્તિમાં,વૈરાગ્યમાં આગળ હોય તેવા મહાપુરુષોનો આદર્શ દૃષ્ટિ સમક્ષ રાખજો.રોજ ઈચ્છા કરવાની કે



ભગવાન શંકરા ચાર્ય જેવું જ્ઞાન, મહાપ્રભુજી જેવી ભક્તિ અને શુકદેવજી જેવો વૈરાગ્ય મને પ્રાપ્ત થાય. પ્રાતઃ સમયમાં ઋષિઓને યાદ કરવાથી તેમના ગુણો આપણામાં ઊતરી આવે છે. રોજ પૂર્વજોને વંદન કરો ને રટો કે મારે ઋષિ જેવું જીવન ગાળવું છે. ઋષિ થવું છે,વિલાસી થવું નથી.સંસાર-વ્યવહારમાં રહીને બ્રહ્મ જ્ઞાન ટકાવવું.ભક્તિ કરવીએ ઘણું કઠણ છે. સંગની અસર ખૂબ લાગે છે.ચોરી અને વ્યભિચાર મહાપાપ ગણ્યાં છે. આ પાપ સગો ભાઈ કરે તો તેનો સંગ પણ છોડી દેજોકે,ધૃતરાષ્ટ્રના સંગમાં રહીશ તો મારું જીવન બગડશે. તેથી વિદુરજી ઘરનો ત્યાગ કરી ગંગાકિનારે આવી ભગવાનની ભક્તિ કરવા લાગેલા, ને તાંદળજાની ભાજીમાં સંતોષ માનેલો. ધૃતરાષ્ટ્રે વિદુરજી માટે ઘણું મોકલ્યું,પણ વિદુરજી એ તેનો અસ્વીકાર કર્યો. પાપીના ઘરનું ન ખવાય. પ્રભુ ભજનમાં અન્નદોષ વિઘ્ન કરે છે. ભગવાન કૃપા કરે છે ત્યારે સંપત્તિ આપતા નથી, પણ સાચા સંતનો સત્સંગ આપે છે. સત્સંગ ઈશ્વર કૃપાથી મળે છે પણ કુસંગ માં ન રહેવું તે તમારા હાથની વાત છે.પર કાર માટે નથી સર્વનો ત્યાગ કરી વિદુરજી સુલભા પરમેશ્વરનું આરાધન કરે છે. તપ કરે છે. તપ કરવાથી પાપ સર્વ છે,જીવ શુદ્ધ થાય છે. ગૃહ સ્થનો ધર્મ છે કે,વર્ષમાં અગિયાર માસ ઘરમાં રહેવું અને એક માસ કોઈ પવિત્ર તીર્થમાં પવિત્ર સ્થળે એકાંતમાં બેસી તપ કરવું.તે વખતે પ્રવૃત્તિ ન હોવી જોઈએ જે કાર્ય કરો તે પ્રભુ માટે જ કરો.તપ કરવાથી પરમાત્માને દયા આવે છે.તપનું પહેલું અંગ જીભ ઉપર અંકુશ.જેને જરૂરિયાત વધારે છે તે તપ કરી શકશે નહીં. આજકાલ લોકોને જરૂરિયાત વધારે છે. પરિણામએ આવે છે કે સંપત્તિ અને સમયનો વ્યય ઈન્દ્રિયોને લાડ લડાવવામાં જાય છે.મનુષ્ય સાધના કરતો નથી અને ખોટી વાતો કરે છે કે, મને ભગવાન દેખાતા નથી. ભગવાન સુલભ નથી પણ દુર્લભ છે. વિદુરજીએ પરમાત્મા માટે તપશ્ચર્યા કરી છે, તેથી વગર આમંત્રણે પરમાત્મા તેને ઘરે આવ્યા છે. વિદુરજીનો પ્રેમ એવો કે પરમાત્માને પણ તેની પાસે માગવાની ઈચ્છા થાય, ત્યારે સમજવું કે આપણી ભક્તિ સાચી છે. જ્યાં પરમાત્માને પણ પ્રેમહોય ત્યાં માગીને ખાવાની ઈચ્છા થાય છે.પ્રેમ હોય તો કનૈયો કહેછે તું મારા માટે માખણ લઈ આવ જ્યાં પ્રેમ ન હોય ત્યાં આપે તો પણ ખાવાની ઈચ્છા થતી નથી. ઈશ્વર સાથે જેને પ્રેમ કરવો છે તે જગત સાથે બહુ પ્રેમ ન કરે. જગતનો તિરસ્કાર ન કરો તેમ તેની સાથે પ્રેમ પણ ન કરો. પ્રેમ કરવા લાયક એક ઈશ્વર છે. વિદુરજીને ત્યાં પરમાત્મા પધાર્યા છે. સુલભાની ઈચ્છા સફળ થઈ છે.ઠાકોરજીએ તેની ભાજી આરોગી છે. મૈત્રી સમાનમાં થાય. જીવ જો ઈશ્વર જેવો બને તો ભગવાન તેના ઘરે આવે. પ્રભુએ ધૃતરાષ્ટ્રના ઘરનું પાણી પીધું નથી એટલે કૌરવોનો વિનાશ થશે. શુકદેવજી રાજાને કહે છે. ભગવાન શ્રીકૃષ્ણ વિષ્ટિ કરાવવા આવ્યા. પણ કુરુરાજે તેનું કહેવું માન્યું નહીં. પછી સલાહ માટે વિદુરજીને બોલાવવામાં આવ્યા. વિદુરજીએ ધૃતરાષ્ટ્રને ઉપદેશ આપી સમજાવવા પ્રયત્ન કર્યો. પણ ધૃતરાષ્ટ્ર તેનું માનતા નથી. આ ઉપદેશ વિદુરનીતિના નામે ઓળખાય છે. જે બીજાના ધનનું હરણ કરી લે છે તે ધૃતરાષ્ટ્ર. જેની આંખમાં પૈસો છે તે આંખ હોવા છતાં આંધળો થઈ જાય છે પાપી પુત્ર સાથે પ્રેમ કરનારો બાપ એ ધૃતરાષ્ટ્ર પહેલાં તો એક ધૃતરાષ્ટ્ર હતા પણ આજકાલ તો ધૃતરાષ્ટ્રો બહુ વધી પડયા છે. વિદુરજી ધૃત રાષ્ટ્રને કહે છે, દુર્યોધન પાપી છે. દુર્યોધન તારો પુત્ર નથી પણ તારું પાપ જ પુત્ર તરીકે આવ્યો છે. એ તારા વંશનો વિનાશ કરવા આવ્યો છે. ઘણીવાર પાપ જ પુત્રરૂપે આવે અને ત્રાસ આપે છે. શાસ્ત્રમાં કહ્યું છે, દુરાચારી દીકરો માબાપની દુર્ગતિ કરે છે. સદાચારી પુત્ર મા બાપની સદગતિ કરે છે. પુત્ર દુરાચારી હોય તો તેનો સંગ છોડી દેવો. માનવું આ મારો પુત્ર નથી, મારું પાપ પુત્રરૂપે આવ્યું છે. આજકાલના યુવાનો પાપની બીક રાખતા નથી તેથી માર ખાય છે. ચોરી અને વ્યભિચારને મહાપાપ માન્યાં છે.તે ક્ષમ્ય નથી.બીજાં પાપો ક્ષમ્ય છે.કેટલાંક ચોર જેલ માં,કેટલાંક ચોર મહેલમાં રહે છે. ચોર એટલે? વગર મહેનતેબીજાનું પચાવે તે ચોર છે.જેનું છે તેને આપ્યા વિના મફતનું ખાય તે ચોર છે,વગર મહેનતનું જે ખાય તે ચોર છે. સ્થિતિ સારી હોવા છતાં જે અતિથિ સત્કાર કરતો નથી તે ચોર છે. પોતાને માટે જ રાંધીને ખાય તે ચોર છે. અગ્નિમાં આહુતિ આપ્યા વગર ખાય તે ચોર છે. વ્યાજબી નફા કરતાં વધારે લે તે ચોર છે. વિચારો, આમાંથી કોઈમાં તમારો નંબર તો નથી ને....? વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે માઘ પૂર્ણિમાએ અમૃત સ્નાનમાં ભક્તોની મનોકામના પુરી થાય તેવી પ્રાર્થના સહ અસ્તુ.

**યશોભૂમિમાં એકત્રિત જનમેદનીને સંબોધતા તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, તેમાં ઉપસ્થિત લોકો માત્ર ઊર્જા સપ્તાહનો ભાગ જ નથી**

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારત ઊર્જા સપ્તાહમાં સંબોધન કર્યું

**વિકસિત ભારત માટે આગામી બે દાયકા મહત્વપૂર્ણ છે એ બાબત પર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આગામી પાંચ વર્ષમાં કેટલાંક મહત્વપૂર્ણ સીમાચિહ્નો હાંસલ થશે, તેમણે નોંધ્યું હતું કે, ભારતનાં ઘણાં ઊર્જા લક્ષ્યાંકો વર્ષ ૨૦૩૦ની સમયમર્યાદા સાથે સુસંગત છે, જેમાં ૫૦૦ ગિગાવોટ પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતાનો ઉમેરો, ભારતીય રેલવે માટે શૂન્ય કાર્બન ઉત્સર્જન હાંસલ કરવું અને વાર્ષિક ધોરણે ૫૦ લાખ મેટ્રિક ટન ગ્રીન હાઇડ્રોજનનું ઉત્પાદન સામેલ છે, તેમણે સ્વીકાર્યું હતું કે, આ લક્ષ્યાંકો મહત્વાકાંક્ષી લાગી શકે છે પણ વીતેલા દાયકાની સિદ્ધિઓએ આ લક્ષ્યાંકો હાંસલ થશે.**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વીડિયો સંદેશ મારફતે ઈન્ડિયા એનર્જી વીક ૨૦૨૫માં સંબોધન કર્યું હતું. યશોભૂમિમાં એકત્રિત જનમેદનીને સંબોધતા તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, તેમાં ઉપસ્થિત લોકો માત્ર ઊર્જા સપ્તાહનો ભાગ જ નથી, પણ ભારતની ઊર્જા મહત્ત્વાકાંક્ષાઓનું અભિન્ન અંગ પણ છે. તેમણે તમામ સહભાગીઓનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. જેમાં વિદેશથી આવેલા વિશિષ્ટ અતિથિઓ સામેલ છે, તેમણે આ કાર્યક્રમમાં તેમની મહત્ત્વપૂર્ણ ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. દુનિયાભરના નિષ્ણાતો કહે છે કે ૨૧મી સદી ભારતની છે. એ વાત પર ભાર મૂકીને શ્રી મોદીએ કહ્યું હતું કે, ''ભારત માત્ર તેના વિકાસને જ નહીં, પણ વિશ્વના વિકાસને પણ આગળ ધપાવી રહ્યું છે. જેમાં ઊર્જા ક્ષેત્ર મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે.'' તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારતની ઊર્જા મહત્ત્વાકાંક્ષાઓ પાંચ આધારસ્તંભ પર નિર્મિત છેઃ સંસાધનોનો ઉપયોગ કરવો, ઉત્કૃષ્ટ મનમાં નવીનતાને પ્રોત્સાહન આપવું, આર્થિક તાકાત અને રાજકીય સ્થિરતા, વ્યૂહાત્મક ભૂગોળ ઊર્જા વેપારને આકર્ષક અને સરળ બનાવવો તથા વૈશ્વિક સ્થિરતા માટે પ્રતિબદ્ધતા. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, આ પરિબળો ભારતનાં ઊર્જા ક્ષેત્રમાં નવી તકોનું સર્જન કરી રહ્યાં છે. વિકસિત ભારત માટે આગામી બે દાયકા મહત્ત્વપૂર્ણ છે એ બાબત પર ભાર મૂકીને પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આગામી પાંચ વર્ષમાં કેટલાંક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નો હાંસલ થશે. તેમણે નોંધ્યું હતું કે, ભારતનાં ઘણાં ઊર્જા લક્ષ્યાંકો વર્ષ ૨૦૩૦ની સમયમર્યાદા સાથે સુસંગત છે. જેમાં ૫૦૦ ગિગાવોટ પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષમતાનો ઉમેરો, ભારતીય રેલવે માટે શૂન્ય કાર્બન ઉત્સર્જન હાંસલ કરવું અને વાર્ષિક ધોરણે ૫૦ લાખ મેટ્રિક ટન ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન સામેલ છે. તેમણે સ્વીકાર્યું હતું કે, આ લક્ષ્યાંકો મહત્ત્વાકાંક્ષી લાગી શકે છે પણ વીતેલા દાયકાની સિદ્ધિઓએ આ લક્ષ્યાંકો હાંસલ થશે એવો આત્મવિશ્વાસ જગાવ્યો છે. શ્રી મોદીએ જણાવ્યું હતું કે, ''છેલ્લાં દાયકામાં ભારત દસમું સૌથી મોટું અર્થતંત્ર હતું. જે સૌથી મોટું અર્થતંત્ર છે, જે છેલ્લાં દાયકામાં વધીને પાંચમું સૌથી મોટું અર્થતંત્ર બન્યું છે.'' તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, છેલ્લાં ૧૦ વર્ષમાં ભારતની સૌર ઊર્જાનાં ઉત્પાદનની ક્ષમતામાં ૩૨ ગણો વધારો થયો છે. જેણે તેને વિશ્વનો ત્રીજો સૌથી મોટો સૌર ઊર્જા ઉત્પાદન કરતો દેશ બનાવ્યો છે. તેમણે નોંધ્યું હતું કે, ભારતની બિન-અશ્મિભૂત ઈંધણ ઊર્જા ક્ષમતા ત્રણ ગણી વધી ગઈ છે અને ભારત પેરિસ સમજૂતીનાં લક્ષ્યાંકો હાંસલ કરનારો પ્રથમ જી-૨૦ દેશ છે. પ્રધાનમંત્રીએ ભારતની એથનોલના મિશ્રણમાં ભારતની સિદ્ધિઓ પર ભાર મૂક્યો હતો. જેમાં વર્તમાન દર ઓગણીસ ટકા છે. જે વિદેશી હૂંડિયામણની બચત, ખેડૂતોની નોંધપાત્ર આવક અને કાર્બન ડાયોકસાઈડના ઉત્સર્જનમાં નોંધપાત્ર ઘટાડા



તરફ દોરી જશે. તેમણે ઓક્ટોબર, ૨૦૨૫ સુધીમાં ૨૦ ટકા ઈથેનોલ જનાદેશ હાંસલ કરવાનાં ભારતનાં લક્ષ્યાંક પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે નોંધ્યું હતું કે, ભારતનો જૈવિક-બળતણ ઉદ્યોગ ૫૦૦ મિલિયન મેટ્રિક ટન ટકાઉ ફીડસ્ટોક સાથે ઝડપી વૃદ્ધિ માટે તૈયાર છે. તેમણે વધુમાં નોંધ્યું હતું કે, ભારતનાં જી૨૦નાં રાષ્ટ્રપતિ પદ દરમિયાન ગ્લોબલ બાયોફ્યુઅલ્સ એલાયન્સની સ્થાપના થઈ હતી અને તેનું સતત વિસ્તરણ થઈ રહ્યું છે. જેમાં અત્યારે ૨૮ દેશો અને ૧૨ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સામેલ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ જોડાણ કચરાને સંપત્તિમાં પરિવર્તિત કરી રહ્યું છે અને ઉત્કૃષ્ટતા કેન્દ્રની સ્થાપના કરી રહ્યું છે. ભારત તેના હાઈડ્રોકાર્બન સંસાધનોની શક્યતાને સંપૂર્ણપણે ચકાસવા સતત સુધારા કરી રહ્યું છે એ બાબત પર ભાર મૂકીને શ્રી મોદીએ જણાવ્યું હતું કે, ગેસની માળખાગત સુવિધાઓની મુખ્ય શોધો અને વિસ્તૃત વિસ્તરણ ગેસ ક્ષેત્રની વૃદ્ધિમાં પ્રદાન કરી રહ્યું છે. જેણે ભારતના ઊર્જા મિશ્રણમાં કુદરતી ગેસનો હિસ્સો વધાર્યો છે. તેમણે નોંધ્યું હતું કે, ભારત હાલમાં ચોથું સૌથી મોટું રિફાઈનિંગ હબ છે અને તેની ક્ષમતામાં ૨૦ ટકાનો વધારો કરવા માટે કામ કરી રહ્યું છે. ભારતના જળકૃત તટપ્રદેશો અસંખ્ય હાઈડ્રોકાર્બન સંસાધનો ધરાવે છે. જેમાંથી કેટલાકની ઓળખ થઈ ચૂકી છે. જ્યારે અન્યો સંશોધનની રાહ જોઈ રહ્યા છે એ બાબત તરફ ધ્યાન દોરતાં પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ભારતનાં અપસ્ટ્રીમ ક્ષેત્રને વધારે આકર્ષક બનાવવા સરકારે ઓપન એકરેજ લાઈસન્સિંગ નીતિ (ઓએએલપી) પ્રસ્તુત કરી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સરકારે આ ક્ષેત્રને વિસ્તૃત ટેકો પૂરો પાડ્યો છે. જેમાં એક્સક્લુઝિવ ઈકોનોમિક ઝોન ખોલવાનો અને સિંગલ-વિન્ડો ક્લિયરન્સ સિસ્ટમની સ્થાપના સામેલ છે. શ્રી મોદીએ નોંધ્યું હતું કે, ઓઈલફિલ્ડ્સ રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ એક્ટમાં ફેરફારો હવે હિતધારકોની નીતિગત સ્થિરતા, ભાડાપટ્ટા પર વિસ્તૃત અને સુધારેલી નાણાકીય શરતો પ્રદાન કરે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ સુધારાઓ દરિયાઈ ક્ષેત્રમાં ઓઈલ અને ગેસ સંસાધનોની શોધને સરળ બનાવશે, ઉત્પાદનમાં વધારો કરશે અને વ્યૂહાત્મક પેટ્રોલિયમ ભંડારો જાળવી રાખશે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, કેટલીક શોધો અને ભારતમાં પાઈપલાઈનની માળખાગત સુવિધાઓના વિસ્તરણને કારણે કુદરતી ગેસનો પુરવઠો વધી રહ્યો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, તેનાથી નજીકનાં ભવિષ્યમાં કુદરતી ગેસનાં ઉપયોગમાં વધારો થશે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, આ ક્ષેત્રોમાં રોકાણની અસંખ્ય તકો છે. શ્રી મોદીએ કહ્યું હતું કે, ''ભારતનું મુખ્ય ધ્યાન મેક ઈન ઈન્ડિયા અને સ્થાનિક પુરવઠા શૃંખલાઓ પર કેન્દ્રિત છે.'' તેમણે ભારતમાં પીવી મોડ્યુલ્સ સહિત વિવિધ પ્રકારનાં હાર્ડવેરનાં ઉત્પાદન માટે નોંધપાત્ર સંભવિતતા પર પ્રકાશ પાડ્યો હતો. પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, ભારત સ્થાનિક ઉત્પાદનને ટેકો આપી રહ્યું છે, જેમાં છેલ્લાં ૧૦ વર્ષમાં સોલર પીવી મોડ્યુલની ઉત્પાદન ક્ષમતા ૨ ગિગાવોટથી વધીને આશરે ૭૦ ગિગાવોટ થઈ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, પ્રોડક્શન લિક્ડ ઈન્સેન્ટિવ (પી એલઆઇ) યોજનાએ આ ક્ષેત્રને વધારે આકર્ષક બનાવ્યું છે. જે ઉચ્ચ કાર્યદક્ષતા ધરાવતા સોલર પીવી મોડ્યુલનાં ઉત્પાદનને પ્રોત્સાહન આપે છે, બેટરી અને સંગ્રહ ક્ષમતાના ક્ષેત્રમાં નવીનીકરણ અને ઉત્પાદન માટે નોંધપાત્ર તકોનો ઉલ્લેખ કરીને પ્રધાનમંત્રીએ નોંધ્યું હતું કે, ભારત ઝડપથી ઈલેક્ટ્રિક મોબિલિટી તરફ આગેકૂચ કરી રહ્યું છે. આ ક્ષેત્રમાં આટલા મોટા દેશની માગણીઓ પૂર્ણ કરવા ઝડપી કામગીરી કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. શ્રી મોદીએ નોંધ્યું હતું કે, ચાલુ વર્ષનાં અંદાજપત્રમાં ગ્રીન એનર્જીને ટેકો આપતી અસંખ્ય જાહેરાતો સામેલ છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સરકારે ઈવી અને મોબાઈલ ફોન બેટરીના ઉત્પાદન સાથે સંબંધિત કેટલીક વસ્તુઓને મૂળભૂત કસ્ટમ્સ ડ્યુટીમાંથી મુક્તિ આપી છે. તેમાં કોબાલ્ટ પાવડર, લિથિયમ-આયન બેટરીનો કચરો, સીસું, ઝિંક અને અન્ય મહત્વપૂર્ણ ખનિજોનો સમાવેશ થાય છે. તેમણે નોંધ્યું હતું કે, રાષ્ટ્રીય ક્રિટિકલ મિનરલ્સ મિશન ભારતમાં મજબૂત સપ્લાય ચેઈનનું નિર્માણ કરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તેમણે નોન-લિથિયમ બેટરી ઈકોસિસ્ટમને પ્રોત્સાહન આપવા પર પણ પ્રકાશ પાડ્યો હતો. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ચાલુ વર્ષના અંદાજપત્રે પરમાણુ ઊર્જા ક્ષેત્રનો શુભારંભ કર્યો છે અને ઊર્જામાં થતું દરેક રોકાણ યુવાનો માટે નવી રોજગારીનું સર્જન કરી રહ્યું છે અને હરિયાળી રોજગારી માટે તકોનું સર્જન કરી રહ્યું છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, ''ભારતના ઊર્જા ક્ષેત્રને મજબૂત કરવા માટે સરકાર જનતાને સશક્ત બનાવી રહી છે.'' તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સામાન્ય પરિવારો અને ખેડૂતોને ઊર્જા પ્રદાતા બનાવવામાં આવ્યા છે. તેમણે નોંધ્યું હતું કે, પ્રધાનમંત્રી સૂર્યઘર મફત વીજળી યોજના ગયા વર્ષે શરૂ થઈ હતી.

### અભિનેત્રી આલિયા ભટ્ટ ફિટનેસ પ્રત્યે ખૂબ જ સભાન

# આલિયા ભટ્ટ વર્કઆઉટમાં પણ માહેર

## ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક વીડિયો શેર કર્યો છે જેમાં તે જીમમાં વર્કઆઉટ કરતી જોઈ શકાય



અભિનેત્રી આલિયા ભટ્ટ ફિટનેસ પ્રત્યે ખૂબ જ સભાન છે. તેણે તાજેતરમાં એક પ્રેરક વિડિઓ શેર કર્યો અને લોકોને તેની તીવ્ર કસરત બતાવી. આલિયાની મહેનત અને સમર્પણ જોઈને બધાને આશ્ચર્ય થાય છે કે આ ઉંમરે પણ તે કેટલી મહેનત કરી રહી છે.અભિનેત્રી આલિયા ભટ્ટ ફિટનેસ ફ્રીક છે અને પોતાને ફિટ રાખવાનું પસંદ કરે છે. અભિનેત્રી ઘણીવાર જીમની બહાર જોવા મળી છે અને તેણે તેના ચાહકોને પ્રોત્સાહિત કરવા માટે ફિટનેસ વીડિયો પણ શેર કર્યા છે. ફરી એકવાર આલિયાએ કંઈક આવું જ કર્યુ છે જ્યારે તેણે એક કઠિન વર્કઆઉટનો વીડિયો શેર કર્યો છે. આમાં, આપણે તેને ખૂબ પરસેવો પાડતો જોઈ શકીએ છીએ. આ વીડિયો ચાહકોની પ્રતિક્રિયાઓ સાથે વાયરલ થયો છે.આલિયા ભટ્ટે તેના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર એક વીડિયો શેર કર્યો છે જેમાં તે જીમમાં વર્કઆઉટ કરતી જોઈ શકાય છે. આલિયા ભટ્ટ હાલમાં રણબીર કપૂર અને વિક્કી કૌશલ સાથે તેની આગામી ફિલ્મ ‘લવ એન્ડ વોર’નું શૂટિંગ કરી રહી છે. તાજેતરની વાતચીતમાં, વિકીએ આલિયા અને રણબીર સાથેના તેના સંબંધો વિશે વાત કરી. તેણે કહ્યું હતું કે, ‘મને તે બંને સાથે ખૂબ જ આરામદાયક લાગે છે.’ હું રણબીર સાથે મારી બીજી ફિલ્મ કરી રહી છું . મેં તેની સાથે સંજુ કર્યું. હું આલિયા સાથે સંમત છું, તેથી બંને પ્રતિભાશાળી કલાકારો સાથે કામ કરવું ખૂબ જ સરળ છે. મારે એ કહેવાની પણ જરૂર નથી.

### સ્પોર્ટ્સમાં શરીરને થકવી નાખો : સલમાન

# સલમાન માટે બે કલાકની ઊંઘ પૂરતી

ઉંમરના છ દસકા નજીક પહોંચેલા સલમાન ખાનની ફિટનેસ અને એનર્જી યુવાનોને ટક્કર આપે તેવી છે. જિમ અને ચુસ્ત ડાયેટના આગ્રહી સલમાન ખાનને સતત કામમાં વ્યસ્ત રહેવાનું ગમે છે. સલમાન ખાને પોતાના પ્રથમ પોડકાસ્ટમાં દાવો કર્યો હતો કે, તેઓ રોજ માત્ર બે કલાક જ ઉંઘે છે. કોઈ કામ બાકી ન રહ્યું ત્યારે જ ઊંઘ આવે છે. ભત્રીજા અરહાન ખાનના પોડકાસ્ટ ‘ડમ્બ બિરિયાની’માં સલમાને અરહાન અને તેના મિત્રોને સતત ઉત્સાહમાં રહેવા અને સખત મહેનત કરવા પ્રોત્સાહિત કર્યા હતા. દિવસ ભર કામ માટેનો ઉત્સાહ જાળવી રાખવા પોતે શું કરે છ તે અંગે સલમાન કહ્યું હતું કે, કોઈ કામ કરવાનું ન હોય ત્યારે જ ઊંઘવાનું પસંદ કરે છે. મહિને એકાદ વખત ૭-૮ કલાકની ઊંઘ મળે છે. શૂટ દરમિયાન થોડો બ્રેક મળ્યો હોત તો કેટલીક મિનિટો ઊંઘ ખેંચી લે છે. પોતે જેલમાં હતો ત્યારે ખૂબ સારી ઊંઘ આવી હોવાનું સલમાન કહે છે. એરક્રાફ્ટમાં તકલીફ સર્જાી ત્યારે પણ ઊંઘી ગયો હતો, કારણ કે આ સમયે સલમાન પાસે કોઈ કામ કરવાનું ન હતું. અરહાન અને તેના મિત્રોને સતત કામમાં વ્યસ્ત રહેવાની સલાહ આપતાં કહ્યું હતું કે, સ્પોર્ટ્સમાં શરીરને થકવી નાખો. થાક લાગે એટલે પેઈન્ટિંગ શરૂ કરો અને ચહેરા પર થાક નહીં લાગે. આ રીતે સતત કામમાં વ્યસ્ત રહી શકાય છે. અત્યારે ઉત્સાહ ઘટી રહ્યો છે હોવાથી જ આળસ આવે છે. ઉત્સાહ જતો રહે તો માણસની ઉંમર વધવા લાગે છે અને આવું ક્યારેય થવા દેવું જોઈએ નહીં. હું થાકી ગયો છું કે મને ઊંઘ નથી આવતી કહેવાના બદલે શરીરને ખૂબ થકવી નાખવું જોઈએ, જેથી તરત ઊંઘ આવી જાય.



# અભિનેતા વિક્રાંત મેસીએ હાથ પર દીકરાનું નામ ટેટૂ કરાવ્યું

## વિક્રાંતે ૨૦૧૩ માં ફિલ્મ ‘લૂટેરા’ થી બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો, તેમણે ૧૨ વર્ષના કરિયરમાં ઉત્તમ ફિલ્મો કરી છે

વિક્રાંત મેસીનો પુત્ર વરદાન એક વર્ષનો થયો. આ પછી અભિનેતાએ તેની પત્ની શીતલ ઠાકુર સાથેના ફોટા શેર કર્યા. તેણે પહેલી વાર પોતાના એક વર્ષના દીકરાનો ચહેરો દુનિયાને બતાવ્યો છે. તેમની પોસ્ટ વાયરલ થઈ રહી છે.બોલિવૂડ અભિનેતા વિક્રાંત મેસી ગયા વર્ષે એક પુત્રના પિતા બન્યા હતા. તેમણે અને તેમની પત્ની શીતલ ઠાકુરે તેમના પહેલા બાળકનું નામ વરદાન રાખ્યું. અત્યાર સુધી તેણે તેણીને દુનિયાની નજરથી છુપાવી રાખી હતી. પરંતુ એક વર્ષ પૂર્ણ થયા પછી, તેમણે પોતાનો ચહેરો બતાવી દીધો છે. એનો અર્થ એ કે આશીર્વાદનો ચહેરો દેખાડી દેવામાં આવ્યો છે. વિક્રાંત મેસીએ એક વર્ષ પહેલા ૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ ના રોજ તેમના પુત્ર વરદાન મેસીનું સ્વાગત કર્યુ હતું. તેણે થોડા મહિના પહેલા અભિનયમાંથી પણ બ્રેક લીધો હતો જેથી તે તેના પરિવાર સાથે વધુ સમય વિતાવી શકે. હવે તે પોતાના પુત્ર વરદાનનો પહેલો જન્મદિવસ ઉજવી રહ્યો છે. તેમણે એક પાર્ટીનું આયોજન કર્યુ હતું, જેની એક ઝલક તેમણે હવે સોશિયલ મીડિયા પર શેર કરી છે.વિક્રાંત મેસીએ પોતાના હાથ પર દીકરાનું નામ ટેટૂ કરાવ્યું, વરદાન ઉપરાંત, તેણે ટેટૂમાં બીજી એક ખાસ વસ્તુ લખાવી.વિક્રાંત મેસીએ ૮ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ તેમના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર તેમની પત્ની શીતલ સાથેની સુંદર તસવીરો શેર કરી હતી.વિક્રાંત મેસી અને શીતલ ઠાકુરે ૨૦૧૫ માં એકબીજાને ડેટ કરવાનું શરૂ કર્યુ. બંનેએ ૨૦૧૮ માં રિલીઝ થયેલી વેબ સિરીઝ ‘બ્રોકન બટ બ્યુટીફુલ’ માં સાથે કામ કર્યુ હતું. કેટલાક અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે બંને પહેલી વાર આ શોના સેટ પર મળ્યા હતા અને ડેટિંગ શરૂ કર્યુ હતું. સારું. બંનેએ ૨૦૧૯ માં સગાઈ કરી અને ૨૦૨૨ માં તેમના લગ્ન રજીસ્ટર કરાવ્યા. ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૨ ના રોજ, તેમના હિમાચલ પ્રદેશમાં એક આત્મીય લગ્ન થયા હતા, જેમાં ફક્ત પરિવારના સભ્યો જ હાજર રહ્યા હતા.વિક્રાંતે ૨૦૧૩ માં ફિલ્મ ‘લૂટેરા’ થી બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો. તેમણે ૧૨ વર્ષના કરિયરમાં ઉત્તમ ફિલ્મો કરી છે. આમાં ‘છપાક’, ‘હસીન દિલરુબા’, ‘૧૨મી ફેલ’ અને ‘સેક્ટર ૩૬’ સહિતની તેમની ઘણી ફિલ્મોનો સમાવેશ થાય છે. તે ‘યાર જીગરી’, ‘ટીએમઈ’ અને ‘આંખો કી ગુસ્તાખિયાં’માં જોવા મળશે.




### ‘સનમ તેરી કસમ’ ૨૦૧૬ના વર્ષમાં રિલીઝ થઈ હતી

# સનમ તેરી કસમ: રી-રિલીઝમાં બે નવી ફિલ્મોને માત આપી





હર્ષવર્ધન રાણે અને મારવા હોકેનને લીડ રોલમાં દર્શાવતી ‘સનમ તેરી કસમ’ ૨૦૧૬ના વર્ષમાં રિલીઝ થઈ હતી. ૯ વર્ષ બાદ ફરી રિલીઝ થયેલી ફિલ્મે ‘લવયપા’ અને ‘બેડઍસ રવિકુમાર’ કરતાં વધુ કલેક્શન મેળવ્યું, રિલીઝ સમયે બોક્સઓફિસ પર ફ્લોપ રહેલી આ ફિલ્મને ૯ વર્ષે ફરી રિલીઝ કરવામાં આવી છે. માત્ર બે દિવસમાં જ આ ફિલ્મે ઓરિજિનલ રિલીઝ મેળવેલા કુલ કલેક્શન કરતાં વધુ આવક મેળવી છે. આ સાથે બે નવી રિલીઝને પણ માત આપી છે. ‘સનમ તેરી કસમ’ ૭ ફેબ્રુઆરીએ ફરી રિલીઝ થઈ હતી. શુક્રવારે આ ફિલ્મે રૂ.૪.૨૫ કરોડનું નેટ કલેક્શન મેળવ્યું હતું, જે ઓરિજિનલ ઓપનિંગ ડે કલેક્શન કરતાં ત્રણ ગણવ હતું. બીજા દિવસે ફિલ્મની આવક ૧૫ ટકા વધી હતી અને તેણે ૫.૨૫ કરોડ મેળવ્યા હતા. આમ બે દિવસમાં જ ‘સનમ તેરી કસમ’ને ૯.૫૦ કરોડનું કલેક્શન મળી ગયું છે. આ ફિલ્મની સ્પર્ધા બે નવી રિલીઝ સાથે હતી. આમિર ખાનના દીકરા ઝુનૈદ અને ખુશી કપૂરની ડેબ્યુ ફિલ્મ ‘લવયપા’ને બે દિવસમાં ૨.૩૫ કરોડ અને હિમેશ રેશમિયાની ‘બેડઍસ રવિકુમાર’ને ૩.૧૫ કરોડનું કલેક્શન મળ્યુ હતું. માત્ર બે દિવસમાં જ ઓરિજિનલ કલેક્શનને પાછળ રાખવાની સાથે બે નવી રિલીઝને માત આપતા હર્ષવર્ધન રાણે ખૂબ ખુશ છે. હર્ષવર્ધને આ પ્રસંગે શાહરૂખની હિટ ફિલ્મ ‘ઓમ શાંતિ ઓમ’ના ડાયલોગને યાદ કર્યો હતો. તેણે કહ્યું હતું કે, અગર સબ ઠીક ના હો તો ધ એન્ડ નહી હે. પિક્ચર અભી બાકી હે મેરે દોસ્ત.

### ‘લવયાપા’ તમિલ ફિલ્મ ‘લવ ટુડે’ ની હિન્દી રિમેક છે

# હિમેશ રેશમિયાની ‘બેડ એસ રવિ કુમાર’ જુનૈદની ‘લવયાપા’થી આગળ

આમિર ખાનના પુત્ર જુનૈદ અને ખુશી કપૂરની ફિલ્મ ‘લવયાપા’એ પહેલા દિવસે ઘણી ઓછી કમાણી કરી છે, જ્યારે હિમેશ રેશમિયાની ફિલ્મ ‘બેડ એસ રવિ કુમારર’એ તેની સરખામણીમાં સારી કમાણી કરી છે. ‘લવયાપા’ તમિલ ફિલ્મ ‘લવ ટુડે’ ની હિન્દી રિમેક છે અને ‘બેડ એસ રવિ કુમાર’ ની વાર્તા એક પોલીસ કર્મચારી વિશે છે. હાલમાં બોક્સ ઓફિસ પર ઘણી ફિલ્મો ચાલી રહી છે. એક તરફ આમિર ખાનના દીકરા જુનૈદ અને ખુશી કપૂરની ‘લવયાપા’ છે અને બીજી તરફ હિમેશ રેશમિયાની ‘બેડ એસ રવિ કુમાર’ છે. જ્યારે તાજેતરના ભૂતકાળમાં ‘લવયાપા’નું ખૂબ પ્રમોશન થયું છે, ત્યારે ‘બેડ એસ રવિ કુમાર’ આ બાબતમાં પાછળ રહી ગયું. જોકે, ‘બેડ એસ રવિ કુમાર’ કમાણીના મામલે આગળ રહ્યું છે. વર્ષ ૨૦૨૨ માં, એક નાની તમિલ ફિલ્મ ‘લવ ટુડે’ રિલીઝ થઈ, જેમાં એક આધુનિક પ્રેમકથા હતી. ફિલ્મના લેખક ફિલ્મના હીરો હતા અને તેણે બોક્સ ઓફિસ પર ૧૦૦ કરોડ રૂપિયાથી વધુની કમાણી કરી હતી. હવે એ જ ફિલ્મ હિન્દીમાં ‘લવયાપા’ નામથી બનાવવામાં આવી છે. આ દિલ્હી સ્થિત કપલ ગૌરવ અને બાનીની વાર્તા છે જેમની ઈન્સ્ટાગ્રામ પર મુલાકાત ડેટમાં ફેરવાય છે અને પછી તેઓ લગ્ન માટે તૈયાર થાય છે. પરંતુ આ લગ્ન માટે, બાનીના પિતા એક શરત મૂકે છે જેમાં તે ગૌરવ અને બાનીને ૨૪ કલાક માટે તેમના ફોન એક્સચેન્જ કરવાનું કહે છે અને અહીંથી બધી મુશ્કેલી શરૂ થાય છે. ‘લવયાપા’નો પહેલા દિવસનો સંગ્રહ ‘લવયાપા’ એ પહેલા દિવસે અપેક્ષા કરતાં ઘણી ઓછી કમાણી કરી છે. સેકનિલ્કના રિપોર્ટ મુજબ, આ ફિલ્મે ૧.૨૫ કરોડ રૂપિયાની કમાણી કરી છે. ફિલ્મના વિશ્વવ્યાપી કલેક્શનની હજુ રાહ જોવાઈ રહી છે. ઓક્યુપન્સીની વાત કરીએ તો, સૌથી વધુ નાઈટ શોમાં હતું જે લગભગ ૧૫.૭૭% હતું. હિમેશ રેશમિયા સ્ટારર ‘બેડ એસ રવિ કુમાર’ ની વાર્તા દરમિયાન, હિમેશ રેશમિયા અભિનીત ફિલ્મ ‘બેડએસ રવિ કુમાર’ એક પોલીસ કર્મચારીની વાર્તા છે જે કાયદાના દાયરાની બહાર કામ કરે છે. તેના મનમાં એક ચિત્ર છે જે તે તેના વાસ્તવિક જીવનમાં પણ પસાર કરી રહ્યો છે. તે દેશના રહસ્યોનું રક્ષણ કરવાના મિશન પર છે. રવિ કુમાર આ ફિલ્મનો હીરો છે અને ભ્રષ્ટાચારને નાબૂદ કરવા માટે, તે ફક્ત તેની ગોળીઓથી જ નહીં, પરંતુ તેના સંવાદોથી પણ ખરાબ લોકો પર હુમલો કરે છે. ‘બેડ એસ રવિ કુમાર’ ફિલ્મે પહેલા દિવસે સારી કમાણી કરી છે, ‘લવયાપા’ ને પાછળ છોડી દીધી છે. લગભગ ૨૦ કરોડ રૂપિયાના બજેટમાં બનેલી આ ફિલ્મે ૨.૭૫ કરોડ રૂપિયાની કમાણી કરી છે. આ ફિલ્મે નાઈટ શોમાં સૌથી વધુ ઓક્યુપન્સી પણ જોઈ હતી જે લગભગ ૨૫.૪૮% હતી.




### અમીષાની ન્યૂકમર્સને સલાહ

# ક્ષમતા મોટા પડદે બતાવવી જોઈએ, ઈન્સ્ટાગ્રામ પર નહીં!



## શાહરૂખ, અક્ષય અને સલમાનની જેમ દાયકાઓ સુધી ઓડિયન્સને આકર્ષિત કરવાનો દમ નવી પેઢીમાં નથી

અમીષા પટેલ છેલ્લા ત્રણ દાયકાથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એક્ટિવ હોવાથી ઘણાં પરિવર્તનોની સાક્ષી બનેલી છે. અમીષાનું માનવું છે કે, નવી પેઢીના એક્ટર્સને સોશિયલ મીડિયા પર છવાયેલા રહેવામાં વધારે રસ છે. તેમણે પોતાની ક્ષમતા મોટા પડદા પર બતાવવી જોઈએ, સોશિયલ મીડિયા પર પ્રભાવ ઊભો કરવામાં સમય વેડફવો જોઈએ નહીં. અમીષા પટેલે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું, વર્તમાન સ્થિતિની સરખામણીએ અમારો સમય વધારે વાસ્તવિક હતો. શાહરૂખ સલમાન, પ્રીતિ, રાની, કરીના સહિત અમારા જેવા એક્ટર્સ કેમેરાની સામે પોતાની કામગીરી પર ધ્યાન આપતા હતા. નવી પેઢીના એક્ટર્સ પર સોશિયલ મીડિયાનું દબાણ છે. તેઓ સોશિયલ મીડિયા પર પોતાની ઈમેજ ઊભી કરવામાં વધારે ધ્યાન આપે છે. તેઓ રીલ બનાવવામાં વધારે વ્યસ્ત રહેતા હોવાથી કેમેરા સામે ક્ષમતા બતાવી શકતા નથી અને તેના કારણે ઓડિયન્સને આકર્ષિત કરવામાં નિષ્ફળ રહે છે. મેકઅપ વાન, મેકઅપ આર્ટિસ્ટ અને પોતાની રૂટિન પાર્ટીઓની વાત કરે છે. તેઓ મોટા પડદા પર સફળ થવાના બદલે પાર્ટી એન્જોય કરવામાં વધારે ખુશ રહે છે. અમીષાએ પોતાના આ અભિપ્રાયના સમર્થનમાં ન્યૂ કમર્સની ફિલ્મોને બોક્સઓફિસ પર મળેલી પછડાટનો ઉલ્લેખ કર્યો હતો. શાહરૂખ, અક્ષય અને સલમાન જેવા એક્ટર્સ દાયકાઓ સુધી ઓડિયન્સને આકર્ષિત કરી શકે છે, પરંતુ નવી પેઢીમાં આ પ્રકારનો દમ જોવા મળતો નથી. અમીષાના મતે લોકો હજુ પણ તેની પેઢીના એક્ટર્સને જોવા માગે છે, કારણ કે પાર્ટી કે ઈવેન્ટ્સમાં તેઓ ખાસ રસ રાખતા નથી. ઈન્સ્ટાગ્રામ એક માધ્યમ છે, તેને આપણું જીવન બનાવવાની ભૂલ ન કરવી જોઈએ. સોશિયલ મીડિયાના કારણે લોકોને એક્ટર્સના જીવનની દરેક વાત ખબર હોય છે. એક્ટર્સ સાથેની આટલી બધી નિકટતાના કારણે ઓડિયન્સની તમામ ઉત્સુકતા ઘટી ગઈ છે. આપણે દરેક જગ્યાએ જોવા મળીએ તો ઓડિયન્સમાં આકર્ષણ રહેતું નથી. તેથી થોડું અંતર રાખવાની જરૂર હોય છે. અમીષાએ સુપર સ્ટારડમ મેળવવા માટે સોશિયલ મીડિયાની જરૂર ન હોવાનો દાવો કર્યો હતો.

# વિકી કૌશલ મેડોકના હોરર કોમેડી યુનિવર્સમાં જોડાશે?

## ભણસાલીની ફિલ્મો ઘણી અલગ હોય છે, આખરે વિકી કૌશલે ભણસાલીની ‘લવ એન્ડ વોર’ વિશે વાત કરી



લગભગ છેલ્લાં એક વર્ષથી સંજય લીલા ભણસાલીની ફિલ્મની ચર્ચાઓ ચાલે છે, જેમાં આલિયા ભટ્ટ, રણબીર કપૂર અને વિકી કૌશલ એકસાથે કામ કરી રહ્યાં છે. સંજય લીલા ભણસાલીએ ફિલ્મ ‘લવ ઍન્ડ વૉર’ માટે શાંતિથી ચુપચાપ શૂટિંગ શરૂ પણ કરી દીધું. મુંબઈના વિવિધ લોકેશન પર આ ફિલ્મ શૂટ થઈ રહી છે. આ રોમેન્ટિક એક્શન ફિલ્મ ઈદ ૨૦૨૬ પર રિલીઝ થવાની શક્યતા છે. તાજેતરમાં એક માસ્ટરક્લાસ દરમિયાન વિકી કૌશલે ભણસાલી સાથે કામ કરવાના પોતાના અનુભવ વિશે વાત કરી હતી. વિકીએ કહ્યું,“મને લાગે છે કે બધાં જ સમજશે કે કેમ દરેક કલાકાર એવું કહે છે કે સંજય લીલા ભણસાલીની ફિલ્મમાં કામ કરવું એ એમનું સપનું હોય છે. એ એક માસ્ટર અને જિનિયસ છે. તેમને કામ કરતા જોવા એ એક લ્હાવો છે, એ જે કરે છે એમાં એમની માસ્ટરી છે. એમની ફિલ્મો હંમેશા ખાસ હોય છે અને હંમેશા અલગ હોય છે. એ જે દુનિયા રચે છે, પાત્રો વચ્ચે જે પ્રકારના સંબંધો રચે છે તે અદ્દભુત છે. તેમનાંમાંથી ઘણું શીખવાનું છે. અમે હજુ તો એ ફિલ્મ પર કામ કરવાની શરૂઆત કરી છે, મને રણબીર આલિયા સાથે કામ કરવાની પણ મજા આવે છે. એ બંને સાથે સંજુ અને રાઝી પછી આ મારી બીજી ફિલ્મ છે. તેથી સેટ પર કામ કરવાની મજા આવે છે. ફિલ્મ વિશે હું કશું જ વધારે કહી શકીશ નહીં, પરંતુ હું ખરેખર છાવા અને લવ ઍન્ડ વૉરની રાહ જોઉં છું.’’જ્યારે એક ઈન્ટરવ્યુમાં વિક્કી કૌશલે મેડોકના હોરર કોમેડી યુનિવર્સમાં કામ કરવા અંગે જણાવ્યું,“મને બહુ જ ગમશે. મને ગમશે કારણ કે આ એક જોનર છે, જેમાં મેં હજુ સુધી કામ કર્યુ નથી. તો એવું કશુંક આવે, ખાસ કરીને કશુંક જો મેડોક તરફથી આવે, જેમની આ જોનરમાં માસ્ટરી છે તો મને ચોક્કસ કરવું ગમશે.’’ વિકીની છાવા પણ મેડોક દ્વારા જ પ્રોડ્યુસ કરવામાં આવી છે અને પરશુરામ ભગવાન પરની ફિલ્મ પર પણ તે કામ કરી રહ્યો છે.વિકીના છાવાના ડિરેક્ટર લક્ષ્મણ ઉટેકરે પણ સ્ત્રી ૨ના ડિરેક્ટર અમર કૌશિકના વખાણ કર્યા હતા. ઉટેકરે કહ્યું,“હોરર કોમેડી માટે તો આપણા અમર કૌશિક છે ને. હું એનાથી સારું કામ ન કરી શકું. એ ઉત્તમ ડિરેક્ટર છે અને એ જોનરમાં એણે જે પકડ જમાવી છે કે, ૬૦૦-૭૦૦ કરોડ કમાય છે. મને નથી લાગતું એ જોનરમાં કોઈ એમના જેવું કામ કરી શકે. તો હું તો કોશિશ પણ નહીં કરું.’’વિકીની છાવા ૧૪ ફેબ્રુઆરીએ, વૅલેન્ટાઈન ડે તેમજ છત્રપતિ શિવાજી મહારાજની જન્મજયંતિ નિમિત્તે રિલીઝ કરવામાં આવશે.

## એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલ ૨૦૨૪-૨૫





તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

કડાણા તાલુકાના દીવડા કોલોની મુકામે પી.એમ. એકલવ્ય મોડેલ રેસીડેન્સીયલ કડાણા ખાતે જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત દસમા એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલ તારીખ ૧૧ ફેબ્રુઆરીના રોજ યોજવામાં આવ્યો. માનનીય પ્રોફેસર કુબેરભાઈ ડિંડોર સાહેબ (કેબિનેટ મંત્રી આદિજાતિ વિકાસ પ્રાથમિક માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ) અધ્યક્ષ અને ઉદઘાટકના વરદ હસ્તે દીપ પ્રાગટ્ય કરી ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. મુખ્ય મહેમાન માનનીય પિનાકીનભાઈ એમ. શુક્લ સાહેબ, માનનીય બાબુભાઈ કે. પટેલ સાહેબ, અતિથિ વિશેષ માનનીય એસ. એલ. દામા સાહેબ, માનનીય એન.ડી. મુનિયા સાહેબ તેમજ નિમંત્રક કે.એસ. પટેલ સાહેબ પ્રાચાર્ય ડાયટ સંતરામપુર આમંત્રિત હતા. મહાનુભાવો દ્વારા સવિસ્તાર સમજૂતી આપવામાં આવેલ હતી.

## શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદ ખાતે વાર્ષિક રમતોત્સવની ઉજવણી કરવામાં આવી





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।

શ્રી કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદ ખાતે ૩૪માં રમતોત્સવની ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે કોલેજના પ્રોફેસર ડો. બહાદુરસિંહ ગોહિલ દ્વારા સર્વનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કોલેજના કાર્યકારી આચાર્ય ડૉ. આશિષ મોદીએ પ્રાસંગિક પ્રવચન કરીને વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આ કાર્યક્રમમાં દોડ, લાંબીકૂદ, ગોળાફેક, બરછીફેક જેવી આઠ સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં કોલેજના વિદ્યાર્થીઓએ ૩૦૦ કરતા પણ વધુ સંખ્યામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધાઓમાં કોલેજના સ્ટાફ પરિવારના પ્રધ્યાપકોએ નિર્ણાયક તરીકે ભૂમિકા ભજવી હતી. સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવેલાં વિદ્યાર્થીઓને કોલેજના વાર્ષિક મહોત્સવ વખતે ઈનામ અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવશે.

# અદાણી ગ્રુપ પર બિડેન પ્રશાસનની કાર્યવાહી સામે યુએસ સાંસદોએ ઉઠાવ્યા વેધક સવાલ

## શું બિડેન વહીવટીતંત્ર વિદેશીઓ સાથે સાંઠગાંઠમાં હતું?

। અમદાવાદ, તા.૧૧ ।

યુએસ કોંગ્રેસના છ સભ્યોએ બિડેન વહીવટીતંત્રના ન્યાય વિભાગ દ્વારા અદાણી જૂથ સામે લેવામાં આવેલી કાર્યવાહીની તપાસની માંગ કરી છે. ૧૦ ફેબ્રુઆરીએ યુએસ કોંગ્રેસ કોકસે યુએસએ એટર્ની જનરલ એજી બોન્ડીને આ મામલે એક પત્ર લખ્યો છે. જે સભ્યોમાં લાન્સ ગુડન, પેટ ફેલોન, માઈક હેરિડોપોલોસ, બ્રાન્ડન ગિલ, વિલિયમ આર. ટિમોન્સ IV, બ્રાયન બેબીન, ડીડીએસનો સમાવેશ થાય છે. તેમણે ભારતને અમેરિકાનો મહત્વપૂર્ણ સાથી ગણાવતા કહ્યું છે કે બિડેન વહીવટીતંત્રના ડીઓજેના પગલાથી અમેરિકન હિતોને નુકસાન થયું છે.

બિડેન વહીવટ વિરુદ્ધ ૬ સાંસદોએ લખેલા પત્રમાં નીચેના મહત્વપૂર્ણ મુદ્દાઓને ઉઠાવવામાં આવ્યા છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે, અદાણી ગ્રુપ સામે તપાસનો કોઈ આધાર નહોતો. આ કેસમાં અમેરિકાને કોઈ નુકસાન થયું ન હતું. તપાસનો નિર્ણય ડાબેરીઓના પ્રભાવ હેઠળ લેવામાં આવ્યો હતો. વળી વિદેશી શક્તિઓના પ્રભાવ હેઠળ તપાસનો આદેશ આપવામાં આવ્યો હતો. એટલું જ નહી, આ તપાસથી ભારત-અમેરિકાના સંબંધો પણ જોખમમાં મુકાયા છે.

સાંસદોએ લખેલા પત્રમાં ભારત સાથેના બગડતા સંબંધોનો સીધો ફાયદો ચીનને થયો હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ટ્રમ્પ-મોદી સરકારો વચ્ચે સારો સહયોગ રહ્યો છે. મોટો સવાલ તો એ થાય છે કે, ટ્રમ્પ સત્તામાં આવ્યા તે પહેલાં તપાસનો આદેશ કેમ આપવામાં આવ્યો? તેમણે કહ્યું છે કે બિડેને સરકારના આ પગલાના કારણે અમેરિકામાં રોકાણ કરનારાઓ ભારે નિરાશ થયા છે.

એક મહત્વપૂર્ણ સવાલમાં તેમણે પણ જણાવ્યું હતું કે, શું બિડેન વહીવટીતંત્ર વિદેશીઓ સાથે સાંઠગાંઠમાં હતું? કેટલાક કેસ પછી બિડેનનું ડીઓજેએ બિનજરૂરી રીતે લીધા છે તો કેટલાક કેસો પર ધ્યાન આપ્યું ન હતું. સાંસદોએ તેમના પત્રમાં કહ્યું છે કે, “અમે તમને બિડેન વહીવટીતંત્રના ડીઓજેના વર્તનની તપાસ કરવાની માંગ કરીએ છીએ.” સત્ય બહાર લાવવાના અમારા સંયુક્ત પ્રયાસમાં આ કેસ સંબંધિત તમામ દસ્તાવેજો અમારી સાથે શેર કરવા બદલ અમે આભારી રહીશું.”

યુએસ કોંગ્રેસના સભ્યોએ અદાણીની કંપની સામેના તપાસ પર પ્રશ્નો ઉઠાવ્યા છે. આ સાંસદોએ આ કાર્યવાહીની નવેસરથી તપાસની માંગ કરી



છે. તેમણે પાછલી યુએસ સરકારના ન્યાય વિભાગ (DOJ) ના કેટલાક નિર્ણયોને શંકાસ્પદ ગણાવ્યા છે. આ સાંસદોનું કહેવું છે કે ન્યાય વિભાગના કેટલાક નિર્ણયોમાં કેટલાક કેસોને પસંદગીપૂર્વકઆગળધપાવવામાંઆવ્યાહતાજ્યારે કેટલાકને છોડી દેવામાં આવ્યા હતા. આનાથી માત્ર અમેરિકાના સ્થાનિક અને વિદેશમાં હિતોને જ નહીં, પરંતુ ભારત જેવા નજીકના સાથી દેશો સાથેના આપણા સંબંધોને પણ જોખમમાં મુકાયા છે. યુએસ કોંગ્રેસના સભ્યોએ તેમના પત્રમાં કહ્યું કે ભારત દાયકાઓથી અમેરિકાનું મહત્વપૂર્ણ સાથી રહ્યું છે. વિશ્વની સૌથી મોટી લોકશાહી હોવાને કારણે, તેની સાથે આપણા સંબંધો ખૂબ જ ઊંડા છે. બંને દેશો વચ્ચેના સંબંધો આર્થિક, વેપાર અને રાજકારણથી ઘણા આગળ છે. પરંતુ બિડેન વહીવટીતંત્રના કેટલાક અવિવેકી નિર્ણયોને કારણે આ ઐતિહાસિક ભાગીદારી જોખમમાં મુકાઈ ગઈ છે.

સાંસદોએ તેમના પત્રમાં કહ્યું છે કે અમેરિકા અને ભારત પરસ્પર આદર અને પ્રશંસાની લાગણી ધરાવે છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પ અને વડાપ્રધાન મોદી તેને અનુસરે છે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે હંમેશા યુનાઈટેડ સ્ટેટ્સ અને ભારત જેવી બે આર્થિક અને લશ્કરી મહાસત્તાઓ વચ્ચે મજબૂત અને પરસ્પર ફાયદાકારક સંબંધોની સાચી સંભાવનાને ઓળખી છે. ટ્રમ્પે આ બે મહાન દેશો વચ્ચે મજબૂત સંબંધો બનાવવા માટે મોદી સરકાર સાથે નજીકથી કામ કર્યું છે.

કોંગ્રેસના આ સભ્યો કહ્યું છે કે જે લોકોએ આપણા અર્થતંત્રમાં અબજોનું યોગદાન આપ્યું છે અને હજારો નોકરીઓનું સર્જન કર્યું છે તેમને નિશાન બનાવવામાં આવ્યા છે. આ નિર્ણયોથી નવા રોકાણકારોને આપણા અર્થતંત્રમાં યોગદાન આપતા અટકાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જે અમેરિકન હિતોને મોટો ફટકો છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે વડાપ્રધાન મોદીએ એશિયા-પેસિફિક ક્ષેત્રમાં ચીનના વધતા ખતરા સામે ભારતને અમેરિકાના મૂલ્યવાન સાથી તરીકે સ્થાપિત કરીને આ પ્રયાસોને આગળ ધપાવ્યા છે.

### એન.સી.ઈ.આર.ટી ભોપાલ દ્વારા આયોજિત

# ક્ષેત્રીય શિક્ષા સંસ્થાન કાર્યક્રમમાં દાહોદનું પ્રતિનિધિત્વ ઝાલોદ તાલુકાના ગોવિંદભાઈ પ્રજાપતિને પ્રાપ્ત થયું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।

ભારત દેશ એ અનેક વિવિધતાઓ સાથેની બહુ ભાષીય ભાષાઓ ધરાવતો અને અને અલગ અલગ ભિન્નતાઓ ધરાવતી બહુ સંસ્કૃતિને ઉજાગર કરતો દેશ છે જેમાં સમગ્ર દેશના તમામ રાજ્યોની ભાષાઓ અલગ છે અને રાજ્યોમાં પણ અલગ અલગ વિસ્તારની ભાષા અલગ અલગ રીતે બોલાય છે જેમાં સૌને પોતાની માતૃભાષા સૌથી વહાલી અને પ્રિય હોય છે જેને લઈને રાષ્ટ્રીય શિક્ષણનીતિ અનુસાર દરેક પ્રાથમિક શાળાઓમાં બાળકોનું પ્રાથમિક શિક્ષણ પણ પોતાની માતૃભાષામાં જ થવું જોઈએ જેને લઈને બાળક પોતાની માતૃભાષાને તેમજ પોતાની સંસ્કૃતિને સૌથી શ્રેષ્ઠ રીતે સમજી શકે જે વિચારને રાષ્ટ્રીય ફલક પર મૂકવાના અભિગમ સાથે ગત તારીખ ૩૧/૦૧/૨૦૨૫ થી તારીખ ૦૪/૦૨/૨૦૨૫ ના રોજ મધ્યપ્રદેશના ભોપાલ ખાતે આવેલી આર.આઈ.ઈ. સંસ્થાન ખાતે પાંચ દિવસીય બહુ ભાષીય અને બહુ સંસ્કૃતિ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દેશના ૩ રાજ્યો અને ૨ કેન્દ્રશાસિત રાજ્યો મળી કુલ ૫ રાજ્યો વચ્ચે યોજાયેલ આ સેમિનારમાં ગુજરાત ભરમાંથી ૧૪ જેટલા શિક્ષકોએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. જેમાં દાહોદનું પ્રતિનિધિત્વ કરવાનું સૌભાગ્ય ઝાલોદ તાલુકાની નિસરતા ગામડી પ્રાથમિક શાળાના શિક્ષક એવા



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

ગોવિંદભાઈ એમ.પ્રજાપતિને પ્રાપ્ત થયું હતું જેમાં ગોવિંદભાઈ પ્રજાપતિ એ ભોપાલ ખાતેની આ ૫ દિવસીય સેમિનારમાં હિસ્સો લઈ રાષ્ટ્રીય કક્ષાના શિક્ષણ જગતના મહાનુભવો આર.આઈ.ઈ. એન.સી.આર.ટી મંડળના ડીન ડૉ.મંડળ, ડૉ.સુરેશ મકવાણા તેમજ ગુજરાત રાજ્યના પૂર્વ નિયામક રાઘવજી માઘડ શૈક્ષણિક જગતના પાંચ રાજ્યોમાં થી ઉપસ્થિત રહેલા ૫૦ થી વધુ શિક્ષણ વિદોની હાજરીમાં દાહોદની દર ચાર ગાઉએ બદલાતી પોતીકી બહુ ભાષિય અને વિભિન્નતામાં પણ ભિન્નતા ધરાવતી દાહોદની બહુ સંસ્કૃતિને રાષ્ટ્રીય કક્ષાએ ઉજાગર કરી દાહોદ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરી દાહોદ જિલ્લાનું નામ ભોપાલ ખાતે અંકિત કર્યું હતું જ્યારે પાંચ દિવસીય આ સેમીનારના અંતે ઉપસ્થિત તમામ શિક્ષણ જગતના મહાનુભાવોનું અભિવાદન કરી તેઓનો આભાર વ્યક્ત કરવાનો સૌભાગ્યપૂર્ણ અવસર પણ દાહોદનું પ્રતિનિધિત્વ કરતા ગોવિંદભાઈ પ્રજાપતિને પ્રાપ્ત થયું હતું.

# દિવ્યાંગ ભાઈઓ-બહેનોની એથલેટિક રમતોની સ્પર્ધા યોજાઈ

### ૫૫૦ જેટલા પ્રજ્ઞાચક્ષુ ભાઈઓ-બહેનોએ લીધો ભાગ





। (માહિતી) અમદાવાદ, તા.૧૧ ।

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, અમદાવાદ જિલ્લા રમત વિકાસ અધિકારી તથા નેશનલ એસોસિએશન ફોર ધી બ્લાઈન્ડના સંયુક્ત ઉપક્રમે ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત દિવ્યાંગ ભાઈઓ બહેનોની એથલેટિક રમતોની સ્પર્ધાઓ યોજાઈ હતી. ગુજરાત યુનવર્સિટી ટ્રેક, અમદાવાદ ખાતે યોજાયેલી એથલેટિક સ્પર્ધાઓમાં ૫૫૦ જેટલા પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

પ્રજ્ઞાચક્ષુ ખેલાડીઓને પ્રોત્સાહિત કરવા તેમના શિક્ષકો, વાલી, ટેકનિકલ સ્ટાફ, કોચ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. દોડ, લાંબીકૂદ, ગોળાફેંક, ચક્રફેંક, તથા બરછી ફેંક જેવી રમતોમાં ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતિય, તૃતિય ક્રમે વિજેતા જાહેર થયેલા ખેલાડીઓને ઈનામો આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર સ્પર્ધાનું આયોજન એન. એ. બી. સેક્રેટરી તારકભાઇ તથા સ્પોર્ટસ કમિટી સેક્રેટરી શ્રી દિનેશભાઈ પંડ્યાએ કર્યું હતું.

# નર્મદા જિલ્લા કક્ષાની યોગાસન સ્પર્ધાનું સફળ આયોજન



। (માહિતી) નર્મદા, તા.૧૧ ।

રવિવારના રોજ નર્મદા જિલ્લા કક્ષાની યોગાસન સ્પર્ધાનું આયોજન ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ દ્વારા જિલ્લા રમત સંકુલ, રાજપીપલા ખાતે કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં નર્મદા જિલ્લાના તમામ તાલુકાના યોગ રસિકોએ ભાગ લીધો હતો. જિલ્લા યોગ કો-ઓર્ડિનેટરશ્રી વસંતકુમાર વસાવાના માર્ગદર્શન હેઠળ આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. યોગાસન સ્પર્ધામાં વિજેતા બનેલા યોગ રમતવીરો હવે ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ ના રોજ ઝોન કક્ષાની યોગ સ્પર્ધામાં ભાગ લેશે. જિલ્લા કક્ષાની સ્પર્ધામાં વિજેતા બનેલા યોગ રમતવીરોને રાજ્ય યોગ બોર્ડ દ્વારા અલગ-અલગ કેટેગરીમાં કુલ ૨૪ વિજેતાઓને રોકડ પુરસ્કાર અને પ્રમાણ પત્ર દ્વારા સન્માનિત કરવામાં આવશે. આ ઉપરાંત, જિલ્લા કક્ષાએ ભાગ લેનારા તમામ યોગ રમતવીરોને ડિજિટલ પ્રમાણપત્ર પણ આપવામાં આવશે. આ કાર્યક્રમમાં નર્મદા જિલ્લાના તમામ તાલુકા યોગ કોચ, યોગ શિક્ષક અને રમતવીરો ઉપસ્થિત રહ્યા હતા.

### કલા મહાકુંભની પ્રદેશ કક્ષાની સ્પર્ધાનો વ્યારા નગરમાં દબદબાભેર પ્રારંભ

# ૩૦ કૃતિઓ માટે ૪૦૦૦ સ્પર્ધકો દક્ષિણથ વિવિધલક્ષી વિધાલય ખાતે જિલ્લા કક્ષાની વિજેતા કૃતિઓ રજૂ કરશે

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૧ ।

વ્યારા નગરના આંગણે દક્ષિણ ગુજરાત પ્રદેશ કલા મહાકુંભ સ્પર્ધા ૨૦૨૪–૨૫ ના બે દિવસીય કાર્યક્રમનો આજરોજ દક્ષિણપથ વિધાલય ખાતે પ્રારંભ થયો હતો. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, હસ્તકના કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ દ્વારા પ્રેરિત અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, તાપી દ્વારા આયોજિત આ સ્પર્ધામાં કુલ ૯ જિલ્લાઓના વિજેતાઓ વચ્ચે પ્રાદેશિક સ્પર્ધાઓ યોજાઈ રહી છે. તા.૧૧ ફેબ્રુઆરી ના રોજ દક્ષિણપથ વિદ્યાલયના સહયોગથી ભવ્ય ઉદ્‌ઘાટન



સમારોહ યોજવામાં આવ્યો હતો. આ ઉદ્‌ઘાટન સમારોહમાં ધારાસભ્ય શ્રી મોહનભાઈ કોંકણી, અધિક નિવાસી કલેકટરશ્રી આર.આર. બોરડ, નગરપાલિકાના પ્રમુખ શ્રી રિતેશ ઉપાધ્યાય, જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી અમૃતા આર ગામિત, રમત વિકાસ અધિકારીશ્રી ચેતન પટેલ, પદ્મશ્રી રમીલાબેન ગામિત, ડૉ.આશિષ ગામિત તેમજ મોટી સંખ્યામાં સ્પર્ધકો, નિર્ણાયકો, પ્રેક્ષકો, કલાકારો જોડાયા હતા. આ બે દિવસીય ૩૦ સ્પર્ધાઓમાં કુલ ૪ હજાર વ્યક્તિગત અને સામૂહિક સ્પર્ધકો ભાગ લેવાના છે. આ સમારોહમાં મુખ્ય મહેમાન અને ઉદ્‌ઘાટક એવા ધારાસભ્યશ્રી મોહનભાઈ કોંકણીએ જણાવ્યું હતું કે કલાના ક્ષેત્રમાં વ્યારા નગર પહેચાન બનાવવા લાગ્યું છે. આપણા જિલ્લાએ કેટલાય પ્રસિદ્ધ કલાકારોને પ્લેટફોર્મ આપ્યું છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારા લાંબા સમયની બીમારીના ઈલાજ માટે સ્મિત થૅરેપીનો ઉપયોગ કરજો કેમ કે તે તમામ સમસ્યાની શ્રેષ્ઠ દવા છે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તમને સારો ધન લાભ થશે. તમારૂં મોહિત કરનારો સ્વભાવ તથા ખુશનુમા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં તથા તથા સંપર્કો વધુ ગાઢ બનાવવામાં તમારી મદદ કરશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે ખાતી-પીતી વખતે ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. કોઈક નવા-સવા પરિચયમાં આવેલા સાથે તમારી અંગત બાબતો શૅર કરતા નહીં. તમારે તમારા સાથી પર ઈમોશનલ બ્લૅકમેલનો ઉપયોગ કરવાનું ટાળવું જોઈએ.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે સામાજિક જીવન કરતાં સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપજો. તમારી રચનાત્મક પ્રતિભાનો યોગ્ય ઉપયોગ લેવાશે તો તે ખૂબ જ આકર્ષક સાબિત થશે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. આજે તમે તમારા કોઈ વાયદા ને પૂરો નહિ કરી શકો જેના લીધે તમારો પ્રેમી ગુસ્સે થયી શકે છે. આજે કાર્યક્ષેત્રમાં તમારા કોઈ જુના કામ ની પ્રશંસા થયી શકે છે.

**કર્ક (ડ,હ) :**
આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. આજ ના દિવસે ભૂલી ને પણ કોઈ ને પૈસા ઉધાર ના આપો અને જો આપવું જરૂરી હોય તો પૈસા આપતી સમયે સામેવાળા થી લખાણ લ્યો કે તે ક્યારે પૈસા પાછા આપશે? બાળકો તથા પરિવાર પર આજે તમારૂં ધ્યાન કેન્દ્રિત રહેશે. આજે તમારા હૃદયના ધબકારા તમારા પ્રિયપાત્રવા લય સાથે તાલ મેળવશે અને પ્રેમનું સંગીત રેલાવશે.

**સિંહ (મ,ટ) :**
આજે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો જેથી તમને અર્થી લાભ મળશે? ગ્રુપને લગતી પ્રવૃત્તિઓ સાથે સંકળાવાથી તમે નવા મિત્રો બનાવશો. રોમાન્સ રોમાંચક હશે-આથી તમે જેને પ્રેમ કરો છો એવી વ્યક્તિનો સંપર્ક કરો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારો નિખાલસ તથા નિર્ભિક મત તમારા મિત્રના અહંકારને ઠેસ પહોંચાડી શકે છે. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. તમારા પ્રેમી કે પ્રેમિકા પ્રત્યે બદલાની ભાવના તમને કાઈ જ પરિણામ નહીં આપે

**તુલા (ર,ત) :**
છેલ્લા ઘણા હેરાન કરનારી સમસ્યાઓ માથું ઊંચકશે અને પોતાની સાથે માનસિક તાણ લાવશે. આજે કોઈ ની મદદ વગર તમે પોતે ધન કમાવા માં સક્ષમ હશો. નિકટના મિત્રો તથા ભાગીદારો આક્રમક થઈને તમારૂં જીવન મુશ્કેલ બનાવી દેશે. આજના અદભુત દિવસે તમારા સંબંધોમાંની તમામ ફરિયાદો તથા તથા રોષ આજે અદૃશ્ય થઈ જશે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમારી ધીરજ ખોતા નહીં ખાસ કરીને મુશ્કેલીના સમયમાં. તમારો કોઈ જૂનો મિત્ર આજે વેપાર માં લાભ મેળવવા માટે તમને સલાહ આપી શકે છે, અને જો આ સલાહ પર તમે અમલ કરો છો તો તમને ધન લાભ જરૂર થશે. પારિવારિક રહસ્યના સમાચાર તમને આશ્ચર્યચકિત કરશે. પવિત્ર અને નિર્ભેળ પ્રેમને અનુભવો. કામના સ્થાળે આજે બધું જ તમારી તરફેણમાં હોવાનું જણાય છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે અસુરક્ષિતતા/દિશાહિનતાની ભાવના અસ્થિરતા સર્જી શકે છે. પરિણીત લોકો ને પોતાના સંતાન ની શિક્ષા ઉપર આજે વધારે ખર્ચ કરવું પડશે, બાળકો કેટલાક જબરજસ્ત સમાચાર લાવી શકે છે. પ્રેમ જીવનમાં થોડીક મુશ્કેલી આવી શકે છે. કાનું ટૅન્શને તમારા મગજને હજી પણ ઘેરો ઘાલ્યો છે જેને કારણે તમારી પાસે પરિવાર તથા મિત્રો માટે સમય નથી.

**મકર (ખ,જ) :**
આજે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. નાણાકીય દૃષ્ટિએ આજ નું દિવસ મિશ્ર રહેવાનું છે. આજે તમને ધન લાભ તો થશે પરંતુ તેના માટે તમને સખત મહેનત કરવા ની જરૂર હશે. અન્યોમાંથી કારણ વિના ભૂલો શોધવાના તમારા વલણની સંબંધીઓ ટીકા કરે એવી શક્યતા છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજની તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. ભાઈ બહેનો ની મદદથી આજે તમને આર્થિક લાભ મળી શકશે? પોતાના ભાઈ બહેનો ની સલાહ લો. તમારી ખાનગી માહિતી તમારા જીવનસાથી સાથે શૅર કરતા પહેલા વિચારજો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે વ્યાયમ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. મોટી યોજનાઓ તથા વિચારો ધરાવતી વ્યક્તિ તમારૂં ધ્યાન આકર્ષિત કરશે-રોકાણ કરતા પહેલા એ વ્યક્તિની વિશ્વસનિયતા તથા સત્યતા ચકાસી લેજો મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. પ્રેમ હકારાત્મક કંપનો દેખાડશે. આખા બ્રહ્માંડની તમામ ખુશીઓ એ બે વ્યક્તિઓ વચ્ચે હોય છે

# પુલ પરથી બસ પડી જવાથી ૪૦ લોકોના મોત

## ગ્વાટેમાલાના રાષ્ટ્રપતિ બર્નાર્ડો અરેવાલોએ અકસ્માત બાદ ત્રણ દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત



। (એજન્સી) ગ્વાટેમાલ, તા.૧૧ ।

ગ્વાટેમાલામાં એક ભયાનક બસ અકસ્માતમાં ૩૦ થી વધુ લોકોના મોત થયાના અહેવાલ છે. શહેરના ફાયર વિભાગના પ્રવક્તાએ આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે સોમવારે સવારે ગ્વાટેમાલાની બહાર એક બસ અકસ્માત થયો. આમાં ૪૦ જેટલા લોકો માર્યા ગયા અને ઘણા લોકો ઘાયલ થયા. આ અકસ્માત ત્યારે થયો જ્યારે બસ શહેરની બહાર એક વ્યસ્ત માર્ગ પરથી પસાર થઈ રહી હતી. બસ પુએન્ટે બેલિસ હાઈવે પર આવેલ એક પુલ છે. જ્યાંથી બસ નીચે પડી ગઈ હતી. ફાયર વિભાગ દ્વારા સોશિયલ મીડિયા પર તસવીરો શેર કરવામાં આવી છે. આ તસવીરોમાં બસ આંશિક રીતે પાણીમાં ડૂબેલી દેખાય છે, અને તેની આસપાસ પીડિતોના મૃતદેહ પડેલા છે.ગ્વાટેમાલા શહેરના મેયર રિકાર્ડો ક્વિનોનેઝે સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે અકસ્માત બાદ ઘટનાસ્થળે કટોકટી સેવાઓ તૈનાત કરવામાં આવી હતી. દરમિયાન, ટ્રાફિક પોલીસ અસરગ્રસ્ત વિસ્તારમાં વૈકલ્પિક માર્ગો સ્થાપિત કરવા પર કામ કરી રહી છે. ગ્વાટેમાલાના રાષ્ટ્રપતિ બર્નાર્ડો અરેવાલોએ અકસ્માત બાદ ત્રણ દિવસના રાષ્ટ્રીય શોકની જાહેરાત કરી છે. રાષ્ટ્રપતિએ અસરગ્રસ્ત વિસ્તારમાં મદદ માટે સેના અને આપત્તિ એજન્સીને તૈનાત કરી છે.અરેવાલોએ સોશિયલ મીડિયા પર કહ્યું, 'હું પીડિતોના પરિવારો સાથે એકતામાં ઉભો છું જેમને હૃદયદ્રાવક સમાચાર મળ્યા છે.' તેમનું દુઃખ એ મારું દુઃખ છે.

## કોંગ્રેસ પાર્ટીનો મોટો દાવો

# ભગવંત માનને મુખ્યમંત્રી પદ પરથી હટાવવાની તૈયારી કરી રહી છે AAP

### દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીની હાર બાદ પંજાબમાં પણ ઉથલપાથલ શરૂ થઈ ગઈ છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટીની હાર બાદ પંજાબમાં પણ ઉથલપાથલ શરૂ થઈ ગઈ છે. પંજાબ કોંગ્રેસના નેતા પ્રતાપ સિંહ બાજવાએ મોટો દાવો કર્યો છે.રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં સત્તા ગુમાવ્યા બાદ પંજાબમાં રાજકીય ઉથલપાથલ વધુ તીવ્ર બની છે. કારણ કે અરવિંદ કેજરીવાલની આમ આદમી પાર્ટી પાસે હવે ફક્ત પંજાબમાં જ સરકાર બચી છે. આવી સ્થિતિમાં સવાલો ઉભા થઈ રહ્યા છે કે શું કેજરીવાલ હવે પંજાબના મુખ્યમંત્રી પદ સંભાળશે? શું ભગવંત માનને મુખ્યમંત્રી પદ પરથી હટાવવામાં આવશે? રાજકીય ગલિયારાઓમાં આ પ્રશ્નો ઝડપથી



વેગ પકડી રહ્યા છે. આનું મુખ્ય કારણ મંગળવારે પંજાબના AAP ધારાસભ્યો સાથે કેજરીવાલની મુલાકાત છે. AAP કન્વીનરે દિલ્હીમાં આ બેઠક બોલાવી છે. કેજરીવાલ મંગળવારે (૧૧ ફેબ્રુઆરી) સવારે ૧૧ વાગ્યે કપૂરથલા ભવનમાં તમામ ધારાસભ્યોને મળશે. એવું માનવામાં આવે છે કે આ કારણોસર ૧૦ ફેબ્રુઆરીએ યોજાનારી પંજાબ સરકારની કેબિનેટ બેઠક પણ મુલતવી રાખવામાં આવી હતી. પંજાબના આમ આદમી પાર્ટીના ધારાસભ્યો અને મંત્રીઓને બોલાવવામાં આવ્યા બાદ, પંજાબ વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા પ્રતાપ સિંહ બાજવાએ સોમવારે કહ્યું કે આમ આદમી પાર્ટી ભગવંત માનને પંજાબના મુખ્યમંત્રી પદ પરથી દૂર કરવા માટે જમીન તૈયાર કરી રહી છે. તેમણે કહ્યું, "દિલ્હીમાં તાજેતરમાં મળેલી શરમજનક હાર બાદ, એવું લાગે છે કે AAP પંજાબમાં રક્ષણાત્મક વલણ અપનાવી રહી છે. ઝાડુ પક્ષે સરહદી રાજ્યમાં પોતાનું વિનાશક ભવિષ્ય જોઈ લીધું છે. આ પછી, આમ આદમી પાર્ટીના ટોચના નેતૃત્વએ પંજાબમાં પોતાની સરકાર બચાવવા માટે પગલાં લેવાનું શરૂ કરી દીધું છે.

## વડોદરા જિલ્લાના સોખડા ગામનો બનાવ

# કેનેડામાં લગ્ન પછી ત્રાસ આપતાં સાસરિયાઓ સામે વડોદરામાં ફરિયાદ

। (એજન્સી) વડોદરા, તા.૧૧ ।

વડોદરા જિલ્લાના સોખડા ગામના અલકાપુરીની યુવતી સ્ટુડન્ટ વર્ક પરમિટ વીઝા પર ઓસ્ટ્રેલિયા ગઈ હતી તે દરમિયાન સોશિયલ મિડિયાના માધ્યમથી આણંદના યુવક સાથે પરિચય થયો હતો, પરિચય પ્રેમમાં પરિવર્તન થયો હતો અને ત્યારબાદ તેઓના રજીસ્ટર મેરેજ કર્યા હતા, થોડા સમય બાદ બંને પરિવારની ખુશીથી ધામધૂમથી લગ્ન થયા હતા ત્યારે સ્નેહાબેનના પરિવારે સોના ચાંદીના દાગીના,ગૃહસ્થીની ચીજવસ્તુઓ તથા સ્નેહા બેને પોતાની ઓસ્ટ્રેલિયાની કમાણીની રકમ પણ અવારનવાર આપી હોવા છતાં સાસરિયાઓએ પોતાનું પોત પ્રકર પાશ્યું હતું અને વારંવાર નાણાંની માંગણી ચીજવસ્તુઓની માંગણી કરી પરિણીતાને પરેશાન કરવાનું ચાલુ કર્યુ હતું આખરે પરિણીતાએ વડોદરા મહિલા પોલીસ સ્ટેશનમાં સાસરિયાઓ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ કાર્યવાહી હાથ ધરી છે. સોખડા ગામના અલકાપુરી ખાતે રહેતી સ્નેહા પ્રવિણભાઈ પટેલ જુલાઈ ૨૦૧૬ થી ૨૦૨૩દરમિયાન સ્ટુડન્ટ વિઝા વર્ક પરમીટ પર ઓસ્ટ્રેલિયા હતી. તે દરમિયાન વર્ષ -૨૦૨૨મા સોશિયલ મિડિયાના માધ્યમથી મૂળ આણંદના કૃણાલ યોગેશભાઈ પટેલના પરિચયમાં આવ્યા હતા. બાદમાં તા.૧૯-૦૧-૨૦૨૩મા બંનેના પરિવારોની ઉપસ્થિતિમાં ધામધૂમથી લગ્ન કરવાનું નક્કી કર્યું હતું.લગ્ન બાદ નવોઢા સાસરીમાં ગઈ ત્યારે તેની સાથે યોગ્ય વર્તન ન કરાયું ત્યારબાદ પતિ દ્વારા પૈસાની માગણી કરવામાં આવી તે સમયે પણ તેને ઓસ્ટ્રેલિયન ડોલર આપવામાં આવ્યા.

# સગીરાની આબરૂ લેવાની કોશિશ કરનારા આરોપીને 3 વર્ષની કેદ

। (એજન્સી) આણંદ, તા.૧૧ ।

કઠલાલ તાલુકાની સગીરા નાની બહેન સાથે સ્કૂલે જતી હતી ત્યારે ફાગવેલ તાબે રાયણના મુવાડાના પરિણીત યુવકે આબરૂ લેવાનો પ્રયાસ કર્યો હતો. જે અંગેનો કેસ ચાલી જતા કપડવંજ સ્પેશિયલ પોક્સો કોર્ટના જજે આરોપીને ૩ વર્ષની કેદ અને ૧૦ હજારનો દંડ ફટકાર્યો છે. દંડની રકમ ભોગબનનારી સગીરાને વળતર પેટે ચૂકવવાનો પણ આદેશ કર્યો છે. કઠલાલ તાલુકાના ફરિયાદનીની ૧૬ વર્ષ ૬ માસ ૨૩ દિવસની સગીર દીકરી નાની બહેન સાથે તા. ૮/૧૨/૨૦૨૧ના રોજ પગ પાળા સ્કૂલેથી ઘરે જતી હતી.

## સીડીએમઓ માર્કેટ ૨૦૨૮ સુધીમાં ૨૦ અબજ ડોલરનું થવાનો અંદાજ

# ભારતનું ફાર્મા CDMO માર્કેટ ૨૦૨૮ સુધીમાં ડબલ થઈ જશે

### ભારતીય ફાર્મા સર્વિસીઝ ચીનની કંપનીઓ કરતાં ૨૦ ટકા સસ્તી છે જેને કારણે તે વધુ સ્પર્ધાત્મક છે

। (એજન્સી) પેરિસ, તા.૧૧ ।

દેશનું કોન્ટ્રેક્ટ ડેવલપમેન્ટ એન્ડ મેન્યુફેક્ચરિંગ ઓર્ગેનાઈઝેશન (CDMO) માર્કેટ જબરદસ્ત વૃદ્ધિ કરી રહ્યું છે અને આગામી સમય આ સેક્ટર માટે સાનુકૂળ જણાય છે. સીડીએમઓ માર્કેટ હાલમાં ૭ અબજ ડોલરથી વધીને ૨૦૨૮ સુધીમાં ડબલ એટલે કે ૧૪ અબજ ડોલર થવાનો અંદાજ છે. બીસીજીના રિપોર્ટ અનુસાર વિશ્વબજારના ૪-૫ ટકા પર ભારતીય કંપનીઓનો કબજો હશે.



એક્ટિવ ફાર્માસ્યુટિકલ ઈનગ્રેડિયન્ટ્સ (API)માં ભારતની મજબૂત સ્થિતિ અને જેનરિક દવાઓમાં પણ ભારતનું વર્ચસ્વ છે અને ચીન કરતાં ઓછા ખર્ચે દવાઓ તૈયાર થાય છે જે વધારાનો લાભ પણ છે. કેટલીક ભારતીય સીડીએમઓ કંપનીઓને ૨૦૨૪માં રિક્વેસ્ટ્સ ફોર પ્રપોઝલ્સ (RFPs)માં ૫૦ ટકાનો વધારો જોવા મળ્યો છે. વૈશ્વિક ફાર્માસ્યુટિકલ કંપનીઓ ચીનમાંથી અથવા તો ચીન પ્લસ વન પોલિસી અંતર્ગત ભારતમાં સપ્લાય ચેઈન સ્થાપવા માગે છે. ભારતીય ફાર્મા સર્વિસીઝ ચીનની કંપનીઓ કરતાં ૨૦ ટકા સસ્તી છે જેને કારણે તે વધુ સ્પર્ધાત્મક છે.

બીસીજીના રિપોર્ટ અનુસાર બાયોફાર્માસ્યુટિકલ સેક્ટર ઈનોવેટિવ ડ્રગ મોડેલિટિઝ તરફ શિફ્ટ થઈ રહ્યું છે જે પરંપરાગત સ્મોલ-મોલેક્યૂલ દવાઓ કરતાં વધુ તીવ્ર ગતિથી વૃદ્ધિ કરશે.જે મોડેલિટિઝની માંગ વધવાની સંભાવના છે તેમાં સેલ અને જીન થેરપી છે જે વાર્ષિક ૪૫ ટકા ચક્રવૃદ્ધિદરથી વધવાનો અંદાજ છે. આ ઉપરાંત એન્ટિબોડી-ડ્રગ કોન્જુગેટ્સ (ADCs) ૨૫ ટકા વાર્ષિક ચક્રવૃદ્ધિદરે વધવાનો અંદાજ છે. ન્યૂક્લીક એસિડ થેરાપેટિક્સ ૩૬ ટકા CAGRથી વૃદ્ધિ કરશે તેવો અંદાજ છે.નવી દવાઓની મોડેલિટિઝ માટેનું સીડીએમઓ માર્કેટ ૨૦૨૮ સુધીમાં ૨૦ અબજ ડોલરનું થવાનો અંદાજ છે, જેમાં એશિયાની સીડીએમઓ કંપનીઓ કાઠું કાઢશે અને વૈશ્વિક ફાર્મા કંપનીઓને મોટાપાયે અને ઓછા ખર્ચે સોલ્યૂશન્સ પ્રોવાઈડ કરશે. એશિયા-પેસિફિક (APAC) હેલ્થકેર સેક્ટર ઝડપથી બદલાઈ રહ્યું છે અને આ સેક્ટરમાં ૨૦૦૮થી અત્યાર સુધીમાં સીધું વિદેશી રોકાણ (એફડીઆઈ) પણ ડબલ થયું છે.

APAC હેલ્થકેર માર્કેટ ૨૦૩૦ સુધીમાં ૫ લાખ કરોડ ડોલરને આંબશે અને વૈશ્વિક બજારમાં ૪૦ ટકા યોગદાન તેનું હશે. લોકોની આવક વધી રહી છે જેને કારણે તેઓ હેલ્થકેર ક્ષેત્રે વધુ ખર્ચ કરશે. એશિયામાં હાઈ ઈન્કમ હાઉસહોલ્ડ (જેમની વાર્ષિક આવક ૩૦,૦૦૦ ડોલર કે તેથી વધુ છે)ની સંખ્યા વર્ષ ૨૦૦૦માં ૩.૪ કરોડ ડોલર હતી, જે ૨૦૩૦ સુધીમાં પાંચ ગણી વધીને ૧૭.૫ કરોડ થવાનો અંદાજ છે.ભારત અને અમેરિકા વચ્ચેનો વ્યાપાર ૨૦૨૨થી ૨૦૩૩ વચ્ચે ૧૦૨ અબજ ડોલર વધવાનો અંદાજ છે. અમેરિકા અને ચીન વચ્ચેનો વ્યાપાર આ ગાળામાં ઘટશે.ભારત અને APAC દેશોમાં પાંચ વર્ષમાં ફાર્માસ્યુટિકલ બિઝનેસ ૯ ટકાના વાર્ષિક ચક્રવૃદ્ધિદર (CAGR)થી વધશે તેવો અંદાજ છે. મેડિકલ ટેક્નોલોજી બિઝનેસ ૮ ટકાના CAGRથી વધવાનો અંદાજ છે. ડિજિટલ હેલ્થમાં પણ ૯ ટકાના ચક્રવૃદ્ધિદરે વધારો થવાનો અંદાજ છે.

## રૂપિયા ૧ લાખ કરોડના મૂલ્યના

# નેશનલ હાઈવે પ્રોજેક્ટ્સમાં ૬ મહિનાથી વધુનો વિલંબ

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NHAI)એ જે ૩૭૪ રોડ પ્રોજેક્ટ્સ આપી દીધા છે તે પૈકી ૫૫ ટકા રોડ પ્રોજેક્ટ્સમાં ૬ મહિનાથી વધુ સમયનો વિલંબ થઈ રહ્યો છે. આ વિલંબમાં પડેલા પ્રોજેક્ટ્સનું મૂલ્ય રૂ.૧ લાખ કરોડનું છે. કેર રેટિંગ્સના રિપોર્ટ અનુસાર જૂન ૨૦૨૩માં સમયમાં વિલંબ ૩૩ ટકા હતો, જે ડિસેમ્બર-૨૦૨૪માં વધીને ૫૫ ટકા થઈ ગયો છે.કેર રેટિંગ્સના રિપોર્ટ અનુસાર વર્ષ ૨૦૧૫થી ૨૦૨૪ દરમિયાન આ રોડ પ્રોજેક્ટ્સ ફાળવવામાં આવ્યા છે જે અંતર્ગત દેશમાં કુલ ૧૬,૦૦૦ કિલોમીટરના રોડનું નિર્માણ થઈ રહ્યું છે. તેની કુલ બિડ પ્રોજેક્ટ કોસ્ટ (BPC) રૂ.૪.૦૩ લાખ કરોડથી વધારે છે. સપ્ટેમ્બર ૨૦૨૪ સુધીમાં સેમ્પલ બીપીસીના ૪૨ ટકા રકમ ફાળવી દેવાઈ છે, જેનું મૂલ્ય રૂ.૧.૬૫ લાખ કરોડ થાય છે. ૪૫ ટકા રકમ (રૂ.૧.૮૦ લાખ કરોડ) કન્સ્ટ્રક્શનના તબક્કામાં છે, અને ૧૩ ટકા રકમ હેઠળનું કામ હજી શરૂ થવાનું બાકી છે.અન્ડર-કન્સ્ટ્રક્શન (નિર્માણાધીન) ૫૫ ટકા પ્રોજેક્ટ્સ કે જેનું મૂલ્ય રૂ.૧ લાખ કરોડ છે તે પ્રોજેક્ટ્સ ૬ મહિનાથી વધુ સમય વિલંબમાં ચાલી રહ્યા છે. સમય વધે એટલે પ્રોજેક્ટ સંબંધિત જોખમ વધે છે, નિર્માણની ગતિ ધીમી પડે છે અને રોડ ડેવલપર્સ (કંપનીઓ)ની નફાકારકતા પર અસર થાય છે.

એજન્સીએ કહ્યું હતું કે પ્રોજેક્ટ વિલંબમાં પડવાના કારણોમાં મુખ્યત્વે રોડ નિર્માણની કામગીરીમાં અડચણો અને વધુ પડતો વરસાદ છે.ડિસેમ્બર ૨૦૨૪ સુધીમાં રૂ.૪૦,૦૦૦ કરોડના પ્રોજેક્ટ્સ ફાળવાયાને એક વર્ષથી વધુ સમય થઈ ગયો છે, જેની કામગીરી હજી શરૂ થઈ નથી. જૂન ૨૦૨૩માં આવા રૂ.૧૪,૫૦૦ કરોડના પ્રોજેક્ટ્સ હતા. આવા પ્રોજેક્ટ્સ રદ થઈ જાય તેવી સંભાવના પણ રહે છે. એજન્સીએ કહ્યું હતું કે પ્રોજેક્ટ શરૂ થવામાં થઈ રહેલા વિલંબના કારણો પૈકી એક કારણ ગ્રીનફિલ્ડ એક્સપ્રેસવે અને હાઈવે પર ફોકસ વધી રહ્યું છે.

## ભારતે જાન્યુઆરીમાં કુલ રોજનું સરેરાશ ૪૯.૮ લાખ બેરલ ઓઈલ આયાત કર્યું

# પ્રતિબંધો લાગુ થાય તે પહેલાં રશિયામાંથી ઓઈલની આયાત જાન્યુ.માં ૧૩ ટકા વધી

। (એજન્સી) મુંબઈ, તા.૧૧ ।

અમેરિકાએ રશિયાની ઓઈલ ઉત્પાદક કંપનીઓ અને તેના ટેન્કર ફ્લીટ પર નવા પ્રતિબંધ મૂક્યા છતાં ભારતે છેલ્લો લાભ લઈ લીધો છે અને રશિયામાંથી જાન્યુઆરીમાં ૧૩ ટકા વધુ ક્રૂડ ઓઈલની આયાત કરી છે. માર્કેટ એનલિટિક્સ ફર્મ કેપ્લરના ડેટા અનુસાર જાન્યુઆરીમાં ભારતે રોજનું ૧૬.૭ લાખ બેરલ ક્રૂડ ઓઈલ આયાત કર્યું હતું, જે ડિસેમ્બરમાં ૧૪.૮ લાખ બેરલની આયાત કરતાં ૧૩ ટકાનો વધારો દર્શાવે છે.અમેરિકાએ ૧૦ જાન્યુઆરીએ રશિયાની ગેઝપ્રોમ નેફ્ટ અને સર્ગુટનેફ્ટએગાઝ પર પ્રતિબંધ મૂક્યો છે અને રશિયાનું ઓઈલ સપ્લાય કરતા ટેન્કર પર પ્રતિબંધ મૂક્યો છે.રશિયા હાલમાં ભારતને ક્રૂડ ઓઈલ સપ્લાય કરતો સૌથી મોટો દેશ છે. ભારતની ક્રૂડ ઓઈલની કુલ આયાત પૈકી ૩૦ ટકા આયાત રશિયામાંથી થાય છે. રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયું તે પહેલાં ૨૦૨૨માં માત્ર ૦.૨ ટકા ક્રૂડ ઓઈલ રશિયાથી આયાત થતું હતું. ભારતે જાન્યુઆરીમાં કુલ રોજનું સરેરાશ ૪૯.૮ લાખ બેરલ ઓઈલ આયાત કર્યું, જે ડિસેમ્બરના ૪૭ લાખ બેરલ કરતાં ૬ ટકા વધારે છે. ભારતના પેટ્રોલિયમ સચિવ પંકજ જૈને અગાઉ કહ્યું હતું કે અમેરિકન ફોરેન એસેટ્સ કંટ્રોલ ઓફિસ તરફથી જે કમ્યૂનિકેશન મળ્યું છે. તે મુજબ રશિયાથી ઓઈલ લઈ જતા ટેન્કર ૨૭ ફેબ્રુઆરી સુધીમાં ઠાલવી દેવાના રહેશે એટલે કે તેના ગંતવ્યસ્થાન પર પહોંચી જવા જોઈએ. તેના ફાઈનાન્શિયલ ટ્રાન્ઝેક્શન્સ ૧૨ માર્ચ સુધીમાં પૂરા થઈ જવા જોઈએ.કેપ્લરના સીનિયર રિફાઈનિંગ એનલિસ્ટના જણાવ્યા અનુસાર ટેન્કર પર પણ પ્રતિબંધ મુકાતા લોજિસ્ટિકલ સમસ્યા ઊભી થઈ શકે જેને કારણે ઓઈલની આયાત પર અસર થઈ શકે છે. કોસ્ટ વધવાની સંભાવના છે. રશિયાનું ઓઈલ સસ્તું પડે છે, પરંતુ ફાઈનાન્શિયલ ટ્રાન્ઝેક્શન્સ અને ઈન્સ્યોરન્સ સંબંધિત પડકારો ઊભા થયા છે. આથી અન્ય કોઈ દેશ મારફતે મંગાવવું પડશે જેનો ખર્ચ વધશે. રશિયામાંથી સપ્લાય ઘટશે તો ઈરાક અને સાઉદી અરેબિયામાંથી સપ્લાય વધશે.જાન્યુઆરીમાં સાઉદી અરેબિયામાંથી ઓઈલનો સપ્લાય ૧૨ ટકા વધીને રોજના ૭,૨૩,૦૦૦ બેરલ થયો હતો. અમેરિકામાંથી પણ ઓઈલનો સપ્લાય જાન્યુઆરીમાં ૩૨૨ ટકા ઉછળીને રોજના ૨,૭૯,૦૦૦ બેરલ થયો હતો, જે ડિસેમ્બરમાં ૬૬,૦૦૦ બેરલ હતો.

## ઝાંસી, ઉજ્જૈનથી પોલીસે પ્રવાસીઓને પરત જવા સમજાવ્યા

# પ્રયાગરાજથી આજુબાજુ ૧૦૦-૧૦૦ કિમી સુધી ટ્રાફિક જામ

। (એજન્સી) પ્રયાગરાજ, તા.૧૧ ।

મહાકુંભમાં સ્નાન કરવા માટે કરોડોની સંખ્યામાં લોકો પ્રયાગરાજ તરફ પ્રયાણ કરી રહ્યા છે. જેને લઈને પ્રયાગરાજની આજુબાજુ એકસો કિમીથી વધુ વિસ્તારમાં ટ્રાફિકજામ થઈ ગયો છે. લાખો વાહનો રોડ પર ઉભા થઈ જતા મુસાફરો પરેશાન થઈ ગયા છે. કલાકો સધી ટ્રાફિકમાં ઉભા રહ્યા બાદ આગળ જવા મળતું નથી અને પરત ફરાય તેવી પણ સ્થિતિ નહીં રહેતા લોકો પરેશાન થઈ ગયા છે. વાહનોમાં વડીલો-મહિલાઓ અને નાના બાળકોની સ્થિતિ દયનીય બની છે. ટ્રાફિક સતત વધતો જતા પ્રયાગરાજ તંત્ર તથા રસ્તામાં પણ મોટા સેન્ટરો પરથી પોલીસ દ્વારા મુસાફરોને પરત ફરવા માટે સમજાવાઈ રહ્યા છે. મુસાફરોને ૧૫-૧૫ કલાક સુધી ટ્રાફિકમાં ઉભા રહેવું પડ્યું છે. અમદાવાદથી નીકળેલા મુસાફરો ઝાંસીથી બુંદેલખંડ હાઈવે મારફતે ચિત્રકુટ પહોંચી ગયા પરંતુ ચિત્રકુટથી પ્રયાગરાજના ૧૨૦ કિમી અંતર કાપતા તેમને ૧૫ કલાકથી વધુનો સમય થઈ ગયો છે. આ ઉપરાંત ઉત્તર પ્રદેશથી પણ જે લોકો પોતાના વાહનોમાં પ્રયાગરાજ જવા નીકળ્યા છે. તેઓ કલાકો સુધીના ટ્રાફિકજામમાં ફસાયા છે. સુરતથી પરિવાર સાથે ઉજ્જૈન-રીવા થઈને પ્રયાગરાજ જવા નીકળેલા સુનિલ મહેતા પણ રીવા નજીક ટ્રાફિકમાં ફસાઈ જતાં કલાકોથી ટ્રાફિકમાં અટવાયા છે. કુંભમાં અસામાન્ય ભીડ અને ટ્રાફિકજામને લઈને પ્રયાગરાજ પ્રશાસને યાત્રિકોને ટ્રાફિક ક્લીયર થાય નહીં ત્યાં સુધી પ્રયાણ કરવાનું અટકાવવા વિનંતી કરી છે.


પશ્ચિમ રેલવે - અમદાવાદ

પ્રોફોર્મા-૧૦.૦૧
ભારતીય રેલવે
"જાહેર સૂચના"

પશ્ચિમ રેલવેનાં અમદાવાદ ડિવિઝનના નીચે જણાવેલ વિભાગના પૂર્ણ વિભાગ પર સ્થિત રેલવે લાઈનો અને પરિસરના તમામ વપરાશકર્તાઓને જાણ કરવામાં આવે છે કે 25000 વોલ્ટ, 50 હર્ટ્ઝ એસી ઓવરહેડ ટ્રેક્શન વાયર 18-02-2025 ના રોજ અથવા તે પછી સક્રિય કરવામાં આવશે

ઉપરોક્ત તારીખથી, ઓવરહેડ ટ્રેક્શન લાઈનો દરેક સમયે વિદ્યુતિકૃત માનવામાં આવશે અને કોઈપણ અનધિકૃત વ્યક્તિએ ઉપરોક્ત ઓવરહેડ લાઈનોની નજીક જવું કે કામ કરવું નહીં.

| સેક્શન | તારીખ |
|---|---|
| પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના કલોલ કટોસન રોડ સેક્શન પર કલોલ (સહિત) કિમી KLL/2001 (CH:00/264.50) થી કડી લોકેશન કિમી 17/17 (CH:17/868.50) અને કડી (સહિત) લોકેશન કિમી 17/17 (CH:17/868.50) થી કટોસન રોડ (સહિત) લોકેશન કિમી KTRD/1058 (CH:35/655.50) વચ્ચેના સેક્શન ગેજ કન્વર્ઝન (M.G થી B.G) સિંગલ લાઇન કન્વેન્શનલ OHE. (RKM-36.39, TKM-41.11) | 18-02-2025 |

122

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


# AAPના તમામ ધારાસભ્યો દિલ્હી પહોંચ્યા, અરવિંદ કેજરીવાલની બેઠક

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૧ ।

અરવિંદ કેજરીવાલે મંગળવારે દિલ્હીના કપૂરથલા હાઉસમાં પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન, તેમના મંત્રીઓ અને રાજ્યના AAP ધારાસભ્યો-સાંસદો સાથે બેઠક કરી હતી. જેમાં મનીષ સિસોદિયા પણ હાજર હતા. કેજરીવાલે પાર્ટીના રાજ્ય એકમમાં વધી રહેલા આંતરિક અસંતોષની ચર્ચા વચ્ચે તેમના પંજાબ નેતાઓની આ બેઠક બોલાવી હતી. પાર્ટીના સૂત્રોનું કહેવું છે કે આ બેઠક દિલ્હી વિધાનસભા ચૂંટણી પર ચર્ચા કરવા અને પંજાબના નેતાઓ પાસેથી પ્રતિક્રિયા લેવા માટે કરવામાં આવી હતી. પંજાબના સીએમ ભગવંત માન, તેમના કેબિનેટ મંત્રીઓ, સાંસદો, ધારાસભ્યો અને AAP રાજ્ય એકમના અધિકારીઓ સહિત ૨૦૦થી વધુ નેતાઓ ચૂંટણી પ્રચાર માટે અઠવાડિયાથી દિલ્હીમાં કેમ્પ કરી રહ્યા હતા. પાર્ટીના સૂત્રોએ જણાવ્યું કે બેઠકનો એજન્ડા દિલ્હી ચૂંટણીના પરિણામોનું વિશ્લેષણ કરવાનો હતો અને ૨૦૨૭ની શરૂઆતમાં યોજાનારી પંજાબ વિધાનસભાની ચૂંટણી માટે વ્યૂહરચના ઘડવાનો હતો. દરમિયાન વિપક્ષી દળો કોંગ્રેસ અને ભાજપે દાવો કર્યો છે કે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી કેજરીવાલ ભગવંત માનને પંજાબના મુખ્યમંત્રી પદેથી હટાવવાની તૈયારી કરી રહ્યા છે.રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે દિલ્હીમાં હાર બાદ અરવિંદ કેજરીવાલે ભગવંત માન, પંજાબના મંત્રીઓ અને ધારાસભ્યોને બેઠક માટે દિલ્હી બોલાવવાને બદલે પોતે પંજાબ જવું જોઈતું હતું. તેમના આ પગલાથી કોંગ્રેસના દાવાને બળ મળે છે કે પંજાબની સરકાર દિલ્હીથી ચલાવવામાં આવી રહી છે. અરવિંદ કેજરીવાલે પ્રાદેશિક લાગણીઓ પ્રત્યે સંવેદનશીલ બનવાની જરૂર હતી. AAP સુપ્રીમો અરવિંદ કેજરીવાલ સાથેની બેઠક બાદ મુખ્યમંત્રી ભગવંત માને કહ્યું કે, 'પંજાબની સમગ્ર કેબિનેટ અને અમારા તમામ ધારાસભ્યોએ અમારી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલ સાથે કપૂરથલા હાઉસમાં બેઠક કરી હતી.


પશ્ચિમ રેલવે - અમદાવાદ

પ્રોફોર્મા-૧૦.૦૨
ભારતીય રેલ્વે
AC 25 kV ટ્રેક્શનનો પરિચય
"રોડ ઉપયોગકર્તાઓને ચેતવણી "

જાહેર જનતાની માહિતી માટે જણાવવામાં આવે છે કે પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝનના કલોલ કટોસન રોડ સેક્શન પર કલોલ (સહિત) કિમી KLL/2001 (CH:00/264.50) થી કડી લોકેશન કિમી 17/17 (CH:17/868.50) અને કડી (સહિત) લોકેશન કિમી 17/17 (CH:17/868.50) થી કટોસન રોડ (સહિત) લોકેશન કિમી KTRD/1058 (CH:35/655.50) વચ્ચેના સેક્શન ગેજ કન્વર્ઝન (M.G થી B.G) સિંગલ લાઇન કન્વેન્શનલ OHE 18-02-2025 ના રોજ અથવા તે પછી 25 KV પર સક્રિય કરવામાં આવશે. (RKM-36.39, TKM-41.11). કલોલ (સહિત) KM KLL/2001 (CH:00/264.50) એ કડી લોકેશન કિમી 17/17 (CH:17/868.50) વિભાગમાં,પરંપરાગત OHE દરેક લેવલ ક્રોસિંગ પર ઊંચાઈ ગેજ સ્થાપિત કરવામાં આવ્યા છે જેમાં સિંગલ લાઇનમાં રોડ લેવલથી 4.78 મીટરની સ્પષ્ટ ઊંચાઈ છે. અને કડી (સહિત) લોકેશન કિમી 17/17 (CH:17/868.50) થી કાટોસણ રોડ (સહિત) વચ્ચે સિંગલ લાઇન હાઇરાઇઝ OHE, જે રોડ લેવલ 6.76 મીટરની સ્પષ્ટ ઊંચાઈ સાથે કડી (સહિત) લોકેશન કિમી 17/17 (CH:17/868.50) થી કટોસણ રોડ (સહિત) વિભાગ વચ્ચેના સિંગલ લાઇન હાઇરાઇઝ OHE માં, રસ્તાના સ્તરથી 6.76 મીટરની સ્પષ્ટ ઊંચાઈ સાથે, કિમી KTRD/1058 (CH:35/655.50) વિભાગ પર અત્યાધિક ઊંચાઈના ભારને લાઈવ ટ્રકશન વાયર (સંપર્ક તાર)ના સંપર્કમાં નજીક આવવા તથા ખતરનાક નિકટતાથી રોકવાના ઉદ્દેશ્યથી કલોલ (સહિત) KM KLL/2001 (CH:00/264.50) થી કડી લોકેશન કિમી 17/17 (CH:17/868.50) વિભાગ સુધી, સિંગલ લાઇન પરંપરાગત OHE માં, રેલ સ્તરથી ઓછામાં ઓછી 5.80 મીટરની ઊંચાઈ હોવી જોઈએ, અને કડી (સહિત) લોકેશન કિમી 17/17 (CH:17/868.50) થી કટોસન રોડ (સહિત) લોકેશન કિમી KTRD/1058 (CH:35/655.50) વિભાગ વચ્ચે સિંગલ લાઇન હાઇરાઇઝ OHE માં લેવલ ક્રોસિંગ પર રેલ લેવલથી ઓછામાં ઓછા 7.30 મીટરની ઊંચાઈ પર .

જાહેર જનતાને જણાવવામાં આવે છે કે તેઓ વાહનોમાં માલ લોડ કરવા માટે ઉપર દર્શાવેલ ઊંચાઈનું પાલન કરે અને ખાતરી કરે કે રોડ વાહનોમાં વહન કરવામાં આવતો ભાર કોઈપણ સંજોગોમાં ઊંચાઈ ગેજનો ભંગ ન કરે.

વધુ પડતા ઊંચાઈના ભારણના જોખમો નીચે મુજબ છે:-

1. ઊંચાઈ માપક માટે જોખમ અને તેના પરિણામે રોડ અને રેલ્વે લાઈનોમાં અવરોધ.
2. વાહનો પર પરિવહન કરાયેલા સાધનોની સામગ્રી માટે જોખમ.
3. કંડક્ટરના સંપર્ક અથવા ખતરનાક નિકટતાને કારણે આગનો ભય અને જીવનું જોખમ.

122A

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**ન્યૂઝ બ્રિફ**

## સુરતમાં બાળકને ડ્રોપ કરવાનું ભૂલતા બ્રિજ પર જ સ્કૂલવાન રિવર્સ ચલાવી

। (એજન્સી) સુરત, તા.૧૧ ।

સુરતમાં વધુ એક સ્કૂલવાન ચાલકની ગંભીર બેદરકારી સામે આવી છે. શહેરના સરદાર બ્રિજ પર સ્કૂલવાનની જોખમી સવારી સામે આવી છે. બાળકને ડ્રોપ કરવાનું ભૂલતા ચાલકે બ્રિજ પર રિવર્સમાં બાળકો ભરેલ સ્કૂલવાન ચલાવી હતી.લાંબા અંતર સુધી વાન રિવર્સમાં લાવી બાળકને ઉતારી નીકળી ગયો હતો.ચાલકની એક ગફલતથી અન્ય બાળકોના જીવ જોખમમાયા હતા. ત્યારે ટ્રાફિકથી ભરચક રોડ પર રિવર્સમાં ચાલતી સ્કુલવાનનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે.આ પહેલા માંડવી શહેરની ખાનગી અંગ્રેજી શાળાના વિદ્યાર્થીઓને બપોરે છૂટા કર્યા બાદ ઘેર મૂકવા જતી સ્કૂલ વેન રંગચુલી પાસે પાણીના ચેમ્બરમાં ફસાઈ ગઈ, જેમાં વિદ્યાર્થીઓ વાહનમાં અટવાઈ ગયા હતા.

## સતલાસણામાં મમતા કાર્ડ યોજનામાં કૌભાંડની આશંકા

। (એજન્સી) મહેસાણા, તા.૧૧ ।

મહેસાણાના સતલાસણા તાલુકાના ખોડામલી ગામમાં મમતા કાર્ડ યોજનામાં કૌભાંડ થયું હોવાની આશંકા સેવાઈ રહી છે. લાભાર્થી મહિલાઓએ આક્ષેપ કર્યો છે કે ૫ વર્ષ વીતી ગયા હોવા છતાં તેમને હજુ સુધી આ યોજનાનો લાભ મળ્યો નથી. મમતા કાર્ડ યોજના હેઠળ સગર્ભા મહિલાઓને આર્થિક સહાય આપવામાં આવે છે. જેના માટે તેમની તમામ વિગતો એકત્ર કરવામાં આવે છે. પરંતુ ખોડામલી ગામની મહિલાઓએ જણાવ્યું કે તેઓએ ૫ વર્ષ પહેલાં મમતા કાર્ડ માટે અરજી કરી હતી, પરંતુ આજ દિવસ સુધી તેમને કોઈ સહાય મળી નથી. હવે સવાલ એ ઉઠી રહ્યો છે કે આ માટે કોણ જવાબદાર છે ? શું આ આશાવર્કર કે હેલ્થ વર્કરની બેદરકારી છે, કે પછી બીજું કોઈ કારણ છે ?

### અમદાવાદ અને મુંબઈમાં બનશે અદાણી હેલ્થ સિટી | મળશે સસ્તી અને વર્લ્ડક્લાસ મેડિકલ સુવિધા

# ગૌતમ અદાણીએ અદાણી હેલ્થ સિટી ના નિર્માણની જાહેરાત કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ અદાણી હેલ્થ સિટી ના નિર્માણની જાહેરાત કરી છે. તેનું કામ અદાણી ગ્રુપની નોન-પ્રોફિટ હેલ્થકેર આર્મ દ્વારા જોવામાં આવશે. ગૌતમ અદાણીની ‘સેવા એ સાધના, સેવા એ જ પ્રાર્થના અને સેવા એ ઈશ્વર છે’ની ફિલસૂફીને અનુરૂપ, અદાણી પરિવાર સમગ્ર ભારતમાં સમાજના તમામ વર્ગોના લોકોને સસ્તું અને વિશ્વ કક્ષાની તબીબી સંભાળ અને તબીબી શિક્ષણ પ્રદાન કરશે. પ્રથમ તબક્કામાં અમદાવાદ અને મુંબઈમાં બે અદાણી હેલ્થ સિટી બનાવવામાં આવશે. આ માટે અદાણી ગ્રુપ ૬,૦૦૦ કરોડ રૂપિયાથી વધુનું દાન આપશે. ગૌતમ અદાણી ભારતભરના શહેરો અને નગરોમાં આવા ઘણા આરોગ્ય શહેરો બનાવવાની યોજના ધરાવે છે. દરેક AHCમાં ૧,૦૦૦ બેડની મલ્ટી-સુપર-સ્પેશિયાલિટી હોસ્પિટલ, ૧૫૦ અંડરગ્રેજ્યુએટ્સ, ૮૦ રહેવાસીઓ અને ૪૦ ફેલો, સ્ટેપ-ડાઉન અને ટ્રાન્ઝિશનલ કેર સુવિધાઓ અને અત્યાધુનિક સંશોધન સુવિધાઓ સાથે વાર્ષિક ઈન્ટેક સાથે મેડિકલ કોલેજનો પણ સમાવેશ થશે. AHC



મેડિકલ ઈકોસિસ્ટમનો ઉદ્દેશ સમાજના તમામ લોકોની સેવા કરવાનો તેમજ દેશના ડોકટરોની આગામી પેઢીને તાલીમ આપવા, ક્લિનિકલ સંશોધન, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને બાયોમેડિકલ ઈન્ફોર્મેટિક્સને પ્રોત્સાહન આપવાનો છે. અદાણી ગ્રૂપે આ ઉદ્દેશ્યો હાંસલ કરવામાં મદદ કરવા માટે અમેરિકાના મેયો ક્લિનિક ગ્લોબલ કન્સલ્ટિંગ (મેયો ક્લિનિક) સાથે હાથ મિલાવ્યા છે. અદાણી ગ્રૂપના ચેરમેન ગૌતમ અદાણીએ જણાવ્યું હતું કે, બે વર્ષ પહેલાં, મારા ૬૦મા જન્મદિવસ પર ભેટ તરીકે મારા પરિવારે આરોગ્ય સંભાળ, શિક્ષણ અને કૌશલ્ય વિકાસમાં સુધારો કરવા માટે રૂ. ૬૦,૦૦૦ કરોડનું વચન આપ્યું હતું. આ યોગદાનના પરિણામે અદાણી હેલ્થ સિટીનો વિકાસ એ ઘણા મોટા પ્રોજેક્ટ્સમાંનો પહેલો પ્રોજેક્ટ છે જે ભારતીય સમાજના દરેક વર્ગના લોકોને સસ્તું, વિશ્વ-સ્તરીય આરોગ્યસંભાળ પૂરી પાડવા તરફ આગળ વધશે. વિશ્વની સૌથી મોટી સંકલિત બિન-નફાકારક તબીબી જૂથ પ્રેક્ટિસ, મેયો ક્લિનિક સાથેની ભાગીદારીમાં, જટિલ રોગોની સારવારને આગળ વધારવામાં અને ભારતમાં તબીબી નવીનતાને વધારવામાં મદદ કરશે. મેયો ક્લિનિક વિશ્વમાં ગમે ત્યાં સ્વતંત્ર આરોગ્ય સંભાળ પ્રદાતાઓની સ્થિતિ માટે તેની કુશળતા પ્રદાન કરે છે. અદાણી ગ્રુપનું મુખ્ય મથક અમદાવાદ, ભારતમાં છે. અદાણી ગ્રૂપ બંદરો, એરપોર્ટ, લોજિસ્ટિક્સ, શિપિંગ, રેલ, પાવર જનરેશન અને ડિસ્ટ્રિબ્યુશન, રિન્યુએબલ એનર્જી, ગેસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એગ્રી કોમોડિટીઝ, ખાદ્ય તેલ, ખાદ્ય ઉત્પાદનો, કોલ્ડ સ્ટોરેજ અને અનાજ સિલો, રિયલ એસ્ટેટ, જાહેર પરિવહન ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કન્ઝ્યુમર ફાઈનાન્સ અને અન્ય ક્ષેત્રોમાં સૌથી મોટું અને સૌથી ઝડપથી વિકસતું જૂથ છે.

### પોલીસે ૧૨ ગાડીઓ જપ્ત કરી લીધી

# સુરતમાં આલિશાન ગાડીઓના કાફલા સાથે સ્ટંટ કરનારા વિદ્યાર્થીઓ ફસાયા

### ધોરણ ૧૨ના ૩૫ વિદ્યાર્થીઓના ગ્રુપે સ્કૂલમાં યોજાનારી ફેરવેલ પાર્ટીમાં જવાના ઉત્સાહમાં આપીને લક્ઝૂરી કારનો મોટો કાફલો લઈને નીકળ્યા હતા

। (એજન્સી) સુરત, તા.૧૧ ।

સૂરતની એક પ્રખ્યાત સ્કૂલમાં ભણતા ધોરણ ૧૨ના ૩૫ વિદ્યાર્થીઓના ગ્રુપે સ્કૂલમાં યોજાનારી ફેરવેલ પાર્ટીમાં જવાના ઉત્સાહમાં આપીને લક્ઝૂરી કારનો મોટો કાફલો લઈને નીકળ્યા હતા. આ દરમ્યાન વિદ્યાર્થીઓએ કથિત રીતે રોડ પર તાંડવ મચાવ્યો અને ટ્રાફિકના નિયમોના ધજાગરા ઉડાવ્યા હતા. આ કિસ્સો ધ્યાનમાં આપતા પોલીસે હવે ૧૨ કારોને જપ્ત કરી લીધી છે. બોલીવુડ ફિલ્મ એનિમલના ગીત પર સેટ કરેલા કાફલાનો એક વીડિયો વાયરલ થયા બાદ પોલીસે સોમવારે કાર્યવાહી શરુ કરી. પોલીસે છાત્રો અને તેમના વાલીઓ વિરુદ્ધ ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરવા બાદ કાર્યવાહી કરતા ૨૬માંથી ૧૨ કાર સીઝ કરી લીધી છે.સ્કૂલમાં પોતાના અંતિમ દિવસને યાદગાર બનાવવા માટે બ્લેઝર અને કોટ સૂટ પહેરીને આવેલા વિદ્યાર્થીઓ મોંઘી ગાડીઓ લઈને સાથે ડ્રોન અને કેમેરાનો ઉપયોગ કરી વીડિયો બનાવ્યો હતો. વાયરલ વીડિયોએ લોકોમાં ગુસ્સો જગાવ્યો. સાથે જ ખતરનાક સ્ટંટ કરનારા આ સ્કૂલના વિદ્યાર્થીઓ વિરુદ્ધ પોલીસ કાર્યવાહી નથી કરતી તેવા સવાલો પણ ઊભા થયા હતા. આ ઘટના બાદ ડીસીપી ઝોન ૫ના રાકેશ બારોટએ કહ્યું કે, પોલીસે વાયરલ રીલથી ૨૬ કારની ઓળખાણ કરી લીધી છે. તેમાંથી ૧૨ કાર વિદ્યાર્થીઓના ઘરેથી સીઝ કરી છે, ૯ કાર શહેરની બહાર હતી, તેને ટૂંક સમયમાં સીઝ કરી દેવામાં આવશે અને પારિવાર કાર્યક્રમ માટે ઉપયોગમાં લેવાતી પાંચ કારને રાતના સમયે જપ્ત કરવાની આશા છે.

### સ્ટાફ નર્સની ૧૯૦૩ જગ્યાઓ માટે પરીક્ષા લેવામાં આવી હતી

# સ્ટાફ નર્સની પરીક્ષાને પણ નર્સિંગ ટ્રીટમેન્ટ’ની જરૂર

### તાજેતરમાં સ્ટાફ નર્સની ભરતીની પરીક્ષા યોજાઈ હતી, આ પરીક્ષામાં કૌભાંડ થયું હોવાનું માનવામાં આવે છે

। (એજન્સી) અમદાવાદ, તા.૧૧ ।

ગુજરાતમાં સરકારની પરીક્ષાઓ અને કૌભાંડો જાણે એકબીજાનો પર્યાય બની ગયા છે. કોઈને કોઈ સરકારી પરીક્ષા યોજાય તો સમજવાનું કે કૌભાંડ થયું જ સમજવું. આવું વધુ એક કૌભાંડ પ્રકાશમાં આવ્યું છે. તાજેતરમાં સ્ટાફ નર્સની ભરતીની પરીક્ષા યોજાઈ હતી. આ પરીક્ષામાં કૌભાંડ થયું હોવાનું માનવામાં આવે છે. રવિવારે સ્ટાફ નર્સની ૧૯૦૩ જગ્યાઓ માટે પરીક્ષા લેવામાં આવી હતી. ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીને આ પરીક્ષાની જવાબદારી સોંપવામાં આવી હતી. આરોગ્ય કમિશ્નરે સ્ટાફ નર્સની ભરતીની પરીક્ષાની આખી પ્રક્રિયાના સંચાલનની જવાબદારી જીટીયુને સોંપી હતી. હવે તેમા ગડબડ કે કૌભાંડ સામે આવ્યું છે. પરીક્ષાની આન્સર કી જાહેર થયા પછી આ પરીક્ષામાં કૌભાંડ અંગે શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ કૌભાંડની વાત બહાર આવતા સ્ટાફ નર્સની પરીક્ષા આપનારાઓમાં ઉમેદવારોમાં આક્રોશની લાગણી ફેલાઈ છે. સામાન્ય રીતે જ્યારે પણ પેપર સેટ બદલાય છેત્યારે સાચા જવાબો અને વિકલ્પોની સંખ્યા પણ બદલાય છે. ચારેય પેપર સેટમાં જવાબો એબીસીડીના ક્રમમાં હોવાથી એવો આરોપ મૂકવામાં આવી રહ્યો છે કે આ પ્રકારની સેટિંગ મનપસંદ કરવા માટે કરવામાં આવી રહી છે, જે પરીક્ષા કૌભાંડ પછી પ્રકાશમાં આવી હતી. આમ આન્સર કીના ક્રમના પગલે કૌભાંડની સંભાવના મજબૂત થઈ છે. તેની સાથે અમુક ઉમેદવારોને નોકરી પર લેવાનું સેટિંગ થયુ હોવાની શંકાએ વેગ પકડ્યો છે.

### ગાંધીનગરના ગિફ્ટ સિટી ખાતેથી લોન્ચીંગ કર્યુ

# ગુજરાત ગ્લોબલ કેપેબિલીટી સેન્ટર પોલિસી લોન્ચ થઈ

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૧ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત ગ્લોબલ કેપેબિલીટી સેન્ટર પોલિસી (૨૦૨૫-૩૦)નું ગાંધીનગરના ગિફ્ટ સિટી ખાતેથી લોન્ચીંગ કર્યુ હતુ. ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી દ્વારા આ GCC પોલિસી રાજ્યમાં હાઈ વેલ્યુ જોબ અને સ્કિલ ડેવલપમેન્ટ તેમજ ઈનોવેશન અને ડિજીટલ ટ્રાન્સફોર્મેશનને પ્રોત્સાહન આપવા સાથે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફેસેલિટીઝ અને કનેક્ટિવીટીમાં વધારો કરીને તેમજ આર્થિક વૃદ્ધિ અને વૈશ્વિક સ્પર્ધાત્મકતા જાળવી રાખીને ગુજરાતને પસંદગીનું GCC હબ તરીકે સ્થાપિત કરવા તૈયાર કરવામાં આવેલી છે. મુખ્યમંત્રીએ આ પોલિસીનું લોન્ચીંગ ગિફ્ટ સિટીના મેનેજીંગ ડિરેક્ટર તપન રે તેમજ નિતી આયોગના ડિરેક્ટર દેબજાની ઘોષ અને સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગના અગ્ર સચિવ મોના ખંધાર તથા આમંત્રીત ઉદ્યોગ સાહસિકોની ઉપસ્થિતીમાં કર્યુ હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પોલિસી ડ્રીવન સ્ટેટ તરીકે ગુજરાતમાં સેક્ટર સ્પેસીફિક પોલિસીઝ ફ્રેમવર્કથી નવા અને ઈમર્જીંગ સેક્ટરના ઉદ્યોગો માટે સાનુકુળ વાતાવરણ ઉભું કર્યુ છે. આ સંદર્ભમાં તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાનના પદચિહ્નો પર ચાલતાં વર્તમાન સરકારે પણ પાછલા ૩ વર્ષોમાં સેમીકન્ડક્ટર પોલિસી, ગ્રીન હાઈડ્રોજન પોલિસી, IT અને ITeS પોલિસી, ટેક્ષટાઈલ પોલિસી, રીન્યુએબલ એનર્જી પોલિસી તથા બાયોટેક્નોલોજી પોલિસી જેવી ઈમર્જીંગ સેક્ટર્સની અનેક પોલિસીઝ જાહેર કરી છે. રાજ્યના પોલિસી ડ્રીવન ગ્રોથની કડીમાં આગળ વધતાં હવે ૨૦૨૫થી ૩૦ના પાંચ વર્ષ માટે નવી ગુજરાત ગ્લોબલ કેપેબિલીટી સેન્ટર પોલિસીની તેમણે જાહેરાત કરી હતી. આ પોલિસીમાં નવા કેપેબિલિટી સેન્ટર્સ માટે રોજગાર સહાય, વ્યાજ સહાય, ઈલેક્ટ્રીસિટી રીએમ્બર્સમેન્ટ સહિત વિવિધ પ્રોત્સાહનો પણ આપવામાં આવ્યા છે. આ પોલિસીને પરિણામે રાજ્યમાં હવે ગ્લોબલ કેપેબિલીટી સેન્ટર્સ શરૂ કરવા માટેનો માર્ગ મોકળો થયો છે તેમ પણ તેમણે જણાવ્યું હતુ. ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ ડિજિટલ ટ્રાન્સફોર્મેશન, ઈનોવેશન અને બિઝનેસ રિજ઼લિઅન્સ ને મજબૂત બનાવવામાં મહત્વની ભૂમિકા નિભાવે છે તેનો ઉલ્લેખ કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યુ કે, શરૂઆતમાં કોસ્ટ સેવિંગ યુનિટ તરીકે બનાવવામાં આવેલા GCCs હવે સ્ટ્રેટેજીક ઈનોવેશન હબ બની ગયા છે અને ટેકનોલોજી, ફાઈનાન્સ, એનાલિટિક્સ એન્જીનિયરિંગ અને R&D જેવા વિવિધ ક્ષેત્રોમાં સેવાઓ પૂરી પાડે છે.

### એસટી કર્મચારીઓ માટે મોટો નિર્ણય લેવામાં આવ્યો

# એસટી વિભાગમાં ફરજ દરમિયાન જો કોઈ કર્મચારીનું નિધન થાય તો તેને અપાતી સહાયની રકમમાં વધારો

### હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટ કરી આ માહિતી આપી છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૧ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા એસટી કર્મચારીઓ માટે મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યકક્ષાના મંત્રી હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટ કરી આ માહિતી આપી છે. રાજ્ય સરકાર દ્વારા એસટી વિભાગના કર્મચારીઓના ચાલુ ફરજે થતાં નિધનમાં ચુકવવામાં આવતી સહાયમાં વધારો કર્યો છે. સરકારના આ નિર્ણયથી એસટી વિભાગમાં કામ કરતા લાખો કર્મચારીઓને ફાયદો થશે. રાજ્ય સરકારે ચાલુ ફરજ દરમિયાન નિધન પામતા કર્મચારીઓના પરિવારજનોને ચુકવવામાં આવતી સહાયમાં વધારો કર્યો છે. રાજ્ય સરકાર દ્વારા હવે એસટી વિભાગમાં ફરજ દરમિયાન જો કોઈ કર્મચારીનું નિધન થશે તો તેના પરિવારજનોને ૧૪ લાખ રૂપિયાની સહાય ચુકવવામાં આવશે. આ બાબતે ટૂંક સમયમાં વિગતવાર આદેશ પણ જાહેર કરવામાં આવશે. વાહન-વ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ લખ્યું- રાજ્યના સંવેદનશીલ માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા એસ.ટી. નિગમના કર્મચારીઓના પરિવારજનો માટે વધુ એક સંવેદનશીલ નિર્ણય લેવામાં આવેલ છે. નિગમના કર્મચારીના ચાલુ ફરજે અવસાનના કિસ્સામાં તેઓના સ્વજનોને હાલ ચૂકવતા આર્થિક



પેકેજમાં રૂ. ૮ થી ૧૦ લાખ જેટલો વધારો કરીને તેઓને રાજ્ય સરકારના કર્મચારીઓને ચૂકવતા પેકેજ જેટલું એટલે કે રૂ.૧૪ લાખ આપવાનો નિર્ણય લેવામાં આવેલ છે. આ બાબત ટૂંક સમયમાં વિગતવાર આદેશો જારી કરવામાં આવશે.રાજ્યના સંવેદનશીલ માનનીય મુખ્યમંત્રીશ્રી @Bhupendrapbjp S દ્વારા એસ.ટી. નિગમના કર્મચારીઓના પરિવારજનો માટે વધુ એક સંવેદનશીલ નિર્ણય લેવામાં આવેલ છે. નિગમના કર્મચારીના ચાલુ ફરજે અવસાનના કિસ્સામાં તેઓના સ્વજનોનેપ એસટી વિભાગમાં ફરજ બજાવતા કર્મચારીઓનું જો ફરજ દરમિયાન નિધન થાય તો તેમના પરિવારજનોને પહેલા ૪થી ૬ લાખ રૂપિયા સહાય ચુકવવામાં આવતી હતી. પરંતુ રાજ્ય સરકારે આ સહાયમાં હવે આઠ લાખ રૂપિયા જેટલો વધારો કર્યો છે.

### બેન્ક એકાઉન્ટની વિગતો મંગાવીને રૂ.૧.૧૬ લાખ પડાવ્યા

# અમદાવાદના કાલુપુરની મહિલા ડિજિટલ એરેસ્ટનો ભોગ બની

### કાલુપુર પોલીસે ફરિયાદ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી

।(એજન્સી) અમદાવાદ, તા.૧૧।

અમદાવાદમાં કાલુપુરની યુવતી ડિજિટલ એરેસ્ટનો ભોગ બની છે. જેમાં દિલ્હી ક્રાઈમબ્રાંચ અને સીબીઆઇ અધિકારીની ઓળખ આપીને સાયબર ગઠિયાઓએ તમારા બેંક એકાઉન્ટમાં ડ્રગ્સના લે-વેચના ટ્રાન્ઝેક્શન થયા છે કહીને ડરાવી ધમકાવી હતી અને બનાવટી એરેસ્ટ વોરંટ અને નોટિસ વોટસએપ ઉપર મોકલ્યા બાદ બેંક એકાઉન્ટની વિગતો મંગાવીને રૂ.૧.૧૬ લાખ પડાવ્યા હતા. આ બનાવ અંગે કાલુપુર પોલીસે ફરિયાદ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. કાલુપુરમાં રહેતી મહિલાએ કાલુપુર પોલીસ સ્ટેશનમાં દિલ્હી ક્રાઈમબ્રાંચ અધિકારી તથા સુનિલકુમાર ન્યૂ દિલ્હી વસંતકુંજ પોલીસ સ્ટેશન અધિકારી અને અનિલ યાદવ સીબીઆઇ અધિકારીની ઓળખ આપનારા સામે ફરિયાદ નોંધાવી છે કે અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો અને પોતે દિલ્હી ક્રાઈમ બ્રાન્ચમાંથી બોલે છે અને તમારા બેંક એકાઉન્ટમાં ડ્રગ્સની લે-વેચના ટ્રાન્ઝેક્શન મળ્યા છે અને તમારા ૨૦ ડેબિટકાર્ડ તથા પાસપોર્ટ જપ્ત કર્યા છે કહેતા યુવતી ડરી ગઈ હતી. થોડીવારમાં અજાણ્યા નંબર ઉપરથી વોટ્સએપ વીડિયો કોલ આવ્યો હતો. તેણે મહિલાને ડરાવીને આધારકાર્ડ મંગાવ્યા બાદ મહિલાને એરેસ્ટ વોરંટ અને નોટિસ મોકલી હતી. ગઠિયાઓએ સીબીઆઈના અધિકારીની ઓળખ આપીને તમને ડિજિટલ એરેસ્ટ કરવામાં આવે છે કહીને ઘર લોક કરાવ્યું હતુ અને મોબાઈલ સામે મુકાવ્યો હતો. ત્યારબાદ મહિલાને તેમના બેંકના ખાતા વિશેની પૂછપરછ કરી હતી. બાદમાં આરોપીએ તમારું બેંક એકાઉન્ટ તપાસ માટે આરબીઆઈમાં વેરિફિકેશન માટે મોકલવાનું છે. જેના સિક્યુરિટી ચાર્જ પેટે બેંકના ખાતામાં રહેલા પૈસા હાલ ભરવા પડશે જે વેરિફિકેશન બાદ રિફંડ મળી જશે કહી મહિલાના ખાતામાંથી બે ટ્રાન્જેક્શન દ્વારા એક લાખ રૂપિયા પડાવ્યા હતા.

### સીબીઆઈ કોર્ટે રૂ.૧.૫ લાખનો દંડ પણ ફટકાર્યો

# અમદાવાદની બેંક ઓફ ઈન્ડિયાના તત્કાલીન ચીફ મેનેજરને 3 વર્ષની જેલ

### મૂલ્યવાન સિક્યોરીટીની બનાવટ કરવા તેમજ ભ્રષ્ટાચાર નિવારણ કાયદા હેઠળ ગુનાહિત ગેરવર્તણૂકના ગુના માટે કેસ નોંધ્યો હતો

। (એજન્સી) અમદાવાદ,તા.૧૧ ।

અમદાવાદ સ્થિત સીબીઆઈ કેસ માટેના ખાસ ન્યાયાધીશે બેંક છેતરપિંડીના એક કેસમાં બેંક ઓફ ઈન્ડિયા, એસએમ રોડ શાખા, અમદાવાદના તત્કાલીન ચીફ મેનેજર આરોપી જીવનગીન શ્રીનિવાસ રાવને ૧.૫ લાખ રૂપિયાનો દંડ અને ૩ વર્ષ કેદની સજા ફટકારી છે. સીબીઆઈએ ૩૦ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ બેંક ઓફ ઈન્ડિયા, એસએમ રોડ બ્રાન્ચ, અમદાવાદના તત્કાલીન ચીફ મેનેજર અને અન્ય લોકો સામે છેતરપિંડી, ક્રેડિટ સુવિધા/લોન મેળવવા માટે બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરવો, મૂલ્યવાન સિક્યોરીટીની બનાવટ કરવા તેમજ ભ્રષ્ટાચાર નિવારણ કાયદા હેઠળ ગુનાહિત ગેરવર્તણૂકના ગુના માટે કેસ નોંધ્યો હતો. આ ઉપરાંત એવો પણ આરોપ મૂકવામાં આવ્યો હતો કે આરોપી ખાનગી વ્યક્તિઓએ નકલી કોલેટરલ સિક્યોરિટી રજૂ કરી હતી અને મશીનરીના સપ્લાયરના નામે ખાતું પણ ખોલાવ્યું હતું. તેમજ મશીનરી ખરીદવા માટે બેંકમાંથી જારી કરાયેલા ઉપરોક્ત ખાતામાં ચેક જમા કરાવ્યો હતો. આરોપી જાહેર સેવકે ક્રેડિટ સુવિધા મંજૂર કરતી વખતે યોગ્ય તપાસ કરી ન હતી અને ઉધાર લેનાર દ્વારા રજૂ કરાયેલ નકલી કોલેટરલ સિક્યોરિટી સંબંધિત દસ્તાવેજોનો પણ નાશ કર્યો હતો. તપાસ દરમિયાન, એવું પણ બહાર આવ્યું કે આરોપી જાહેર કર્મચારી જે.એસ.રાવે ષડયંત્ર અંતર્ગત આરોપીઓને ૩૦ લાખ રૂપિયાની કાર્યકારી મૂડી, ૨૫ લાખ રુપિયાની એલસી અને ૨૫ લાખ રૂપિયાની ટર્મ લોન તરીકે બનાવટી અને બોગસ કોલેટરલ સિક્યોરિટીના આધારે લોન મંજૂર કરી હતી. આ રીતે બેંકને ખોટું નુકસાન પહોંચાડ્યું અને લાભાર્થીને ૮૦ લાખ રૂપિયાનો ખોટો ફાયદો કરાવ્યો હતો. આ ઉપરાંત એવો પણ આરોપ લગાવ્યો કે આરોપી જે.એસ. રાવે લોન આપતી વખતે આરોપી ખાનગી પેઢી અને તેની વ્યવસાયિક પ્રવૃત્તિઓ વિશે યોગ્ય પૂર્વ-મંજૂરી અને પછીની પૂછપરછ કરી ન હતી. આરોપી જે.એસ. રાવના ગુનાહિત કૃત્યોથી એ હકીકત પ્રકાશમાં આવી હતી કે ડિફોલ્ટર આરોપી ખાનગી પેઢી દ્વારા આપવામાં આવેલી કોઈપણ નવી સિક્યોરિટીઝ સ્વીકારતી વખતે વધુ કાળજી લેવાની જરૂર હતી. જ્યારે તેમને સ્પષ્ટ થઈ ગયું હતું કે ખાનગી પેઢીએ અગાઉ કોલેટરલ સિક્યોરિટીના બોગસ દસ્તાવેજો રજૂ કર્યા હતા. જો કે ગુનાહિત ષડયંત્રને આગળ ધપાવવા માટે આરોપી જે.એસ. રાવે ગાંધીનગરના કલોલ તાલુકાના વાયણા ગામનો બોગસ પ્લોટ ગીરો લીધો હતો.


